प्रथम वर्ष

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – 5 (A)

## પદ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુ :ગુજરાતી (ધોરણ: 1 થી 5)

જીસીઈઆરટી, વિદ્યાભવન,
ઉદ્યોગભવન સામે, સેક્ટર–12, ગાંધીનગર

આવૃત્તિ
2020

## કન્વીનર
શ્રી વાય કે.પટેલ

## વિષય સલાહકાર
શ્રી ગજેન્દ્રકુમાર જોશી

## લેખન–સંપાદન
શ્રી દિનેશ ભાભોર
શ્રી કિશોરભાઈ રાવલ
ડૉ. સંતોષ દેવકર
શ્રી અમિત રવાણી

## સમીક્ષા
શ્રી કિશોર પાર્થ

## નિર્માણ સંયોજન
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## સહયોગ
લેંગ્વેજ એન્ડ લર્નિંગ
ફાઉન્ડેશન (LLF)

# પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ ક્ષતિરહિત બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઈઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| ૧ | માતૃભાષાના અભ્યાસક્રમનું સ્વરૂપ અને વિકાસાત્મક આવર્તન | 3 |
| ૨ | ગુજરાતી અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ | 19 |
| ૩ | માતૃભાષા શિક્ષણનું મૂલ્યાંકન | 60 |
| ૪ | વ્યાકરણ શિક્ષણ | 76 |
| ૫ | ગુજરાતી વિષયવસ્તુ ધોરણ 1 થી 5 | 88 |

# એકમ–૧ માતૃભાષાના અભ્યાસક્રમનું સ્વરૂપ અને વિકાસાત્મક આવર્તન

**1.1.માતૃભાષાના અભ્યાસક્રમનું સ્વરૂપ**


**1.1.1** પ્રસ્તાવના

**1.1.2** માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્રમના ઉદ્દેશો

**1.1.3** હેતુકેન્દ્રી અભ્યાસક્રમનો અર્થ

**1.1.4** માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્રમનું મહત્ત્વ

**1.1.5** હેતુઓ

**1.1.6** પ્રવૃત્તિઓ

**1.1.7** સારાંશ

**1.1.8** સમજ ચકાસતા પ્રશ્નો

**1.1.9** સ્વાધ્યાય

**1.1.10** સંદર્ભ સૂચિ

**1.1.11** પ્રાયોગિક કાર્ય


**1.1.1 પ્રસ્તાવના** :

"અભ્યાસક્રમ એ સામાજિક મુક્તિનું સૌથી અગત્યનું સાધન છે. જેનાથી લોકશાહીમાં નાગરિકો વચ્ચે સમાનતાનો જુસ્સો કેળવી શકાય, જાળવી શકાય અને સાચવી શકાય."

**-રાધાકૃષ્ણન સમિતિના અહેવાલમાંથી**

શિક્ષણ વ્યક્તિના સમગ્ર વિકાસ માટે છે. સમગ્ર વિકાસ એટલે વયકક્ષાનુસાર શારીરિક, માનસિક, સામાજિક અને સાંવેગિક એમ સર્વાંગી વિકાસ.

**શારીરિક વિકાસ:** સ્વાસ્થ્ય .કુશળતા અને તિતિક્ષાની પ્રાપ્તિ ,સ્થિરત્વ ,લવચિકતા ,દ્રઢતા ,બળ ,

- **માનસિક વિકાસ:** એકાગ્રતા, ગ્રહણશક્તિ, વિચારશક્તિ, આકલન શક્તિ, વિવેક શક્તિ, સ્મૃતિ શક્તિ, ઇચ્છાશક્તિ, ભાવના શક્તિ વગેરે ઉપરાંત હકારાત્મક ભાવોમાં વૃદ્ધિ.
- **સામાજિક વિકાસ:** અન્ય લોકો સાથે સામંજસ્યપૂર્ણ, સમરસ સંબંધ કેળવવા, સમાજના રીત–રિવાજ, પરંપરાઓ, વ્યવસાયો અને સાર્વજનિક વ્યવસ્થાઓનું સારાસાર સાથેનું જ્ઞાન, વિવિધ ધર્મ – સંસ્કૃતિઓનું જ્ઞાન અને તેમના પ્રત્યે કૃતજ્ઞતા અને પ્રેમભાવ તથા દેશદાઝ સાથે વૈશ્વિક દ્રષ્ટિકોણની ખિલવણી.

❖ **સાંવેગિક વિકાસ:** પ્રેમ, આનંદ, શાંતિ, અભય, સ્વતંત્રતા, સહજતા, અનાસક્તિ, વગેરે સાથે સર્જનશીલતાનો વિકાસ.

શિક્ષણનો સમગ્ર વિચાર વ્યક્તિના સર્વાંગી વિકાસની ઉપરોક્ત સંકલ્પનાને અનુરૂપ ખૂબ વ્યાપક રીતે થાય છે. તે માટે વિવિધ વિષયો વિચારાયા છે. વળી જે તે વિષય દ્વારા વિકાસની જે જે તકો હોય તે મુજબ વયકક્ષાનુસાર અધ્યયન ઉપલબ્ધિઓ નક્કી થાય છે. આ અધ્યયન ઉપલબ્ધિઓ હાંસલ કરવા શું શું શીખવવું, કઇ પદ્ધતિ પ્રયોજવી, શાળામાં ને શાળા બહાર કેવા અધ્યયન અનુભવો પૂરા પાડવા, કેવી કેવી પ્રવૃત્તિઓ કરાવવી, કયાં શૈક્ષણિક સાધનો વાપરવાં. તે દ્વારા અધ્યેતાનો નિશ્ચિત વિકાસ થયો કે નહીં તેની ચકાસણી કરવી. ન થયો હોય તો પુન: વિચારણા કરવી.... આવી બધી જ વ્યવસ્થાઓના સુગ્રથિત સંકલનને અભ્યાસક્રમ કહેવામાં આવે છે. અભ્યાસક્રમ એ ખૂબ જ વ્યાપક વિચારણા છે, વિશાળ છે.

શિક્ષણના વિવિધ વિષયોમાં માતૃભાષાનો વિષય સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. ભાષા એ મનુષ્યને મળેલું એક વિશેષ વરદાન છે. NCF-2005માં પણ વૈશ્વિક કક્ષાએ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી માતૃભાષાના મહત્ત્વને સ્પષ્ટ કરવામાં આવ્યું છે. વળી જ્યારે શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોય ત્યારે અન્ય વિષયોના અધ્યયન–અધ્યાપનમાં માતૃભાષાનું મહત્ત્વ તો ઘણું વધી જાય છે. તેથી જ વિદ્યાર્થીઓ માતૃભાષાનું શિક્ષણ યોગ્ય રીતે મેળવે તે અપેક્ષિત છે. વિદ્યાર્થીના બૌદ્ધિક, સાંસ્કૃતિક, વૈયક્તિક, અને સામાજિક વિકાસમાં માતૃભાષા અગત્યનો ભાગ ભજવે છે. આ બધા જ મુદ્દાઓની ચર્ચા પ્રથમ સત્રમાં સવિસ્તર કરવામાં આવી છે. અહીં આપણે માતૃભાષાના પ્રવર્તમાન અભ્યાસક્રમના સ્વરૂપની અને મહત્ત્વની ચર્ચા કરીશું.

### 1.1.2 માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્રમના ઉદ્દેશો :

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસ હેતુઓ નીચે મુજબ છે .

- માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્ર્મનું મહત્ત્વ જાણે.
- માતૃભાષાના હેતુઓથી પરિચિત થાય.
- માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્ર્મમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓની જાણકારી મેળવે.

### 1.1.3 હેતુકેન્દ્રી અભ્યાસક્રમનો અર્થ :

કેળવણી એ માનવ વિકાસનું કાર્ય કરે છે. તેના દ્વારા વ્યક્તિના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન થાય છે. તેથી શિક્ષણની પ્રક્રિયામાં સૌ પ્રથમ શિક્ષણ શા માટે આપવું છે તેનો વિચાર થાય છે. આ શા માટેની વિચારણા એટલે શિક્ષણના હેતુઓ. આ હેતુઓ અને તેમની સિદ્ધિ માટે કરવાના તમામ પ્રયત્નો અને ધ્યાનમાં રાખવાની તમામ બાબતોને અભ્યાસક્રમ તરીકે ઓળખવામાં આવે છે.માતૃભાષાનો પ્રવર્તમાન અભ્યાસક્રમ ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને થયો છે. આ હેતુઓને

જ સિદ્ધ કરવા માતૃભાષાના પાઠ્યપુસ્તકમાં જુદી જુદી કૃતિઓ પસંદ થઇ છે. શિક્ષકોએ પાઠ્યપુસ્તકોમાંની કૃતિનું અધ્યયન કરાવતાં યાદ રાખવાનું હોય છે કે કૃતિ તો માત્ર માધ્યમ છે. કૃતિની વસ્તુના માધ્યમથી ભાષા શિક્ષણના કયા હેતુ સિદ્ધ કરવાના છે અને કયાં ભાષાકીય કૌશલ્યો વિકસાવવાનાં છે તે બાબત જ સતત નજર સમક્ષ રાખવાની છે. પ્રત્યક્ષ અનુભવો દ્વારા ક્રિયાત્મક શિક્ષણ આપીને વિદ્યાર્થીને જ્ઞાનનો સર્જક બનાવવાનો છે. સ્થાનિક પર્યાવરણમાંથી ઉપલબ્ધ સામગ્રીનો શૈક્ષણિક સામગ્રી તરીકે ઉપયોગ કરી વિદ્યાર્થીને સંકલ્પનાના સ્પષ્ટીકરણની દિશામાં આગળ વધારવાનો છે. દરેક કૃતિના અંતે વિવિધ સ્વરૂપે પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે તે તમામ પ્રવૃત્તિઓ દ્વારા ભાષાના હેતુઓની સિદ્ધિની જ મથામણ કરવાની છે. અધ્યાપન કાર્યની સાથે સાથે જ મૂલ્યાંકન કાર્ય થશે. મૂલ્યાંકન દરમિયાન પણ જે તે નિશ્ચિત હેતુઓની ઉપલબ્ધિ થઇ કે નહીં તે જ ચકાસવાનું હોય છે. આમ અભ્યાસક્રમના કેન્દ્રમાં હેતુઓ છે. જેને હેતુકેન્દ્રી અભ્યાસક્રમ કહેવામાં આવે છે. માતૃભાષાનો અભ્યાસક્રમ મુખ્ય પાંચ હેતુઓ અને તે હેતુઓ દ્વારા પ્રાપ્ત કરવાની અધ્યયન ઉપલબ્ધિઓને આધારે ઘડાયો છે.

### 1.1.4 **માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્રમનું મહત્ત્વ :**

માતૃભાષાના હેતુકેન્દ્રી અભ્યાસક્રમથી નીચેના જેવા કૌશલ્યોનો વિકાસ થાય છે

- આસપાસનું વાતાવરણ,ઘટના કે પરિસ્થિતિનું અર્થગ્રહાણ કરી શકે છે.
- પોતાના વિચારોને ચોક્કસ દિશામાં અભિવ્યક્ત કરી શકે છે.
- સરળતાથી પ્રત્યાયન કરી શકે છે.
- વ્યાવહારિક ઉપયોજન થકી પોતાની છબી ઉપસાવી શકે છે.
- સ્વતંત્ર લેખન કરી શકે છે.
- સમીક્ષાત્મક અને તુલનાત્મક કૌશલ્યોનો વિકાસ કરે છે.
- તાર્કિક ચિંતન કરી સમજપૂર્વકનું જીવન જીવી શકે છે.
- મૌલિક સર્જન કરી જીવનને ઉન્નત બનાવી શકે છે.

### 1.1.5 **હેતુઓ :**

'ગુજરાતીમાં પ્રાવીણ્ય' પુસ્તકના પહેલા પ્રકરણ– 'ભાષા અને તેના કૌશલ્યો' માં આપેલ વિગતો ફરી જોઈ જાઓ. ભાષાના અસરકારક ઉપયોગી ક્ષમતા કેળવવા.

માતૃભાષાના પ્રવર્તમાન અભ્યાસક્રમના મુખ્ય પાંચ હેતુઓ આ મુજબ છે.

**(1)** અર્થગ્રહણ

**(2)** અભિવ્યક્તિ અને પ્રત્યાયન

**(3)** સર્જનાત્મકતા

**(4)** વ્યાવહારિક ઉપયોજન

**(5)** તાર્કિક ચિંતન

**(1) અર્થગ્રહણ** :

સાંભળીને, જોઇને, વાંચીને કે અનુભૂતિના માધ્યમથી જે તે બાબત સાચી રીતે રીતે સમજાય તેને અર્થગ્રહણ કહે છે. ભાષાશિક્ષણનો ઘણો જ મહત્ત્વનો હેતુ અર્થગ્રહણ છે. અનુકરણ, અવલોકન, અનુભવ અને સતત વ્યવહારમાં ઉપયોગ (મહાવરા)થી ભાષા શીખાય છે. આ બધા માટે સાંભળવું અને વાંચવું અનિવાર્ય છે. કોઇ બોલે છે તેને સાંભળીને તે શું કહેવા માંગે છે તે સ્પષ્ટ સમજાય અને વાંચન દ્વારા વાચન સામગ્રીમાં સમાયેલ લાગણી, સંવેદના, વિચાર કે મંતવ્યની સ્પષ્ટ સમજ મળે તેને અર્થગ્રહણ કહેવાય છે. ટૂંકમાં સમજપૂર્વકના શ્રવણ અને વાચનને અર્થગ્રહણ કહે છે.

અર્થગ્રહણ એ અભિવ્યક્તિનો પાયો છે. અર્થગ્રહણથી જ વિચારશક્તિ વધે છે. અર્થગ્રહણ વિના ભાષાશિક્ષણ માટે થતા બધા જ પ્રયત્નો વ્યર્થ જાય છે. સાંભળીને, જોઇને વાંચીને કે અનુભૂતિના માધ્યમથી જે તે બાબત સાચી રીતે રીતે સમજાય તેને અર્થગ્રહણ કહે છે ભાષાશિક્ષણનો ઘણો જ મહત્ત્વનો હેતુ અર્થગ્રહણ છે. અનુકરણ, અવલોકન, અનુભવ અને સતત વ્યવહારમાં ઉપયોગ (મહાવરા)થી ભાષા શીખાય છે. આ બધા માટે સાંભળવું અને વાંચવું અનિવાર્ય છે. કોઇ બોલે છે તેને સાંભળીને તે શું કહેવા માંગે છે તે સ્પષ્ટ સમજાય અને વાંચન દ્વારા વાચન સામગ્રીમાં સમાયેલ લાગણી સંવેદના વિચાર કે મંતવ્યની સ્પષ્ટ સમજ મળે તેને અર્થગ્રહણ કહેવાય છે. ટૂંકમાં સમજપૂર્વકના શ્રવણ અને વાચનને અર્થગ્રહણ કહે છે.

અર્થગ્રહણ એ અભિવ્યક્તિનો પાયો છે. અર્થગ્રહણથી જ વિચારશક્તિ વધે છે. અર્થગ્રહણ વિના ભાષાશિક્ષણ માટે થતા બધા જ પ્રયત્નો વ્યર્થ જાય છે.

(**2**) **અભિવ્યક્તિ અને પ્રત્યાયન** :

અભિવ્યક્તિ અને પ્રત્યાયન એ પણ ભાષાશિક્ષણનું મહત્ત્વનું લક્ષ્ય છે. વિચારો, અનુભવો, ભાવો, જરૂરિયાતો અને ઇચ્છાઓને મૌખિક, લેખિત અથવા સાંકેતિક રૂપે વ્યક્ત કરવામાં આવે તેને અભિવ્યક્તિ કહે છે. અભિવ્યક્તિ એ જીવનનું અવિભાજ્ય અંગ છે. ભાષાના કથનનાં અને લેખનનાં કૌશલ્યો હસ્તગત કરવાથી અભિવ્યક્તિ સબળ અને સશક્ત બને છે. મનમાં ઉદ્ભવતા વિચારો, ચિંતનો, માન્યતાઓ, મંતવ્યો, અવનવી લાગણીઓ, સંવેદનાઓ વગેરેને સામી વ્યક્તિ સમજી શકે તેટલું સ્પષ્ટ બોલીને કે લખીને વ્યક્ત કરવાની કુશળતા કેળવવાનું આ હેતુમાં અભિપ્રેત છે. એક વ્યક્તિ જે કાંઇ કહેવા–કથવા માગે છે તે બીજી વ્યક્તિ યથાતથ સમજી શકે તેને પ્રત્યાયન કહે છે. પ્રત્યાયન એ આદાન–પ્રદાનની પ્રક્રિયા છે. શિક્ષણકાર્ય માટે અને ખાસ તો સમાજજીવન માટે પ્રત્યાયન થવું અનિવાર્ય છે.

**(3) સર્જનાત્મકતા** :

કોઈ અપરિચિત બાબતને પ્રકાશમાં લાવવી, કોઈ નવી વસ્તુનું નિર્માણ કરવું, કોઈ જૂની વસ્તુમાં નવીનતા ઉમેરવી… આ બધી બાબતોને સર્જનાત્મકતા કહે છે. સર્જનાત્મકતા એ મનુષ્યને મળેલું વરદાન છે. જીવનમાં કોઈ ને કોઈ તબક્કે વ્યક્તિ કશું ને કશું સર્જન કરતી હોય છે. ભાષામાં સર્જનાત્મક્તાનું ઘણું મહત્ત્વ છે. ભાષાના નાવીન્યપૂર્ણ અને કલાત્મક ઉપયોગ દ્વારા વ્યક્તિ પોતાના આંતરિક સંવેદનો અને ભાવોને મૌલિક રીતે અભિવ્યક્ત કરે છે. આ મૌલિક અભિવ્યક્તિ તે સર્જનાત્મક્તા. સાહિત્યકારોનું સાહિત્યિક સર્જન તેનું ઉત્તમ ઉદાહરણ છે. જો કે પ્રત્યેક વિદ્યાર્થીને લેખક અથવા કવિ બનાવવાનું આ હેતુનું લક્ષ નથી અને એવું શક્ય પણ નથી. પરંતુ વિદ્યાર્થી ભાષાને આત્મસાત કરી કશીક સર્જનાત્મક્તા દાખવે તે અપેક્ષા છે. વિદ્યાર્થી જ્ઞાનનો ઉપભોક્તા જ નથી, તે તો જ્ઞાનનો સર્જક છે. ત્યારે તે સર્જનશીલતા તરફ વળે અને પોતાના જીવનને ઉન્નત બનાવે તથા સાથે સાથે ભાષાનો પણ વિકાસ કરે એવું દર્શાવતો ભાષાશિક્ષણનો આ મહત્ત્વનો હેતુ છે.

(4) **વ્યાવહારિક ઉપયોજન** :

કોઈ પણ વિષયનું સંપૂર્ણ ઔપચારિક શિક્ષણ મેળવી લીધા પછી મેળવેલા જ્ઞાન, માહિતી, સમજ વગેરેનો વ્યવહારમાં ઉપયોગ કરવાની ક્ષમતા કેળવાય તે જ મહત્ત્વનું છે, ત્યારે જ શિક્ષણ સાર્થક થયું ગણાય. પ્રવર્તમાન અભ્યાસક્રમમાં આ હેતુ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. આપણા રોજબરોજના જીવનમાં ભાષાનો સાચો અને પ્રભાવી ઉપયોગ થાય તેને ભાષાના સંદર્ભમાં વ્યાવહારિક ઉપયોજન કહેવામાં આવે છે. આપણો રોજિંદો જીવનવ્યવહાર ભાષા દ્વારા જ ચાલે છે. ભાષામાં શબ્દભંડોળ, ભાષાની વ્યવસ્થાનું માળખુ અને ભાષિક તત્ત્વોની પરખ દ્વારા ભાષાને હસ્તગત કરી તેનો સાર્થક ઉપયોગ કરવાની ક્ષમતા કેળવવાનો આ હેતુનો નિર્દેશ છે.

**(5) તાર્કિક ચિંતન :**

કોઈ પણ ઘટનાના સંદર્ભમાં કાર્યકારણ સંબંધો બાબતે મનન કરવું, તર્કપૂર્ણ વિચારવું, બુદ્ધિપૂર્વક અનુમાનો કરવાં વગેરેને તાર્કિક ચિંતન કહે છે. તાર્કિક ચિંતન એ વૈજ્ઞાનિક અભિગમ આધારિત માનસિક પ્રક્રિયા છે. આ રીતે જોતાં તાર્કિક ચિંતન તે મહત્ત્વનું કૌશલ્ય છે. તે ભાષાને તો કસે જ છે, સાથે સાથે વ્યક્તિની બૌદ્ધિક ક્ષમતાને પણ કસે છે. તાર્કિક ચિંતન દ્વારા વિદ્યાર્થીની જિજ્ઞાસા, કુતૂહલ, કલ્પના, ધારણા વગેરેનું ઉદાત્તીકરણ થાય છે. વ્યકિત માહિતીનું યોગ્ય પૃથક્કરણ કરી શકે છે. આપણને અનુભવો દ્વારા શિક્ષણ મળે છે, પછી શિક્ષણ આ અનુભવોને અનુભૂતિમાં ફેરવે છે પણ આ બધાના પાયામાં તાર્કિક ચિંતન છે.

ધોરણ 1 થી 5 ના ભાષા શિક્ષણના ઉપરોકત હેતુઓને ધ્યાનમાં રાખી આપણે નીચે જેવી પ્રવૃત્તિઓ કરવાનું વિચારીશું.

### 1.1.6 અર્થગ્રહણ માટેની પ્રવૃત્તિઓ:

ભાષાશિક્ષણના ઉપરોક્ત હેતુઓની સિદ્ધિ માટે કેટલીક પ્રવૃત્તિઓ અનિવાર્ય છે. જે અભ્યાસક્રમનો ભાગ છે. તેથી ધોરણ 1 થી 5 ના હેતુઓને ધ્યાનમાં રાખી નીચે જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય.

❖ **પ્રવૃત્તિઓ:**

- વર્ગ સમિતિના કાર્યક્રમો
- ઉખાણાંના ઉત્તરો કઢાવવા
- વિવિધ તહેવારોની ઉજવણી
- વાર્તા શ્રવણ વાર્તા વાચન /
- ચિત્રવાચન
- કવિતાની ઓડિઓ કેસેટનું શ્રવણ
- ટી.વી. /ચર્ચાસભાનું શ્રવણ
- શ્રુત લેખન સ્પર્ધા
- ગદ્યાર્થગ્રહણ, પદ્યાર્થગ્રહણ

❖ **અભિવ્યક્તિ અને પ્રત્યાયન અંગેની પ્રવૃત્તિઓ :**

- શિક્ષકના નિરીક્ષણ હેઠળ શબ્દ વાચન
- એકમોનું સસ્વર ભાવવાહી વાચન ,
- અગાઉ વાંચેલ વિગતોની રજૂઆત
- વાચન હરીફાઈઓ
- પસંદગીની વાર્તાઓનું વર્ગ સમક્ષ વાચન ચિત્રવર્ણન /
- સમાચાર પત્રો, સામયિકો વગેરેની વાચન હરીફાઈ
- વાર્તાકથન સ્પર્ધાઓ
- વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ
- અભિનય ગીત કે ગીત સ્પર્ધા
- કાવ્યગાન સ્પર્ધા
- પરિચિત સ્થળો, પરિચિત વસ્તુઓનું વર્ણન
- સંવાદોનો રોલ પ્લે
- સમાચારનું લેખન
- જોડણીની રમત

- **સર્જનાત્મકતા અંગેની પ્રવૃત્તિઓ :**
  - પ્રસંગ વર્ણન સ્પર્ધા
  - મુદ્દા પરથી વાર્તાકથન
  - જોડકણાંની રચના
  - લેખન  હરીફાઈ
  - ઉચ્ચારમાં સરખા પ્રાસવાળી શબ્દ રમત.
  - નિબંધ લેખન સ્પર્ધા
  - શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા
  - ચિત્રવર્ણન સ્પર્ધા
  - શબ્દચિત્ર અને વાક્ય રચના સ્પર્ધા
  - વાત-ચીત કે સંવાદ

- **વ્યાવહારિક ઉપયોજન અંગેની પ્રવૃત્તિઓ :**
  - સમાનાર્થી શબ્દ રમત શબ્દકોશનો ઉપયોગ/
  - વિરોધી શબ્દો શોધવાની રમત.
  - પત્રલેખનઅહેવાલ લેખન ,
  - લિંગ પરિવર્તન
  - વચન પરિવર્તન
  - રૂઢિપ્રયોગના વાક્યપ્રયોગ
  - પુસ્તકાલયનો ઉપયોગ ( ઇતર વાચન)
  - પરિચિત સ્થળ અંગે ચર્ચા
  - વિવિધ પ્રાદેશિક બોલીના અર્થો કે સમજ આપવાની રમત
  - યોગ્ય વાક્યરચના કે વિરામ ચિહ્નોની રમત
  - ચિત્રો આધારિત વાર્તાકથન

- **તાર્કિક ચિંતન અંગેની પ્રવૃત્તિઓ :**
  - વિવિધ પરિસ્થિતિમાં તમે શું કરશો ?(સમસ્યા ઉકેલ )
  - અધૂરી વાર્તા કે નાટકને પૂર્ણ કરવું
    અધુરાં વાક્યો પૂર્ણ કરવાં
  - શબ્દો - વાક્યો કે વસ્તુના સારા-નરસા ભેદ તારવવાની રમત

- પ્રશ્નોત્તરી
- અપરિચિત શ્રવણ કે વાચન સામગ્રીમાંથી મૂલ્યની તારવણી કરાવવી, કાર્યકારણ સંબંધની તારવણી કરાવવી
- ક્વીઝ
- વસ્તુ કે પરિસ્થિતિના લાભાલાભ વર્ણવવાની રમત
- અનુભવ જગત આધારિત તાર્કિક ચર્ચા
- ઘટનાના કારણો બાબતે અનુમાન કરવાં

આમ, ઉપરોક્ત યાદીમાં વિવિધ હેતુને સિદ્ધ કરવાની પ્રવૃત્તિઓ છે. શિક્ષક પોતાની બુદ્ધિશક્તિ પ્રમાણે આવી અનેક પ્રવૃત્તિઓ યોજી શકે છે.

### 1.1.7 સારાંશ :

સમગ્ર રીતે જોઈએ તો અભ્યાસક્રમ વ્યાપક છે. અભ્યાસક્રમમાં હેતુઓ, પાઠ્યક્રમ, પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન પ્રક્રિયા વગેરેનો સમાવેશ થાય છે. જેના દ્વારા વિદ્યાર્થીનાં વલણ અને વર્તન વિકસે છે. વિદ્યાર્થીને મળતા વિવિધ અનુભવો શિક્ષકના માર્ગદર્શન હેઠળ હોય છે. વિદ્યાર્થીને અપાતા તમામ શૈક્ષણિક અનુભવોનું અભ્યાસક્રમમાં ઘણું મહત્ત્વ છે.

આમ, હેતુકેન્દ્રી અભ્યાસક્રમ માત્ર હેતુઓ, કૃતિઓ કે જ્ઞાન પ્રદાન કરનાર પાઠ્યપુસ્તક જેવું બાહ્ય સાધન માત્ર નથી પણ તેથી વિશેષ એક જીવંત પ્રક્રિયા છે.

### 1.1.8 સમજ ચકાસતા પ્રશ્નો

1. હેતુકેન્દ્રી અભ્યાસક્રમ એટલે શું?
2. હેતુકેન્દ્રી અભ્યાસક્રમનું મહત્ત્વ દર્શાવો
3. માતૃભાષાના અભ્યાસક્રમમાં કયા-કયા હેતુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?

### 1.1.9 સ્વાધ્યાય:

**1. નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો.**

(1) ભાષાશિક્ષણ માટે માતૃભાષાના પાઠ્યપુસ્તકમાં કૃતિ એ ..............છે.

(A) માધ્યમ (B) મુખ્ય

(C) ગૌણ (D) આ પૈકી એક પણ નહીં

(2) અર્થગ્રહણ એ અભિવ્યક્તિનો ................................છે.

(A) શિલાલેખ (B) પાયો

(C) મંત્ર (D) અભિલેખ

(3) પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શાળાઓમાં ...................... અભ્યાસક્રમ અમલીકૃત છે.

(A) હેતુકેન્દ્રી (B) ક્ષમતાકેન્દ્રી

(C) શિક્ષકકેન્દ્રી (D) ટી.એલ.એમ.કેન્દ્રી

(4) અભિવ્યક્તિની અસરકારકતાનો આધાર ........................ઉપર છે.

(A) લેખન (B) વ્યક્તિત્વ

(C) અર્થગ્રહણ (D)વાચન

(5) વ્યક્તિની લાગણીઓ..................દ્વારા પ્રદર્શિત થાય છે.

(A) અભિવ્યક્તિ (B) અર્થગ્રહણ

(C) પાઠ્યપુસ્તક (D) અભ્યાસક્રમ

(6) સમાજ ઉપયોગી નવસર્જનનો આધાર ....................પર છે.

(A) સર્જનશક્તિ (B) વિચાર સમૃદ્ધિ

(C) તાર્કિક ચિંતન (D) અર્થગ્રહણ

**2.નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો .**

1. પ્રશિક્ષણાર્થીએ માતૃભાષામાં સમર્થ બનવા કયા ઉદ્દેશોને સમજવા જરૂરી છે ?

2. માતૃભાષામાં અર્થગ્રહણ વિકસાવવા કઇ કઇ પ્રવૃત્તિઓ હાથ ધરાવી શકાય ?

3. માતૃભાષામાં સર્જનાત્મક્તા વિકસાવવા તમે કઇ પ્રવૃત્તિઓ કરશો ?

**1.1.10 સંદર્ભ સૂચિ :**

(1) અભ્યાસક્રમ: સિદ્ધાંતો અને અભ્યાસક્રમ સંરચના: ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

(2) ભાષા શિક્ષણ પદ્ધતિઓ: ગુ.રા.શાળા પા.પુ.મંડળ, ગાંધીનગર.

(3) અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી, પ્રથમવર્ષ : જોશી ગજેન્દ્રકુમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, લીંબડી.

(4) આધુનિક શિક્ષણ દર્શન: ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ.

(5) ભાષા વિજ્ઞાન અર્વાચીન અભિગમો: ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(6) વિષય શિક્ષણ પદ્ધતિ: અનડા પ્રકાશન.

(7) NCF- 2005 : NCERT, New Delhi.

**1.1.11 પ્રાયોગિક કાર્ય:**

હેતુઓને ધ્યાનમાં રાખી કોઈ પણ ત્રણ હેતુઓની પ્રવૃત્તિઓની યાદી બનાવો.

## 1.2 **વિકાસાત્મક આવર્તન** :

**1.2.1 પ્રસ્તાવના**

**1.2.2 વિકાસાત્મક આવર્તનના ઉદ્દેશો**

**1.2.3 વિકાસાત્મક આવર્તનનો અર્થ**

**1.2.4 વિકાસાત્મક આવર્તનનું મહત્ત્વ**

**1.2.5 હેતુઓનું વિકાસાત્મક આવર્તન**

**1.2.6 સારાંશ**

**1.2.7 સમજ ચકાસતા પ્રશ્નો**

**1.2.8 સ્વાધ્યાય**

**1.2.9 સંદર્ભ સૂચિ**

**1.2.10 પ્રાયોગિક કાર્ય**

**1.2.1 પ્રસ્તાવના** :

આજના વર્તમાન સમયમાં સમાજ કે માનવજીવન સતત વિકાસ પામતું જ રહે છેજો . વિકાસને ધ્યાનમાં રાખીને ડગલું ભરવામાં ન આવે તો પ્રગતિ અટકી જાય. માનવ જન્મથી શરૂ કરી મૃત્યુપર્યંત વિકાસ પામતો હોય છે. વ્યક્તિના વિચારોનો વિકાસ હોય, જીવનશૈલીનો વિકાસ હોય કે પછી તે સમગ્ર દેશની કે વિશ્વની પ્રગતિનો વિકાસ હોય, દરેક ક્ષેત્રે વિકાસનું આવર્તન થતું રહે છે .

અહીં આપણે માતૃભાષાના હેતુઓના વિકાસનો કે વિકાસાત્મક આવર્તનનો અભ્યાસ કરીશું.

માતૃભાષાના ધોરણ 1 થી 8 ના અભ્યાસક્રમમાં મુખ્ય પાંચ હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે અને દરેક હેતુના સંદર્ભે ધોરણવાર વિધાનો રચવામાં આવ્યાં છે. દરેક ધોરણમાં પ્રથમ હેતુ અર્થગ્રહણનો છે પણ ધોરણવાર અર્થગ્રહણની માત્રા જુદી જુદી હોય છે.એ જે તે ધોરણનાં વિધાનો જોવાથી સ્પષ્ટ થાય છે. પહેલા ધોરણના હેતુઓનાં વિધાનો અને ક્રમશ: તે પછીના ધોરણના હેતુઓનાં વિધાનોમાં અધ્યયનનો ક્રમિક વિકાસ જોવા મળે છે. આ ક્રમિક વિકાસ તે જ આવર્તન.દરેક હેતુના ધોરણવાર વિધાનોમાં અભ્યાસક્રમ ક્રમશ:આગળ વધે છે.

### 1.2.2 વિકાસાત્મક આવર્તનના ઉદ્દેશો :

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસના હેતુઓ આ મુજબ છે –

**પ્રશિક્ષણાર્થીઓ...**

- વિકાસાત્મક આવર્તનનો અર્થ સમજે.
- વિકાસાત્મક આવર્તનનું મહત્ત્વ જાણે .
- અભ્યાસક્રમમાં થતું હેતુઓનું વિકાસાત્મક આવર્તન ઉદાહરણોથી સમજાવે.

### 1.2.3 વિકાસાત્મક આવર્તનનો અર્થ :

સાર્થ જોડણીકોશ મુજબ આવર્તન એટલે વારંવાર ફરી ફરી કરવું તે. એટલે કે એકની એક પ્રક્રિયા વારંવાર થવી.

માતૃભાષાના  અર્થગ્રહણ, અભિવ્યક્તિ અને પ્રત્યાચન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિકચિંતન. આમ, પાંચ મુખ્ય હેતુઓ છે. આ પાંચ હેતુઓ ધોરણ **1** થી **5** માં આવર્તન પામે છે. દરેક ધોરણમાં આવતા દરેક હેતુના વયકક્ષાનુસાર વિધાનો નક્કી કરવામાં આવ્યાં છે,અધ્યયન અને અધ્યાપનના સંદર્ભમાં આ વિધાનો ક્રમશ: વિકાસ પામે છે,જેને વિકાસાત્મક આવર્તન કહે છે.

ધોરણ-3ના વિદ્યાર્થીઓની વયક્ક્ષા ધ્યાનમાં લઈ મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ આ વય જૂથના વિદ્યાર્થી પાસે સામાન્ય રીતે આશરે 1500 (પંદરસો) જેટલા શબ્દો વાંચી એ શબ્દોનું અર્થગ્રહણ કરી શકે છે. જેથી ધોરણ –3માં ભણતા વિદ્યાર્થીની શબ્દસમૃદ્ધિ 1500 જેટલા શબ્દોની થશે. આ વિદ્યાર્થી ધોરણ- 4માં આવશે ત્યારે તેની શબ્દ સમૃદ્ધિમાં વધારો થવો જોઈએ. માટે ધોરણ –4ના અર્થગ્રહણ કૌશલ્યમાં શબ્દ સમૃદ્ધિનું વિકાસાત્મક આવર્તન જોવા મળે છે. જે હેતુઓના અભ્યાસથી સમજાય છે. ધોરણ–3 માં જે શબ્દ સમૃદ્ધિ 1500 શબ્દો હતી તે વિકાસ પામી છે એટલે કે વધેલ છે. ધોરણ–4 માં



સરળ સચિત્ર જ્ઞાનકોશનો ઉપયોગ કરી શકે છે. ધોરણ 5માં ક્રમિક વધારો થઈ વિદ્યાર્થી પાસે 3000 (ત્રણ હજાર) જેટલા શબ્દોનું ભંડોળ બને છે. આમ, આ પ્રમાણે દરેક કૌશલ્ય અને તેના હેતુઓ ધોરણવાર 3 થી 5માં વિકાસ પામે છે. વિકાસાત્મક આવર્તનને સમજવા માટે અહીં એક ઉદાહરણ લઈએ.

**ઉદાહરણ-1**

તમે કોઈપણ યંત્રમાં વપરાતી સ્પ્રિંગ કે સાદી સ્પ્રિંગ તો જોઈ જ હશે. પરંતુ વિકાસાત્મક આવર્તનના કોષ્ટકરૂપે  આપેલી સ્પ્રિંગની આકૃતિનું અવલોકન કરો.

આપેલ આકૃતિમાં દર્શાવેલ હેતુઓને સાંકળતી સ્પ્રિંગમાં નીચેનું વર્તુળ એકદમ નાનું છે; પરંતુ ક્રમશ: તે ધીરે ધીરે મોટું થતું જાય છે. તેની વિશેષતા એ છે કે તેનું જોડાણ ક્યાંય તૂટતું નથી. સૌથી નીચેના વર્તુળને પગથિયું બનાવી ઉપરના વર્તુળો આગળ વધી મોટાં થતાં જાય છે. ઉપરનાં મોટાં વર્તુળ માટે સ્પ્રિંગનું નાનું વર્તુળ જવાબદાર છે. તેવી જ રીતે હેતુઓનું આવર્તન એકબીજા પર આધારિત હોવા છતાં સંકળાયેલું જ છે. તેનો ક્રમશ: વિકાસ થતો જોવા મળે છે. હેતુનું મૂળ એક છે; પરંતુ ધીરે ધીરે તેનો વ્યાપ વધતો જાય છે.

આપેલ આકૃતિને વિકાસાત્મક આવર્તનના સંદર્ભમાં સમજીએ તો સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે ધોરણ–1 થી 5ના હેતુઓ પણ આ રીતે આડી રેખામાં અને ઊભી રેખામાં ક્રમિક વિકાસ પામે છે જેને વિકાસાત્મક આવર્તન કહેવામાં આવે છે.

આપણા હેતુલક્ષી અભ્યાસક્રમમાં હેતુ-4 વ્યાવહારિક ઉપયોજનનો છે એમાં નીચે જણાવ્યા મુજબ જે-તે કૌશલ્યના હેતુનું વિકાસાત્મક આવર્તન ક્રમશ: આગળના ધોરણમાં થાય છે.
જેમ કે ધોરણ-4ના પાઠ્યપુસ્તકમાં વ્યાવહારિક ઉપયોજન અંતર્ગત વિધાન - 4.6 પર આપેલ પેટા હેતુ ‘ લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, શબ્દકોશ ક્રમ અને પ્રત્યયોનો સમજપૂર્વક ઉપયોગ કરે ’ જ્યારે આજ કૌશલ્ય અંતર્ગત ધોરણ-5 માં 4.6 પર આપેલ વિધાન– વિરામચિહનો, **સંજ્ઞા, સર્વનામ, ક્રિયાપદ** વગેરેનો સમજપૂર્વક ઉપયોગ કરે. આમ, હેતુઓનો ક્રમિક વિકાસ થાય છે, આવર્તન પામે છે.

જે રીતે દરેક ધોરણના અધ્યયન ક્ષેત્ર પ્રમાણે હેતુઓ ક્રમશ: વિકાસાત્મક આવર્તન પામે છે તે રીતે દરેક ધોરણના જુદા જુદા અધ્યયન ક્ષેત્રોમાં હેતુઓ આંતરસંબંધ ધરાવે છે.માતૃભાષાના શિક્ષણમાં હેતુઓ અધ્યયન ક્ષેત્ર પ્રમાણે જોઈએ તો પાંચ અલગ અલગ હેતુઓ છે. છતાં તે એકબીજાની સાથે ક્યાંકને ક્યાંક કડીરૂપે જોડાયેલ હોય છે.અધ્યયન ક્ષેત્ર પ્રમાણે માતૃભાષાના પાંચ હેતુઓ જેવા કે અર્થગ્રહણ,અભિવ્યક્તિ અને પ્રત્યાયન, સર્જનાત્મકતા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન. ભાષા શિક્ષણના આ હેતુઓ એકબીજા સાથે જોડાયેલા છે. શિક્ષક એક હેતુનો ખ્યાલ આપે ત્યારે પણ બીજા હેતુઓ અલગ કરી શકાતા નથી. એક હેતુ સાથે બીજા હેતુઓ સંકળાયેલા જ છે. ભાષા શિક્ષણમાં દરેક હેતુઓ આંતરસંબંધ ધરાવે છે.
જેમ કે – અર્થગ્રહણનું ક્રિયાત્મક પાસું કથન છે.

- અર્થગ્રહણ એ અભિવ્યક્તિ અને પ્રત્યાયન સાથે જોડાયેલું છે.
- અર્થગ્રહણ એ લેખિત અભિવ્યક્તિ કે સર્જનાત્મક સ્વરૂપે વ્યક્ત થાય છે.
- અભિવ્યક્તિ અને પ્રત્યાયન હેતુના અધ્યાપન દરમિયાન વ્યાવહારિક ઉપયોજનનો પણ આંતરસંબંધ જોવા મળે છે.
- તાર્કિક ચિંતન હેતુની સિદ્ધિ અર્થેના અધ્યાપન કાર્ય દરમિયાન બાકીના ચાર હેતુ આપોઆપ આંતરસંબંધ ધરાવે છે.જે ભાષા શિક્ષણની આગવી વિશેષતા ગણાવી શકાય ,

ગુજરાતી ભાષાના પાયાના પાંચ હેતુ તેમની લાક્ષણિકતા સ્પષ્ટ કરવા માટે અલગ અલગ ગણવામાં આવે છે, પરંતુ તે પાંચેય પરસ્પર એકબીજા પર આધારિત અને સંકલિત રીતે જોડાયેલ છે. ભાષાના શિક્ષકે શ્રવણ, કથન, વાચન, લેખન, આમ, વિવિધ કૌશલ્યોને ધ્યાનમાં રાખી અર્થગ્રહણ - અભિવ્યક્તિ પ્રત્યાયન - સર્જનાત્મક્તા - વ્યાવહારિક ઉપયોજન - તાર્કિક ચિંતન જેવા હેતુઓનો ક્રમશ: વિકાસ થાય અને વિદ્યાર્થીને શિક્ષણના વિવિધ અનુભવો મળી રહે તેવા પ્રયત્ન કરવા જોઈએ.

## 1.2.4વિકાસાત્મક આવર્તનનું મહત્ત્વ:

કોઈ પણ યોજના કે પરિસ્થિતિ પાછળ કોઈ ને કોઈ મહત્ત્વ રહેલું હોય છે. આપણે અનુબંધ, સમવાય જેવા શબ્દોનો પરિચય મેળવેલો છે. જેમાં એક વિષય કે એકમ સાથે બીજા વિષયનું જોડાણ અનૌપચારિક રીતે થઈ જાય છે. એ જ રીતે અહીં એક ધોરણના હેતુ બીજા ધોરણના હેતુ સાથે અનૌપચારિક રીતે જોડાઈ જાય છે અને જે જોડાણ થાય છે તે તેનો ક્રમશ: વિકાસ છે. જેમ કોઈ નિસરણી સીધી આપણને બીજા માળે લઈ જતી નથી પણ ત્યાં પહોંચવા ક્રમશ: પગથિયાં ચઢવાં પડે છે. તેવી રીતે પારંગતતા પ્રાપ્ત કરવા માટે વિકાસાત્મક આવર્તન ખૂબ જરૂરી છે. ધોરણ 1 માં દાખલ થયેલો વિદ્યાર્થી ધોરણ માં 5 આવે ત્યાં સુધીની જે તેની અભ્યાસિક સફર છે તે વિકાસાત્મક આવર્તનને આભારી છે.

આમ, વિકાસાત્મક આવર્તન બાળકોની વય કક્ષાને ધ્યાનમાં રાખી ક્રમશ: ઉપર એટલે કે પારંગતતા તરફ લઈ જાય છે.એટલે એમ પણ કહી શકાય કે પારંગત થવા માટે વિકાસાત્મક આવર્તન બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 1.2.5 હેતુઓનું વિકાસાત્મક આવર્તન:

આપણે કોઈ એક ધોરણના હેતુને ધ્યાનમાં રાખી તેના પેટા હેતુઓના વિકાસાત્મક આવર્તનને

સમજીએ.**ધોરણ 5 :**

| **ક્રમ** | **હેતુ 3 –** | | |
|---|---|---|---|
| 1 | | સર્જનાત્મકતા | આકૃતિ |
| | 3.1 | ચિત્ર વર્ણન કરે અને લખે. |  |
| | 3.2 | શબ્દ ચિત્ર બનાવે અને વાક્ય બનાવે. | |
| | .3.3 | પરિચિત પરિસ્થિતિ કે વિષય ઉપર વાક્યો લખે. | |
| | 3.4 | પઝલ ચિત્રો જોડી તેનું વર્ણન લખે . | |
| | 3.5 | પત્રલેખન કરે. | |
| | 3.6 | પ્રસંગ અનુરૂપ કાર્ડ બનાવી તેમાં લેખન કરે. | |

હવે ધોરણ 1 થી 5 ના માતૃભાષાના અભ્યાસક્રમમાં વિવિધ કક્ષાએ વિકાસાત્મક આવર્તન પામતા હોય તેવા હેતુઓનો કોઠો અહીં ઉદાહરણ સ્વરૂપે રજૂ કરેલ છે.

| ક્રમ | હેતુ | | ધોરણ પ્રમાણે વિકાસાત્મક આવર્તન પામતા હેતુઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | **ધો-1** | **ધો-2** | **ધો-3** | **ધો-4** | **ધો-5** |
| 1 | અર્થગ્રહણ | 1.1 | સાદાં અને પરિચિત જોડકણાં, ગીતો, વાર્તાઓ, વર્ણનો સાંભળે અને સમજે. | સાદા અને પરિચિત જોડકણાં, ગીતો, વાર્તાઓ, વર્ણનો સાંભળે અને સમજે. | કાવ્યો,કથનો, ,વાર્તા શબ્દ ,વર્ણનો રમતો અને ઉખાણાં સાંભળે અને .સમજે | કાવ્યો,વાર્તા, વાત,વર્ણનો ચીત ઉખા,સંવાદ ણાં સમજપૂર્વક .સાંભળે | વાર્તાઓ,કાવ્યો,વર્ણનો, સંવાદો, ઉખાણાં,ટુચકા અને વાતચીત સાંભળે,વાંચે અને સમજે. |
| 2 | અભિવ્યક્તિ અને પ્રત્યાયન | 1.1 | સાદાં વાક્યો અનુકરણ કરીને બોલે. | સ્વર અને વ્યંજનોનું યોગ્ય ઉચ્ચારણ કરે. | માન્ય ઉચ્ચારણ સાથે બોલે. | યોગ્ય જગ્યાએ અટકીને આરોહ–અવરોહ સાથે .બોલે | સાહજિક રીતે ખચકાયા વિના બોલે. |
| 3 | સર્જનાત્મકતા | 1.1 | માટીમાંથી રમકડાં બનાવે. | રમકડાંના આધારે શિક્ષકની મદદથી વર્ણનાત્મક વાક્યો બોલે. | સાદાપરિચિત , શબ્દો અને સરળ વાક્યો .લખે | સ્વચ્છ અને સુવાચ્ય લખાણ લખે. | ચિત્ર વર્ણન કરે અને લખે. |
| 4 | વ્યાવહારિક ઉપયોજન | 1.1 | પરિચિત વ્યક્તિઓ સાથે વાતચીત કરે. | પરિચિત–અપરિચિત વ્યક્તિઓ સાથે વાતચીત .કરે | પરિચિત–અપરિચિત વ્યક્તિઓ સાથે વાતચીત અને સંવાદ .કરે | દરેક પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદ કરે. | દરેક પરિસ્થિતિમાં યોગ્ય વાતચીત કે વ્યવહાર કરે. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5 | તાર્કિક ચિંતન | 1.1 | ચિત્રો, વસ્તુ, દ્દશ્ય, ઘટના વચ્ચેની સમાનતા કે ભેદ પારખે. | ચિત્રો, વસ્તુ, દ્દશ્ય, ઘટના વચ્ચેની સમાનતા કે ભેદ પારખે અને બોલે. | ચિત્રો, વસ્તુ, દ્દશ્ય, ઘટના વચ્ચેની સમાનતા કે ભેદ પારખેબોલે , અને | ચિત્રોને આધારે વાક્યો બનાવે અને બોલે. | ચિત્રોના આધારે વાર્તા કથન કરે. |

ઉપર આપેલ કોઠામાં માતૃભાષાના હેતુઓના વિકાસાત્મક આવર્તનને સરળતાથી સમજવા ધો–1 માં બાળક જે હેતુ સિદ્ધ કરે છે તે જ બાળક ધોરણ–2, ધોરણ–3, ધોરણ–4 અને ધોરણ 5 માં આવે ત્યારે વિકાસ પામી જે તે વિધાનના હેતુઓ સિદ્ધ કરે છે. આ રીતે દરેક ધોરણ પ્રમાણે હેતુઓના વિકાસનો ક્રમશ: અભ્યાસ કરીએ તો વિકાસાત્મક આવર્તનનો ખ્યાલ સ્પષ્ટ થઇ જશે.

### 1.2.6 સારાંશ :

સમગ્ર રીતે જોતાં ટૂંકમાં કહી શકાય કે હેતુઓનો ધોરણવાર થતો ક્રમિક વિકાસ.જેમ બાળકનો વિકાસ થાય તેમ તેમ તેના વર્તનમાં નવીનતા અથવા તો પરિવર્તન જોવા મળે છે, તેવી જ રીતે હેતુઓ પણ ધોરણ પ્રમાણે વિકાસ પામતા જાય છે અને તેનો ક્રમશ: વિકાસ જોવા મળે છે.જે તે ધોરણનો હેતુ બીજા ધોરણના હેતુ સાથે અનુબંધિત હોવાથી વિકાસ પામે છે.વળી હેતુઓનું શ્રેણીવાર આંતરસંબંધ (જોડાણ) હોય છે. નિસરણીની જેમ હેતુઓ પણ વિકાસના ક્રમમાં દરેક ધોરણમાં આપેલ છે; જે ધોરણ– 1 થી 5માં થતા વિકાસાત્મક આવર્તનનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

**1.2.7 સમજ ચકાસતા પ્રશ્નો :**

1. વિકાસાત્મક આવર્તન એટલે શું**?**
2. વિકાસાત્મક આવર્તનનું મહત્ત્વ દર્શાવો.
3. વિકાસાત્મક આવર્તનને ઉદાહરણ અને આકૃતિ સાથે સમજાવો.

### 1.2.8 સ્વાધ્યાય :

**નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો.**

(1) ધોરણ 1 થી 5 માં ભાષા શિક્ષણનો પ્રથમ હેતુ ..................છે.

(A) અભિવ્યક્તિ અને પ્રત્યાયન (B) સર્જનાત્મકતા

(C) અર્થગ્રહણ (D) વ્યાવહારિક ઉપયોજન

(2) વિકાસાત્મક આવર્તન ....................છે.

(A) પાઠ્યક્રમનો વિકાસ (B) અભ્યાસક્રમનો વિકાસ

(C) હેતુઓનો વિકાસ (D) પ્રવૃત્તિઓનો વિકાસ

(3) વિવિધ ક્ષેત્રના હેતુઓ ક્યાંકને ક્યાંક કડીરૂપે જોડાય તે ......................છે.

(A) વિકાસાત્મક આવર્તન (B) આંતર સંબંધ

(C) ક્રિયાત્મક પાસું (D) સ્વતંત્ર પાસું

(4) વિકાસાત્મક આવર્તનથી ......................... પ્રાપ્ત થાય છે.

(A) સમજ (B) કૌશલ્ય

(C) પારંગતતા (D) પ્રત્યાયન

**2. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો .**

1. વિકાસાત્મક આવર્તનનો ઉદ્દેશ સમજાવો.
2. વિકાસાત્મક આવર્તનનો અર્થ ટૂંકમાં જણાવો.
3. હેતુઓ વચ્ચેનો આંતરસંબધ એટલે શું ? ઉદાહરણ સહિત સમજાવો.

### 1.2.9 સંદર્ભ સૂચિ :

**(1)** ગુજરાતી ભાષા શિક્ષણ– ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

**(2)** માતૃભાષા શિક્ષણ– ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

**(3)** ધોરણ **1** થી **8** શિક્ષક આવૃત્તિ – ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

**(4)** ગુજરાતી અધ્યાપન નવીન પ્રવાહો– ડો.ધનવંત દેસાઇ

**(5)** અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી, પ્રથમવર્ષ : જોશી ગજેન્દ્રકુમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, લીંબડી.

### 1.2.10 પ્રાયોગિક કાર્ય :

ધોરણ 1 થી 5 ના માતૃભાષાના કોઈ એક હેતુનો વિકાસક્રમ દર્શાવી કોઠો તૈયાર કરો.

# એકમ– 2 ગુજરાતી અધ્યયન – અધ્યાપન પદ્ધતિઓ

## 2.1ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ

**2.1.1** પ્રસ્તાવના
2.1.2 ગદ્ય શિક્ષણની પદ્ધતિના ઉદ્દેશો
2.1.3 ગદ્ય શિક્ષણનું મહત્ત્વ
2.1.4 ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ
2.1.5 સારાંશ
2.1.6 સમજ ચકાસતા પ્રશ્નો
2.1.7 સ્વાધ્યાય
2.1.8 સંદર્ભ સૂચિ
2.1.9 પ્રાયોગિક કાર્ય

### 2.1.1 પ્રસ્તાવના :

માતૃભાષાનું મહત્ત્વ આપણે જેટલું આંકીએ તેટલું ઓછું છે. માતૃભાષાના મહત્ત્વ વિશે આપણે પ્રથમ સત્રમાં વિગતે અભ્યાસ કર્યો છે.અહીં આપણે માતૃભાષા અધ્યાપનની વિવિધ પદ્ધતિઓનો અભ્યાસ કરીશું. સાહિત્યની અભિવ્યક્તિનાં મુખ્ય બે અંગો છે. ગદ્ય અને પદ્ય. પરંતુ શાળા કક્ષાએ ગદ્ય, પદ્ય, સર્જનાત્મક લેખન અને વ્યાકરણનો સમાવેશ થાય છે.

ગદ્ય એટલે જેના દ્વારા વાણીવ્યવહાર ચાલે છે તેવું ભાષાસ્વરૂપ. ગદ્ય મનુષ્યની વાણીનું સાહિત્ય સ્વરૂપ છે. ગદ્યમાં શબ્દ, અક્ષર કે માત્રાની રચના કે ગોઠવણી અંગેનું બંધન નથી હોતું, અર્થાત ગદ્ય અનિબદ્ધ રચના છે. યાદ રાખીએ કે સામાન્ય વાતચીતને ગદ્ય ન કહેવાય. નિયંત્રણ વિનાનાં રસયુક્ત વાક્યો તે ગદ્ય. ગદ્ય એટલે ગાઈ ન શકાય તેવી સાદી રચના. ગદ્યશિક્ષણ પદ્યશિક્ષણ કરતાં સરળ માનવાની ભૂલ ન થવી જોઈએ. ગદ્ય શિક્ષણ વિશે બેદરકારી સેવવી એ ફળદાયી નથી. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે “ગદ્યનું કામ તો શાંત સમજાવટનું છે. એમાં લાગણીઓનાં મોજાં ન હોય, સૌંદર્યના સોહાગ ન હોય, ભવ્યતાના ઉન્નત તાન ન હોય, શૈલીની અટપટી ભંગીઓ ન હોય, ગદ્ય સલૂકાઈ અને સરળતાની મર્યાદા ન ઓળંગે. ગદ્ય તો સમજુ માણસ જોડે શાણો વાર્તાલાપ છે.” અહીં આપણે ગદ્ય શિક્ષણ આપવાના હેતુઓ અને પદ્ધતિઓ વિશે જાણીશું.

2.1.2 **ગદ્ય શિક્ષણની પદ્ધતિના ઉદ્દેશો**:

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

- ગદ્ય શિક્ષણનું મહત્ત્વ સમજે.
- ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ (કથન,પ્રશ્ન અને નાટ્યીકરણ)થી પરિચિત થાય.

**2.1.3 ગદ્ય શિક્ષણનું મહત્ત્વ :**

ભાષા શિક્ષણના મુખ્ય ચાર અંગો છે; ગદ્ય, પદ્ય, વ્યાકરણ અને લેખન. આ ચાર અંગો પૈકી જેના દ્વારા વાણી-વ્યવહાર ચાલે છે અને એ વાણી-વ્યવહાર કે વિચાર થકી જે સાહિત્ય રચાયેલું છે તે ગદ્ય. માતૃભાષાના પાઠ્યપુસ્તકોમાં ગદ્યના વિવિધ સ્વરૂપોના એકમોને પાઠ્યપુસ્તકમાં સ્થાન અપાય છે .

**...સમજપૂર્વકનું ગદ્ય શિક્ષણ મેળવવાથી**

- પાઠના ભાવ અને અર્થની સમજૂતી પ્રાપ્ત થાય છે.
- ભાષા અને વર્ણન શૈલીઓનો પરિચય પ્રાપ્ત થાય છે.
- વિશિષ્ટ પ્રકારની વાક્ય રચનાઓનો પરિચય પ્રાપ્ત થાય છે.
- શુદ્ધ, સ્પષ્ટ, ભાવવાહી અને અસરકારક વાચનની શક્તિ પ્રાપ્ત થાય છે.
- શબ્દભંડોળ અને ભાષા જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય છે.
- ગુજરાતી ભાષા અને સાહિત્યમાં રસ કેળવાય છે.
- માતૃભાષા (ગુજરાતી) અને તે દ્વારા ઈતર ભાષાઓ પ્રત્યે અભિરુચિ કેળવાય છે.
- ગદ્યનાં વિવિધ સાહિત્ય સ્વરૂપોનો પરિચય થતાં તે વાંચવાનો અને તેનો આસ્વાદ માણવાનો રસ જાગે છે અને રુચિ કેળવાય છે.
- ગદ્ય દ્વારા ચારિત્ર્ય ઘડતર કરી શકાય છે.
- વિદ્યાર્થીને યોગ્ય સ્વરભાર, વિનમ્ર વક્તવ્ય અને સ્પષ્ટ ઉચ્ચારની ટેવ પડતાં ભાષા સામર્થ્યને જાહેરમાં વ્યક્ત કરી શકે છે.
- વિદ્યાર્થીના ઊર્મિતંત્રની અપેક્ષિત માવજત થાય છે. જેના પરિણામે તે સહૃદયી, પ્રેમાળ, લાગણીશીલ, માનવતાવાદી અને દયાળુ બને છે.
- વિદ્યાર્થીની સાહિત્યિક અભિરુચિ વિકસે છે. એની કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. માતૃભાષા પ્રત્યેના આદર અને ગૌરવ સુદ્દઢ થાય છે.
- લેખકના ભાવની અનુભૂતિ વાચક પામે છે .

ગદ્ય શિક્ષણના આ મહત્ત્વને ધ્યાનમાં રાખી શિક્ષકે અધ્યાપનકાર્ય કરવાનું રહે છે.

2.1.4 **ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ**:

ગદ્ય શીખવવા માટે અને નિર્ધારિત અભ્યાસક્રમને આત્મસાત કરવા માટે વર્ગખંડમાં વિવિધ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. શિક્ષક પાસેનાં ભાષાકીય કૌશલ્યોને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. અહીં ધોરણ 1 થી ને 5 ધ્યાનમાં રાખી મહત્ત્વની પદ્ધતિઓ મૂકવામાં આવી છે.

**1)કથન પદ્ધતિ**

**(2) પ્રશ્ન પદ્ધતિ**

**(3) નાટ્યીકરણ પદ્ધતિ**

## (1)કથન પદ્ધતિ:

કથન પદ્ધતિને વ્યાખ્યાન પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. પરંપરાથી ચાલી આવતી આ પદ્ધતિ શિક્ષક કેન્દ્રી છે. અહીં શિક્ષક વિષયવસ્તુને એક સાથે બોલીને કે વાંચીને રજૂ કરે છે. કોઈ એકમની ભૂમિકા બાંધવી, કવિ કે લેખકનો પરિચય આપવો, કોઈ મુદ્દા વિશેની માહિતી આપવી, કોઈ પ્રસંગ કે ઘટનાની સમજૂતી આપવી વગેરે જેવી બાબતો માટે શિક્ષક કથન પદ્ધતિનો ઉપયોગ કરે છે. કથનમાં યોગ્ય શૈલી, હાવભાવ, આરોહ–અવરોહ, યોગ્ય ઊંચાઈ અને ગતિ સાથે ઉચ્ચારણ, મધુર અવાજ, વિષયવસ્તુની ક્રમિકતા, પ્રવાહિ ઉદાહરણોનો ઉપયોગ આ બધું અનિવાર્ય છે. આ બાબતોથી કથન રસપ્રદ બને છે.

કથન પદ્ધતિની સફળતા માટે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- અનાવશ્યક પુનરાવર્તન ટાળવું.
- કથનની સાથે એકમ અનુસાર શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો.
- વિદ્યાર્થીની વયકક્ષાને ધ્યાનમાં રાખવાં.

### ❖ કથન પદ્ધતિના લાભ :

- શિક્ષકની વાકછટા ઉપર આધારિત હોવાથી શિક્ષણકાર્ય અસરકારક બને છે.
- શિક્ષકના વિસ્તૃત જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને મળે છે.
- વિદ્યાર્થીઓ શિક્ષક અને શિક્ષણ કાર્ય પ્રત્યે અભિમુખ બને છે.
- બોધદાયક પાઠો, ચિંતનાત્મક એકમો માટે આ પદ્ધતિ વધુ ઉપયોગી છે.
- વિદ્યાર્થીને શ્રવણ કૌશલ્યની તાલીમ મળે છે.
- વિશેષ સાધનોની ભાગ્યે જ જરૂર પડે છે.
- વિદ્યાર્થીની કક્ષા અનુસાર વક્તવ્યનું સ્તર ગોઠવી શકાય છે.
- લાંબા અભ્યાસક્રમને પહોંચી શકાય છે.

- તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આ પદ્ધતિ વધુ અનુકૂળ છે.

❖ **કથન પદ્ધતિની મર્યાદાઓ :**

- શિક્ષણ પ્રક્રિયા એકમાર્ગી બની રહે છે.
- વિદ્યાર્થીના કથન અને લેખન કૌશલ્યનો વિકાસ થતો નથી.
- વિદ્યાર્થીના માનસિક વિકાસની તક ઓછી મળે છે.
- વિદ્યાર્થીઓને કેટલું સમજાયું તે જાણી શકાતું નથી.
- બાળકોની સમજણનું મૂલ્યાંકન ન થાય તો ધાર્યું પરિણામ મળતું નથી.

  આ પદ્ધતિમાંશિક્ષકની નબળી કથનશૈલીથી વિદ્યાર્થી કંટાળો અનુભવે છે અને વર્ગખંડનું વાતાવરણ નીરસ બને છે. કથનમાં વિષયાંતર થાય તો વિષયવસ્તુનો મુદ્દો અધૂરો રહી જાય છે.

  કથન રસપ્રદ ન હોય તો વિદ્યાર્થીઓ બેધ્યાન બને છે.

**(2) પ્રશ્ન પદ્ધતિ :**

પ્રશ્ન જ જ્ઞાન મેળવવાની ઉત્તમ કડી છે. જેમ કે "પૂછતાં પંડિત થવાય." આ પદ્ધતિને સમજવા શ્રીમદ્ ભગવદ્ગીતાને કેમ ભૂલી શકાય? સમગ્ર ગીતા ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના પ્રશ્નોના જવાબ રૂપે જ વર્ણવી છે. આ પદ્ધતિથી વર્ગશિક્ષણ જીવંત અને ચેતનવંતુ બને છે. શિક્ષકના પ્રશ્ન અને વિદ્યાર્થીના ઉત્તર દ્વારા વર્ગવ્યવહાર ચાલે છે. શિક્ષક પાઠ્યપુસ્તકના વિષયવસ્તુને આધારિત પ્રશ્નો પૂછે છે. કેટલીક ચર્ચા થાય છે અને સમજૂતી આપવામાં આવે છે. વિદ્યાર્થી પ્રશ્નોના પાઠ્યપુસ્તક અંગેની પોતાની સમજ પ્રમાણે ઉત્તરો આપતો જાય છે. આ પદ્ધતિ દ્વારા શિક્ષણ પ્રક્રિયા દ્વિમાર્ગી બને છે એટલે કે વિદ્યાર્થી અને શિક્ષક, વિદ્યાર્થી અને વિદ્યાર્થી વચ્ચે પ્રશ્નોની આપ-લે થતી હોવાથી વર્ગનું વાતાવરણ રોચક અને જીવંત બને છે. જેથી બાળકોનું ધ્યાન સતત કેન્દ્રિત રહે છે. આ પદ્ધતિથી ગદ્યનું શિક્ષણ સરળતાથી અને સચોટ રીતે આપી શકાય છે.

❖ **પ્રશ્ન પદ્ધતિના લાભ :**

- વિદ્યાર્થીઓની લઘુતાગ્રંથિ દૂર થાય છે.
- દ્વિમાર્ગી પ્રક્રિયા હોવાથી શિક્ષણ કાર્યમાં સરળતા રહે છે. વિદ્યાર્થિઓ બેધ્યાન બનતા નથી .
- વિદ્યાર્થીની મૌખિક અભિવ્યકિતનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓને કેટલું સમજાયું છે .તે જાણી શકાય છે ,
- વિદ્યાર્થીનો બૌદ્ધિક માનસિક/વિકાસ થાય છે .
- વિદ્યાર્થીઓને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળે છે. પરિણામે આત્મવિશ્વાસ કેળવી શકાય છે.

- શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી શકાય છે.
- વિદ્યાર્થીઓની ભાષાકીય કૌશલ્યની ખિલવણીનો અંદાજ શિક્ષકને આવે છે.
- શિક્ષકને સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં સરળતા રહે છે.
- શિક્ષણ વ્યવહાર (વર્ગવ્યવહાર)માં વિદ્યાર્થીઓની સક્રિયતા વધે છે.

❖ **પ્રશ્ન પદ્ધતિની મર્યાદાઓ :**

- આ પદ્ધતિ નવું શિખવવા માટે ઉપયોગી નથી.
- શિક્ષક પક્ષે કાળજી ન લેવાય તો આ પદ્ધતિ ઉપયોગી રહેતી નથી. જેમ કે
- શિક્ષક પાસે સ્પષ્ટ અને સચોટ પ્રશ્ન પૂછવાની કળા ન હોય તો આવી સુંદર પદ્ધતિ નિરસ અને નિરર્થક બની જાય છે.
- શિક્ષક વર્ગમાં માત્ર પ્રશ્નો જ પૂછયા કરે અને પરીક્ષક તરીકે વર્તે ત્યારે વિદ્યાર્થી કંટાળો અનુભવે છે અને શિક્ષણ પ્રક્રિયા નિરસ બની જાય છે.
- પ્રશ્નના ઉત્તરમાં શિક્ષક ચર્ચાથી ઉમેરો ન કરે તો વિદ્યાર્થીઓ કશું પામતા નથી.
- શિક્ષક ક્યારેક અમુક જ વિદ્યાર્થીને પ્રશ્ન પૂછ્યા કરે ત્યારે વિદ્યાર્થીઓમાં અણગમો પેદા કરે છે.
  પ્રશ્નો – પૂછવા ઉપર પૂરી પકડ ન હોય તો કથન આવી જાય છે.

**(૩)નાટ્યીકરણ પદ્ધતિ :**

આંખ જુએ અને કાન સાંભળે પછી યાદ રાખવું સરળ બની જાય છે. વિશ્વ સાહિત્યમાં જો અસરકારક સાહિત્ય હોય તો તે નાટ્ય સ્વરૂપ છે. આ પદ્ધતિથી કલ્પના અને સર્જનશક્તિ ખીલે છે. વાર્તાઓ, સંવાદો, કેટલાંક કાવ્યો (આખ્યાન કાવ્યો જેવાં) વગેરેને આ પદ્ધતિ દ્વારા સારી રીતે શીખવી શકાય છે. નાટ્યીકરણ પદ્ધતિ ભાષા શિક્ષણનું અનિવાર્ય અંગ છે.પદ્ય હોય કે ગદ્ય ભાષાની જે કૃતિમાં વાર્તાનું અથવા સંવાદનું નાટ્યતત્વ હોય એનું નાટક સ્વરૂપમાં રૂપાંતર કરી અભિનય સહ વર્ગ સમક્ષ રજૂઆત કરવી એનું નામ નાટયીકરણ પદ્ધતિ. ધોરણ 1 થી માં 5 કેટલાક એકમોમાં સંવાદ કે વાર્તા આવે છે. શિક્ષક વિદ્યાર્થીઓને પાત્રો વહેંચી નાટ્યીકરણ કરાવે તો ભાષાશિક્ષણ ઘણું સરળ બની જાય છે. આ પદ્ધતિમાં અભિનય અને સંવાદ અગત્યનો ભાગ ભજવે છે તે ધ્યાને લેવાવું જોઈએ.

❖ **નાટ્યીકરણ પદ્ધતિના લાભ :**

- વિદ્યાર્થીઓ મનથી અને તનથી વર્ગ કાર્યમાં સામેલ થાય છે.
- વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે.
- વિદ્યાર્થીઓના હાવભાવ અને અભિનય શક્તિનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓ સર્જનાત્મક અને અભિનયાત્મક આનંદ પ્રાપ્ત કરે છે.

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા જાગે છે.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સહભાગિતા વધવાને લીધે શિક્ષણ જીવંત બને છે.
- વિદ્યાર્થીની ભાષા શક્તિ અને કૌશલ્યોનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓ પાત્રોને ન્યાય આપવા આત્મસૂઝનો ઉપયોગ કરતાં શીખે છે.
- અન્ય વિષયો માટે પણ આ પદ્ધતિ ઉપકારક બને છે.
- મૂલ્યલક્ષી શિક્ષણ માટે આ પદ્ધતિ વધુ યોગ્ય છે.

❖ **નાટ્યીકરણ પદ્ધતિની મર્યાદાઓ :**

- આ પદ્ધતિ માટે વધારે સમય ફાળવવો પડે છે.
- બધા જ એકમો માટે શકય નથી.
- નાટ્યીકરણને કારણે કયારેક વર્ગમાં શિસ્તનો પ્રશ્ન ઊભો થાય છે.
- પ્રસંગોની સચોટતા, ભાવ અને અભિનયનો અભાવ રહે તો ધારી અસર ઉપજાવી શકાતી નથી.
- એકમનું સંવાદીકરણ કરવાની કુશળતા બધા જ શિક્ષકો પાસે હોતી નથી.
- શિક્ષકનું માર્ગદર્શન અને પ્રોત્સાહન હોય તો જ આ પદ્ધતિ સફળ બને છે.

### 2.1.5 સારાંશ :

- આપણાં માતૃભાષાનાં પાઠ્યપુસ્તકોમાં ગદ્યને મહત્ત્વનું સ્થાન અપાયું છે. ગદ્ય સ્વરૂપે વિવિધ એકમો અપાયા છે. ગદ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના ભાષાકીય વિકાસ માટેના વિવિધ હેતુઓ પણ નક્કી થયા છે. ચોક્કસ પદ્ધતિના ઉપયોગથી આ હેતુઓ સિદ્ધ થઈ શકે છે. કથન પદ્ધતિ અને પ્રશ્ન પદ્ધતિનો સમન્વય કરવાથી સારું પરિણામ મળી શકે છે અને આ બંને પદ્ધતિઓના યોગ્ય ઉપયોગથી નાટ્યીકરણ પદ્ધતિ માટે સારો પાયો રચી શકાય. શિક્ષકે ગદ્ય એકમો શીખવતાં પહેલાં આ પદ્ધતિઓનો સમન્વય કરવાની કોઠાસૂઝ કેળવી લેવી જોઈએ.

### 2.1.6 સમજ ચકાસતા પ્રશ્નો

(1) ગદ્ય શિક્ષણનું મહત્ત્વ દર્શાવતા કોઈ સાત મુદ્દાઓની નોંધ કરો.

(2) ગદ્ય શિક્ષણમાં આપેલ પ્રશ્ન પદ્ધતિની મર્યાદા વર્ણવો.

(3) નાટ્યીકરણ પદ્ધતિના લાભ જણાવો.

### 2.1.7 સ્વાધ્યાય :

**A યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) ભાષા શિક્ષણનાં મુખ્ય અંગો ................................છે.

(A) ગદ્ય–પદ્ય (B) વ્યાકરણ, લેખન

(C) વાણી,વ્યવહાર (D) કથન,વાચન

(2) કથન પદ્ધતિ .....................છે.

(A) શિક્ષકકેન્દ્રી (B) વિદ્યાર્થીકેન્દ્રી

(C) સમાજકેન્દ્રી (D) શિક્ષક વિદ્યાર્થીકેન્દ્રી

(3) કથન પદ્ધતિમાં શિક્ષકે ........................નો ઉપયોગ ટાળવો.

(A) આરોહ–અવરોહ (B) સમજૂતી

(C) પુનરાવર્તન (D) ક્રમિકતા

(4) પ્રશ્ન પદ્ધતિથી શિક્ષણની પ્રક્રિયા .................... બને.

(A) સ્થૂળ (B) માહિતીપ્રદ

(C) દ્વિમાર્ગી (D) એકમાર્ગી

(5) નાટ્યીકરણ પદ્ધતિને સફળ બનાવવા................ આવશ્યક છે.

(A) સંસ્કાર (B) કોઠાસૂઝ

(C) ધીરજ (D) વિવેક

**2.નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો .**

1. ગદ્ય શિક્ષણનું મહત્ત્વ જણાવો.
2. બાળકો માટે કથન પદ્ધતિ ક્યારેક કંટાળાજનક બની જાય છે. શા માટે ?
3. શિક્ષક કેવા સંજોગોમાં નાટ્યીકરણ પદ્ધતિનો ઉપયોગ કરી શકતો નથી?

### 2.1.8 સંદર્ભ સૂચિ :


1. માતૃભાષા અધ્યાપન પદ્ધતિ : અનડા પ્રકાશન, અમદાવાદ
2. ગદ્યશિક્ષણ : ગુર્જર પ્રકાશન, અમદાવાદ
3. માતૃભાષા શિક્ષણ પદ્ધતિ : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
4. અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી, પ્રથમવર્ષ : જોશી ગજેન્દ્રકુમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, લીંબડી.
5. પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ : શ્રી ગિજુભાઇ બધેકા

**2.1.9 આટલું કરો:**

ધોરણ 1 થી 5ના માતૃભાષાના પાઠ્યપુસ્તકમાં સમાવેશ કરેલ વિવિધ ગદ્ય સ્વરૂપોની યાદી કરો.

## 2.2 **પદ્ય શિક્ષણની પદ્ધતિઓ**:

**2.2.1** પ્રસ્તાવના

2.2.2 પદ્ય શિક્ષણની પદ્ધતિના ઉદ્દેશો

2.2.3 પદ્ય શિક્ષણનું મહત્ત્વ

2.2.4 પદ્ય શિક્ષણની પદ્ધતિઓ

2.2.5 સારાંશ

2.2.6 સમજ ચકાસતા પ્રશ્નો

2.2.7 સ્વાધ્યાય

2.2.8 સંદર્ભ સૂચિ

2.2.9 પ્રાયોગિક કાર્ય

**2.2.1 પ્રસ્તાવના**:

પદ્ય એટલે કવિતા. જેનું ગાન કે પઠન થઇ શકે તે પદ્ય. પદ્યમાં શબ્દ,અક્ષર કે માત્રાની રચના કે ગોઠવણી અંગેનું બંધન જોવા મળે છે.

વાક્ય રૂપી શરીરમાં જે રસરૂપી જીવ છે તે કવિતા. પદ્ય કે કાવ્યનો આત્મા રસ છે. પદ્ય શિક્ષણમાં મુખ્ય વાત તો બાળકોને રસ પડે તે છે. પદ્ય એ માતૃભાષા શીખવવાનું એક સાહિત્યિક સાધન છે. પરંતુ આ સાહિત્યિક સ્વરૂપ ગદ્ય કરતાં મહંદ્શે જૂદું છે. કવિતા દ્વારા વિદ્યાર્થીના મનોભાવ તથા લાગણીઓને વિકસિત કરવાનું ઘણું જ સરળ થઈ પડે છે. એટલું જ નહીં પરંતુ કવિતામાં મુખ્યત્વે લયનું તત્ત્વ એવું છે કે તેના માણનારને આનંદની અનુભૂતિ થાય છે. કવિતા કઠણ હૃદયના માણસને પણ પોતાના ભાવ દ્વારા કોમળ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપતી હોય છે. તેથી કવિતા એ માણસના જીવનની વિવિધ અનુભૂતિઓને આનંદના સ્વરૂપે પામવાનું સાધન છે. દુ:ખમાંથી પણ આનંદના અર્કને પ્રાપ્ત કરવાનું શિક્ષણ માણસને કવિતામાંથી મળે છે. તેથી તેને કોઈ ચોકઠામાં બાંધી શકાય નહીં.પાઠ્યપુસ્તકોમાં કાવ્યો અને ગીતો મૂકવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓ તરીકે આપણે પદ્ય શિક્ષણનું મહત્ત્વ જાણવું જોઇએ અને તેના અધ્યાપનની પદ્ધતિઓ પણ જાણવી જોઇએ.

અહીં આપણે પદ્ય શિક્ષણના  હેતુઓ અને પદ્ધતિઓ વિશે જાણીશું.

**2.2.2 ઉદ્દેશો :**

ધોરણ 1 થી 5 માં કાવ્ય શિક્ષણનો હેતુ બાળકોને કાવ્યની મજા માણતા કરવાનો છે. ગદ્ય શિક્ષણ એ ભાષા જ્ઞાનને ખિલવવાનું મહત્ત્વનું અંગ છે. જ્યારે પદ્ય હૃદયને સાત્ત્વિક ભાવથી ઉજમાળતું સંસ્કાર ઝરણું છે. કવિતાના કસબ અને અસબાબ જેવા શબ્દ પ્રયોગો, અલંકારો, છંદ, શૈલી, ઈત્યાદિ જ્ઞાનની જરૂરિયાતને ધ્યાનમાં લઈ પદ્ય શિક્ષણના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસના હેતુઓ આ મુજબ છે..

- પદ્ય શિક્ષણનું મહત્ત્વ સમજે.
- પદ્ય શિક્ષણની પદ્ધતિઓ (ગીત-અભિનય,અર્થબોધ અને તુલના પદ્ધતિ)થી પરિચિત થાય.

2.2.3 **પદ્ય શિક્ષણનું મહત્ત્વ:**

પદ્ય શિક્ષણ દ્વારા લાગણી, ઊર્મિ, સંવેદનાઓનું ઘડતર થાય છે. પદ્ય તો હૃદયના ઊંડાણ સુધી પહોંચી જાય છે. કેટલીક વાર્તાઓનો આખ્યાન સ્વરૂપે સરળ અને સરસ પરિચય આપી શકાય છે. પદ્ય શિક્ષણ અંતરને પ્રેમાળ બનાવે છે.આપણા લોક સાહિત્યનો, શૌર્યતા અને વીરતાનો પરિચય ગાન દ્વારા વિશેષ થાય છે. પદ્ય શિક્ષણ દ્વારા આપણા સંસ્કાર વારસાનો પરિચય થાય છે. બાળકોને કાવ્યનો નાદ લગાડીને તેનું વ્યક્તિત્વ ઉપસાવી શકાય છે.

પદ્યમાં થોડામાં ઘણું સમાવવાની શક્તિ હોવાથી આપણું જ્ઞાન પદ્યમાં સહેલાઈથી સચવાય છે. આબેહૂબ ચિત્ર ખડું કરવા પદ્યનો આશરો લેવામાં આવે છે. ગાગરમાં સાગર ભરી દેવાની શક્તિ માટે તથા સહેલાઈથી કંઠસ્થ રાખવા માટે પદ્ય ખૂબ અનુકૂળ છે. કવિતા એ માણસના જીવનની વિવિધ અનુભૂતિઓને આનંદ સ્વરૂપે પામવાનું સાધન છે. જીવનમાં અનુકૂલન સાધવાની કલા છે. આમ, કવિતા એ માનવજીવન અને મનુષ્ય હૃદયને સ્પર્શતું એક સનાતન સ્વરૂપ છે.

પદ્ય શિક્ષણથી …

- કાવ્યમાંના લય, તાલ અને ભાવ અનુસાર કાવ્યપઠન અને કાવ્યગાન કરવાનું કૌશલ્ય વિકસે છે.
- કાવ્યમાં આવતા પ્રસંગો, વર્ણનો, કથનો અને શબ્દચિત્રો સમજવાની શક્તિ વિકસે છે.
- કાવ્યના અને કવિના ભાવો સમજી પોતાના શબ્દોમાં તે પ્રગટ કરવાની સૂઝશક્તિ – કેળવાય છે.
- કલ્પના શક્તિ વિકસે છે.
- ઊર્મિઓ જાગ્રત થાય અને સાહિત્ય પ્રત્યે સુરુચિ કેળવાય છે.
- સ્થાયી ભાવો પ્રગટે છે.

આમ.પદ્ય શિક્ષણના આ મહત્ત્વને ધ્યાનમાં રાખી શિક્ષકે અધ્યાપન કાર્ય કરવાનું રહે છે ,

2.2.4 **પદ્ય શિક્ષણની પદ્ધતિઓ** :

"કવિતાના શિક્ષક તરીકેનું આપણું પ્રમુખ કર્તવ્ય તો એવા વાતાવરણનું સર્જન કરવાનું છે કે, જેમાં બુદ્ધિની મદદથી કાવ્ય સમજવા કરતાં સવિશેષ તો અનુભવાય." **- રાયબર્ન**

પદ્ય સાહિત્ય આપણી ભાષાનું અવિભાજ્ય અંગ છે. તેથી પદ્ય શિક્ષણને પામવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. આમ જોઈએ તો પદ્ય શિક્ષણની કોઈ પદ્ધતિ હોઈ શકે જ નહીં, પદ્ય તો માણવાની મજા છે. "કવિતા તો કાનની કલા છે" કવિતાને ઇન્દ્રિયગમ્ય પણ કહેવામાં આવે છે. કાવ્યનો ધ્વનિ કાન દ્વારા સાંભળવામાં આવે છે. વળી એમાં રહેલા શબ્દો સાંભળીને સમજ્યા બાદ માનવીના અંતરને તેના શબ્દો પ્રમાણે વિવિધ અનુભૂતિ કરાવે છે. કાવ્યને સમજવા માટે સૌથી મહત્ત્વનું અંગ કાન છે. કાવ્ય ધ્વનિ દ્વારા કાનને આનંદ આપે છે અને શબ્દ શિક્ષણ દ્વારા કવિતા ભાવને જગાડે છે. ઉદાહરણ તરીકે " સુંદર-સુંદર " કાવ્ય જગતની સુંદરતા દર્શાવે છે પણ દરેક પંક્તિના અંતે " વિભુ હશે તો કેવા સુંદર એવું થાતું મુજ મનમાં" આ પંક્તિ કાને પડતાં જ ઈશ્વરની સુંદરતા અને વિશાળતાનું શબ્દચિત્ર નજર સમક્ષ ખડું થઈ જાય છે. માટે જ કહેવાય છે કે " કવિતા એ કાનની કળા છે." છતાં પ્રશિક્ષણાર્થીઓને ધ્યાનમાં રાખી કેટલીક મહત્ત્વની પદ્ધતિ અહીં મૂકવામાં આવી છે.

**(1) ગીત - અભિનય પદ્ધતિ**

**(2) અર્થ બોધ પદ્ધતિ**

**(3) તુલના પદ્ધતિ**

**(1) ગીત - અભિનય પદ્ધતિ :**

બાળકોને કવિતા ગવડાવીને તથા તેને અનુરૂપ આંગિક અભિનય કરાવીને શીખવવામાં આવે છે તેને ગીત-અભિનય પદ્ધતિ કહે છે.બાળકોને સુંદર રાગે ગવાયેલાં કાવ્યો સાંભળવાં અને પછી તે રીતે ગાવાં ખૂબ ગમે છે. વળી તેમાં આવતી ક્રિયાઓનો અભિનય કરવાનું પણ તેમને ગમે છે. તેમને કાવ્યના અર્થની બહુ પડી હોતી નથી. લય અને તાલ એ કવિતાના ઉપકારક તત્ત્વો છે. કવિતાનું આ તત્ત્વ એવું છે કે એને કારણે કાવ્ય સરળતાથી યાદ રહી જાય, ન સમજાય તો પણ યાદ રહી જાય છે. આ જ કવિતાની કરામત છે.

આ પદ્ધતિનો હેતુ કાવ્ય સારા રાગે ગાઈ તાલમાં લાવી બાળકોને સંગીત સાથે ગીતનો પરિચય કરાવવાનો છે. ધ્વનિપ્રધાન અને અભિનયપ્રધાન બાળગીતો કે કાવ્યો શીખવવા માટે આ પદ્ધતિ ઉત્તમ ગણાય છે. બાળકો ઊભા રહીને, તાલ આપીને, સરળ રાગે ગીત કે કાવ્યનું ગાન કરે, અભિનય પણ કરે તે માટે યોગ્ય વાતાવરણ સર્જવું. વર્ગમાં જે અભિનય કાવ્ય રજૂ થાય તે કાવ્યને અનુરૂપ શિક્ષકે વાતાવરણ ખડું કરવું જોઈએ. દરેક શિક્ષક પાસે આવા અભિનયક્ષમ ગીતોનો સંગ્રહ કરેલો હોવો

આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. આ માટે શિક્ષકે ધોરણ 1 થી 5 ના પાઠ્યપુસ્તકનાં કાવ્યોને ધ્યાને રાખવાં જરૂરી ગણાય. બાળકો તેમની સ્મરણ શક્તિ પ્રમાણે આવાં કાવ્યો તરત કંઠસ્થ કરી લે છે. શિક્ષક પણ આ રીતે કંઠસ્થ કરીને જ કાવ્ય 'હાવ-ભાવ' (અભિનય) સાથે રજૂ કરે તો તેની અસરકારકતા ઘણી વધી જાય છે. આ રીતે બાળકોમાં કાવ્યરુચિ, સ્ફૂર્તિ, મુખપાઠ કરવાની વૃત્તિઅંગ, સંચાલનની કળા, ભાવની અભિવ્યક્તિની શક્તિ કેળવાય છે. અહીં કાવ્યના અર્થ પર ભાર મૂકવાની જરૂર નથી.

❖ **ગીત-અભિનય પદ્ધતિના લાભ :**

- ગેય કાવ્યો અને અભિનય ગીતો શીખવવા માટે આ પદ્ધતિ ઉત્તમ છે.
- અભિનય સામૂહિક અને વ્યક્તિગત પણ હોય છે. તેથી વિદ્યાર્થીઓમાં રસરુચિ જળવાઈ રહે છે.
- વિદ્યાર્થીઓમાં સ્મરણશક્તિ વિકસે છેભાવની . અભિવ્યક્તિ કરવાની તક મળે છે.

❖ **ગીત-અભિનય પદ્ધતિની મર્યાદાઓ:**

- બધાં જ કાવ્યો આ પદ્ધતિથી શીખવી શકાતાં નથી.
- બધા જ શિક્ષકોમાં અભિનય કરવાની અને ગાવાની કળા હોતી નથી. જેથી આ પદ્ધતિની અસરકારકતા ઓછી રહે છે.
- કાવ્ય યોગ્ય ઢાળ કે રાગમાં ન ગવાય તો પદ્યશિક્ષણની અસરકારકતા નહિવત રહે છે.

## (2)અર્થબોધ પદ્ધતિ :

આ પદ્ધતિને શબ્દાર્થ કથન પદ્ધતિ પણ કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં શબ્દોના અર્થ કહીને કે કવિતાનો અર્થ સમજાવીને કે પછી વિદ્યાર્થીઓ દ્વારા શબ્દાર્થ કઢાવીને કાવ્ય શીખવવામાં આવે છે. ધોરણ ત્રીજા, ચોથા કે પાંચમાનાં કેટલાંક પ્રસંગવર્ણન, સ્થળવર્ણન કે પૌરાણિક આખ્યાન વિષયક કાવ્યો શીખવવામાં આ પદ્ધતિ ઉપયોગી પણ થતી હશે તેમ છતાં વિદ્યાર્થીઓને કાવ્યના હાર્દ સુધી, કાવ્યને માણવા સુધી ભાગ્યે જ લઈ જઈ શકાય છે. તેથી ના છૂટકે જ આ પદ્ધતિ અપનાવવી. આ પદ્ધતિ વાપરવી જ પડે તો એટલું તો કરવું જ કે અર્થબોધ વિદ્યાર્થીની કક્ષાને અનુકૂળ અને સાથે સાથે લયબદ્ધ ગાનનું તત્વ ક્યાંક જોડીને થાય જેથી વિદ્યાર્થી કાવ્યના આનંદથી વંચિત ના રહે. કાવ્યપંક્તિનો ભાવાર્થ સહેલાં વાક્યોમાં આપવો. ક્યારેક શિક્ષક વાર્ષિક અભ્યાસક્રમ પૂરો કરવાની ઉતાવળને કારણે અથવા તો ઘરેડ પડી જવાથી કે આળસને કારણે આ પદ્ધતિ અખત્યાર કરે છે. પણ તે કાવ્ય શિક્ષણ માટે લાભકર્તા નથી.

❖ **અર્થબોધ પદ્ધતિના લાભ :**

- આ પદ્ધતિથી કાવ્યના કઠિન શબ્દો સરળતાથી સમજાવી શકાય છે.
- કવિના વિચારોને વિદ્યાર્થી સુધી પહોંચાડવામાં સરળતા રહે છે.

- આ પદ્ધતિ દ્વારા મૂલ્યશિક્ષણ સહજતાથી થઈ શકે છે.
- આ પદ્ધતિથી વિદ્યાર્થીઓ કાવ્યના સારાંશને સરળતાથી સમજી શકે છે.

❖ **અર્થબોધ પદ્ધતિની મર્યાદાઓ :**

- અમુક કાવ્યો માટે જ આ પદ્ધતિ ઉપયોગી છે.
- વર્ગખંડમાં ઘણી વખત નિરસતા જોવા મળે છે.
- આ પદ્ધતિ દ્વારા ઘણીવાર કવિતાના હાર્દ સુધી પહોંચાતું નથી.
- વિદ્યાર્થીઓ કાવ્યનો આનંદ રસા સ્વાદ માણી શકતા નથી. કાવ્યની અખંડતા જળવાતી નથી.

**(3) તુલનાપદ્ધતિ :**

આ પદ્ધતિમાં એક કાવ્યની બીજા કાવ્ય સાથે તુલના કરવામાં આવે છે.ઘણીવાર જુદા જુદા કવિઓના અમુક કાવ્યોમાં સમાન કે વિરોધ ભાવો હોય છે. અથવા એક જ વિષય પર એક જ કવિ જુદાં જુદાં કાવ્યો રચે છે. આવાં કાવ્યોની તુલના કરવાથી "એક પંથ દો કાજ" થાય છે. મૂળ કાવ્ય સમજાય છે ને બીજાં કાવ્યોનો પરિચય થાય છે. કાવ્યોની સરખામણી કે તુલના કરે ત્યારે વિદ્યાર્થી તાર્કિક રીતે બન્ને કાવ્યના ભાવ અને વિચારને પામે છે.

આ પદ્ધતિથી વિદ્યાર્થીઓની વિવેચન બુદ્ધિમાં વૃદ્ધિ થાય છે. તેમના જ્ઞાનનો વિસ્તાર થાય છે. કાવ્યના હેતુઓ, કાવ્યના સ્વરૂપો અને એક જ ભાવ કે વિષય અનેક રીતે વ્યક્ત કરવાની શૈલીઓ જાણવા મળે છે. ધાર્મિક ગ્રંથોમાંના કાવ્યો, ભક્તિ કાવ્યો, નીતિ કાવ્યો, પ્રકૃતિનાં કાવ્યોના શિક્ષણ માટે આ પદ્ધતિ ઉપયોગી છે. આમાં એક જ કવિ કે અનેક કવિઓ, એક જ ભાષા કે જુદીજુદી ભાષાઓ, કે જુદા જુદા દેશ, કે વિવિધ સંસ્કૃતિ તથા ભાવનાનો સારો ખ્યાલ મળે છે.

❖ **તુલના પદ્ધતિના લાભ:**

- વિદ્યાર્થીઓમાં તુલનાત્મક ક્ષમતાનો વિકાસ થાય છે.
- આ પદ્ધતિ પ્રકૃતિ કાવ્યો, ભક્તિ કાવ્યો, નીતિ કાવ્યોના શિક્ષણ માટે ઉપયોગી છે.
- વિદ્યાર્થીઓને પૂરક સાહિત્યની જાણકારીનો લાભ મળે છે.
- વિદ્યાર્થીઓને જ્ઞાનનો વિસ્તાર કરવાની તક મળે છે.
- શિક્ષકોમાં સંદર્ભ પુસ્તકો વાંચવાની ટેવ વિકસે છે.

❖ **તુલના પદ્ધતિની મર્યાદાઓ :**

- બધાં જ કાવ્યો આ પદ્ધતિથી શીખવી શકાતાં નથી.
- નાનાં બાળકો માટે આ પદ્ધતિ અનુકૂળ નથી.
- તુલના કરી શકાય તેવાં કાવ્યો મેળવવાં મુશ્કેલ છે.

- શિક્ષકોનું વિશાળ વાચન અને સંદર્ભ પુસ્તકોનો અભ્યાસ કરવાની ટેવ ન હોય તો આ પદ્ધતિ સફળ થતી નથી.

**2.2.5 સારાંશ :**

આપણાં માતૃભાષાનાં પાઠ્યપુસ્તકોમાં વિવિધ એકમો અપાયા છે.તેમાં પદ્યનું સ્થાન અનેરું છે.પદ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની ઊર્મિઓ જાગ્રત થાય છે અને કાવ્યનો આસ્વાદ મેળવી શકે છેમાં 5 થી 1 ધોરણ . ગીત-અભિનય પદ્ધતિથી ઘણું સુંદર પરિણામ પ્રાપ્ત થઇ શકે છે જ્યારે અર્થબોધ અને તુલના પદ્ધતિનો ઉપયોગ પદ્ય શિક્ષણ માટે દિશાસૂચક બને છે. પદ્ય શિક્ષણ  શીખવવા કોઠાસૂઝ કેળવવી જરૂરી છે.

**2.2.6 સમજ ચકાસતા પ્રશ્નો :**

1. **“** કવિતા એ કાનની કળા છે.**”** ઉદાહરણ સહિત સમજાવો.
2. પદ્ય  શિક્ષણનું મહત્ત્વ જણાવો.
3. પદ્ય શિક્ષણની કઈ પદ્ધતિને અવૈજ્ઞાનિક ગણવામાં આવે છે **?** શા માટે **?**

**2.2.7 સ્વાધ્યાય :**

**યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.**

(1) **પદ્ય એ માતૃભાષા શીખવવાનું એક ………… સાધન છે.**

(A) **બૌદ્ધિક** (B) **વૈચારિક**

(C) **સાહિત્યિક** (D) **વૈજ્ઞાનિક**

(2) કવિતા એ …………………………….છે.

(A) મનની કળા (B) કાનની કળા

(C) શબ્દની કળા (D) હૃદયની કળા

(3) ગીત અભિનય પદ્ધતિની અસરકારકતા વધારવા …………….. જરૂરી છે.

(A) ગીત કંઠસ્થ હોવું (B) ગીતનું પઠન કરવું

(C) કાવ્યનો અર્થબોધ (D) હાવભાવ

**2.નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો .**

1. ધોરણ2– ના કાવ્ય શિક્ષણ માટે તમે કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો ? શા માટે ?
2. ગીત અભિનય પદ્ધતિના લાભાલાભ જણાવો.
3. અર્થબોધ પદ્ધતિ નાછૂટકે જ અપનાવવી.  સમજાવો.
4. બે કાવ્યોની સરખામણી કરવા કઈ પદ્ધતિ અપનાવવામાં આવે છે ? ઉદાહરણ સહિત સમજાવો.

### 2.2.8 સંદર્ભ સૂચિ:

1. આધુનિક શિક્ષણ દર્શન : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

2. વિષય શિક્ષણની પદ્ધતિઓ : અનડા પ્રકાશન, અમદાવાદ.

3. માતૃભાષા શિક્ષણ પદ્ધતિ : ગુ.રા.શાળા પા.પુ.મંડળ, ગાંધીનગર.

4. માતૃભાષા પાઠ્યેતર : લેખક શ્રી સી.કે.આક્રુવાલા.

5. પદ્યશિક્ષણ અને ગદ્યશિક્ષણ : ગુ.રા.શાળા પા.પુ.મંડળ, ગાંધીનગર.

6. પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ : શ્રી ગિજુભાઇ બધેકા.

### 2.2.9 પ્રાયોગિક કાર્ય :

- ધોરણ 4-5 ના માતૃભાષાના પાઠ્યપુસ્તકોમાં આપેલાં અભિનય થઈ શકે તેવાં કાવ્યોની યાદી તૈયાર કરો.
- કાવ્યગાન તથા અંતાક્ષરી રમત રમો.
- પાંચ અભિનય ગીત તૈયાર કરો.

## 2.3. સર્જનાત્મક લેખનનું અધ્યાપન

**2.3.1** પ્રસ્તાવના:

2.3.2 ઉદ્દેશો

2.3.3 સર્જનાત્મક લેખન કાર્યનું મહત્ત્વ

2.3.4 લેખન રચના અધ્યાપનના હેતુઓ

2.3.5 સર્જનાત્મક લેખનના આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો

2.3.6 સમજ ચકાસતા પ્રશ્નો

2.3.7 સર્જનાત્મક લેખનની પૂર્વ તૈયારી

- ❖ **અનુલેખન**
- ❖ **શ્રુતલેખન**

**2.3.8 સર્જનાત્મક લેખન**

**2.3.9 નિબંધ લેખન**

**2.3.10 પત્રલેખન**

**2.3.11 વાર્તાલેખન**

**2.3.12 વિચાર વિસ્તાર**

**2.3.13 અહેવાલ લેખન**

**2.3.14 સારાંશ**

**2.3.15 સમજ ચકાસતા પ્રશ્નો**

**2.3.16 સ્વાધ્યાય**

**2.3.17 સમજ ચકાસતા પ્રશ્નો**

**2.3.18 સંદર્ભ સૂચિ**

**2.3.19 પ્રાયોગિક કાર્ય**

### 2.3.1 પ્રસ્તાવના:

અભિવ્યકિત એ વ્યક્તિના ચારિત્ર્યનું દર્પણ છે.પછી એ અભિવ્યક્તિ લેખિત હોય કે મૌખિક,સુંદર હસ્તાક્ષર વ્યકિતની પ્રતિભાને ઉજાગર કરે છે. કલમની તાકાત તલવારની તાકાત કરતાં અનેક ગણી વધારે છે.માનવજાતિની સાંસ્કૃતિક વિરાસત લેખનના માધ્યમથી ચિરકાળ સુધી સુરક્ષિત રાખી શકાય છે. મનુષ્ય પોતાના પૂર્વજોનું જીવન, આદર્શો અને મૂલ્યો વગેરે લેખનના માધ્યમથી જાણી શકે છે. લેખન પદ્ધતિના પાયામાં શ્રવણ, કથન અને વાચન કૌશલ્ય રહેલાં છે. લેખન અભિવ્યકિત વિકસાવવા માટે સ્વતંત્ર લેખન (મૌલિક લેખન) નું અધ્યાપન કરાવવામાં આવે છે. પ્રસંગ અનુસાર ભાષા સંરચનાની પસંદગી, વિદ્વાનોનાં મંતવ્યો, વિચાર કે સુવિચારનો ઔચિત્યપૂર્ણ ઉપયોગ વગેરેને

ભાષાગત કરવાની તક સર્જનાત્મક લેખનમાં જોવા મળે છે. પ્રશિક્ષણાર્થી તરીકે આપણે સર્જનાત્મક લેખનનું મહત્ત્વ તેના વિવિધ સ્વરૂપો અને તેને શીખવવાની પદ્ધતિઓ જાણવી જરૂરી છે.હવે તેનાથી પરિચિત થઇએ.

**2.3.2 ઉદ્દેશો**:

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

- સર્જનાત્મક લેખન કાર્યનું મહત્ત્વ જાણે.
- લેખન રચના અધ્યાપનના ઉદ્દેશોથી પરિચિત થાય.
- સર્જનાત્મક લેખનના આયોજન અંગે ધ્યાનમાં રાખવાની બાબતો જાણે.
- પ્રાથમિક કક્ષાએ વિવિધ પ્રકારના લેખન સ્વરૂપો વિશે જાણે અને લેખન તપાસણીનાં ચિહ્નોથી પરિચિત થાય.

2.3.3 **સર્જનાત્મક લેખન કાર્યનું મહત્ત્વ :**

" દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે અને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે.સારા અક્ષર શીખવાને સારુ લેખનકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે,બાળકોને લેખન કળા પ્રથમ શીખવવી જોઈએ." - મહાત્મા ગાંધીજી

લેખનકાર્ય એ વ્યક્તિનો ચિરંજીવ અક્ષરદેહ છે. લેખિત અભિવ્યક્તિ જેટલી અસરકારક તેટલું જ પ્રત્યાયન અસરકારક બની શકે છે. માતૃભાષા શિક્ષણમાં સર્જનાત્મક લેખન એ મહત્ત્વનું અંગ છે.બાળક શુદ્ધ ભાષામાં અસરકારક રીતે પોતાના વિચાર,તર્ક,ભાવ,સંવેદના વગેરે લખીને રજૂ કરી શકે એ ખૂબ જરૂરી છે.

- લેખન એક કળા છે. લેખનથી લિપિનું લાવણ્ય જાળવી શકાય છે.હસ્તાક્ષરો સુવાચ્ય બનાવી શકાય છે.
- સર્જનાત્મક લેખનથી કલ્પનાશક્તિ, ચિંતનશક્તિ અને તર્કશક્તિનો વિકાસ થાય છે.
- મૌલિકતા અને સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.
- મહાપુરુષો અને ઉત્તમ સાહિત્યકારોના વિચારોની જાળવણી થાય છે.
- વિચારોનું સંક્ષેપીકરણ અને વિસ્તૃતીકરણ હસ્તગત કરી શકાય છે.
- વ્યાકરણશુદ્ધ ભાષા લખવાનું કૌશલ્ય કેળવાય છે.
- નિરીક્ષણ અને અવલોકન શક્તિનો વિકાસ થાય છે.

**2.3.4 લેખન રચના અધ્યાપનના હેતુઓ :**

- વિદ્યાર્થીઓ મરોડદાર અને સુવાચ્ય અક્ષરોમાં લખે.

- ભાષા શુદ્ધ અને વ્યાકરણ શુદ્ધ લખાણ કરે.
- પોતાના વિચારો ક્રમબદ્ધ રીતે રજૂ કરે.
- પ્રસંગને અનુરૂપ વાક્ય રચનાઓનો ઉપયોગ કરે.
- યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખે.
- સર્જનાત્મકતા વિકસે.
- તર્કબદ્ધ અને વિચારોની સુંદર ગૂંથણી કરીને લખતાં શીખે.
- લેખનનાં વિવિધ સ્વરૂપોને સમજે અને લખે.

**2.3.5સર્જનાત્મક લેખનના આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

- લેખનકાર્ય અંગે વર્ગમાં વાતાવરણ નિર્માણ કરવું.
- લેખન માટે વિદ્યાર્થીઓને પહેલાં માનસિક રીતે સજ્જ કરવા.
- લેખનકાર્ય અંગેની પદ્ધતિઓનો ઉપયોગ કરવો.
- વિષયની પસંદગી વિદ્યાર્થીની વયકક્ષા અને રસને ધ્યાનમાં લઈને કરવી.
- વિદ્યાર્થીઓના સુંદર લેખનકાર્યના નમૂનાઓને જાહેરમાં બિરદાવવા.
- ઉત્તમ લેખનના નમૂનાઓનો વાર્ષિક હસ્તલિખિત અંકમાં સ્થાન આપવું.

**2.3.6 સમજ ચકાસતા પ્રશ્નો :**

1. સર્જનાત્મક લેખનના ઉદ્દેશો જણાવો.
2. વર્ગખંડ દરમિયાન સર્જનાત્મક લેખન કાર્યમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખશો.

**2.3.7 સર્જનાત્મક લેખન પૂર્વ તૈયારી :**

❖ **અનુલેખન :**

અનુલેખન એ પાયાનું લેખનકાર્ય ગણાય છે. અનુલેખનમાં એકાગ્રતાની સાથે હાથની આંગળીઓ અને આંખના સ્નાયુઓ વચ્ચે સાહચર્ય કેળવાય તે જરૂરી છે.બાળકો અક્ષરોના આકાર ઓળખતાં શીખી જાય ત્યાર પછી હાથ વડે તે અક્ષરો લખવાનું કામ કરે.અનુલેખનનો મૂળ ઉદ્દેશ અક્ષર સુધારણાનો છે.બાળકો લેખનમાં બે અક્ષરો વચ્ચે, બે શબ્દો વચ્ચે અને બે લીટીઓ વચ્ચે યોગ્ય અંતર રાખે તે જરૂરી છે..

❖ **શિક્ષકનું કાર્ય :**

- શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ નમૂનારૂપ સુલેખન રજૂ કરવું.
- બાળકો પાસે એકવાર તેનું વાચન કરાવવું.

- કા.પા. પર ડબલ  લીટીમાં બે-ત્રણ વાકયો પદ્ધતિસર લખી બતાવવાં.
- લેખનમાં આવતા જોડાક્ષરો,નવા શબ્દો ડબલ  લીટીમાં જુદા લખી બતાવવા.
- અક્ષર સુધારણા અંગે પ્રારંભથી જ કાળજી લેવી.
- શબ્દો વચ્ચે સરખું અંતર જાળવીને લીટીને ઉપર નીચે અડાડીને પદ્ધતિસર લખાવવું.
- હ્રસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અનુસ્વાર વગેરે બેવડી લીટીની અંદર બહાર કેટલા પ્રમાણમાં આવે તેની સમજ આપવી.

  ઉ.દા.,

  ~~म, मंमे ,मृ ,मूं ,मू ,मुं ,मु ,मीं ,मी ,मिं ,मि ,मां ,मा,, में मः ,मौं~~ ,मौ ,मों ,मो ,मै ,

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને શિક્ષક દર અઠવાડિયે એક તાસ બાળકોને સુલેખન કરાવશે. બાળકો સમજપૂર્વક સુલેખન કરશે .

❖ **શ્રુતલેખન:**

અનુલેખનમાં જોઈ જોઈને લખવાનું હોવાથી તેમાં આંખનો ઉપયોગ થાય છે. જયારે શ્રુતલેખનમાં સાંભળીને લખવાનું હોવાથી કાનનો પણ ઉપયોગ થાય છે. શ્રુતલેખનને શ્રવણ કૌશલ્ય સાથે ગાઢ સંબંધ છે. શ્રુતલેખનમાં શિક્ષકના શબ્દોનું ઉચ્ચારણ બાળકના કાન પર પડે ત્યારે તે ઝીલીને તેને અક્ષરદેહમાં રૂપાંતરિત કરવાનો પ્રયત્ન બાળક કરતું હોય છે.

❖ **શિક્ષકનું કાર્ય :**

- શ્રુતલેખન સંબંધી જરૂરી માર્ગદર્શન આપવું  .
- જે પરિચ્છેદનું શ્રુતલેખન કરાવવાનું હોય તેનું શિક્ષકે વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને ભાવપૂર્વક વાચન કરવું. પરિચ્છેદનું વાચન પૂરું થયા પછી વિદ્યાર્થીઓને શ્રુતલેખન માટે સજ્જ કરવા  .
- શિક્ષકે પહેલાં આખું વાક્ય સંભળાવવું પછી સ્પષ્ટ ઉચ્ચારણથી યોગ્ય  ઊંચા અવાજે બોલીને વિદ્યાર્થીઓને લેખન કરાવવું.
- શિક્ષકે વર્ગમાં ફરીને વ્યક્તિગત માર્ગદર્શન આપી બાળકોને લેખન કરાવવું.
- પરિચ્છેદનું લેખન પૂરું થયા પછી વચ્ચે-વચ્ચે ક્યાંક રહી ગયેલું, અધૂરું લખાણ વિદ્યાર્થીઓ પૂરું કરી શકે તે હેતુથી આખા પરિચ્છેદનું વાચન વર્ગ સમક્ષ કરવું.
- લખાવેલ પરિચ્છેદ બાળકો સમક્ષ રજૂ કરવો. બાળકો પોતે પોતાનું લખાણ તપાસે અથવા નોટબુકની અદલાબદલી કરીને અરસપરસ તપાસે તેવી સૂચના આપવી. શિક્ષકે બાળકોના તપાસણીકાર્યની ખાતરી કરવી.
- સારા, સુવાચ્ય અને સુઘડ લેખનની પ્રશંસા કરી તેવા નમૂનાઓ પ્રદર્શિત કરવા.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકો શ્રુતલેખન કરશે.

### 2.3.8 સર્જનાત્મક લેખન:

બાળકો પોતાના વિચારો શુદ્ધ ભાષામાં સ્પષ્ટ અને અસરકારક રીતે રજૂ કરી શકે અને તે રજૂઆતમાં દિનપ્રતિદિન મૌલિક્તાનું તત્ત્વ ઉમેરાતું જાય તે માટે સર્જનાત્મક લેખન આવશ્યક છે. પોતાની વય કક્ષાનુસાર અભ્યાસક્રમના ભાગરૂપે બાળક સ્વતંત્ર લેખન કરશે તેથી લેખનના વિવિધ સ્વરૂપોનો પરિચય થશેઆમ . વિષયની વિવિધ પ્રકારે રજૂઆત કરવાનું લેખનકૌશલ્ય કેળવાશે. ધોરણ 1 થી 5 દરમ્યાન તેને સ્વતંત્ર કથન, વિચાર અને અવલોકનની તકો પૂરતા પ્રમાણમાં મળી હશે તો સ્વતંત્ર લેખનમાં પોતાના એ અનુભવોનું પ્રતિબિંબ પાડી શકશે. એના મનમાં સ્ફુરતા વિચારો, ઊર્મિઓ, કલ્પનાઓ વગેરેને મનમાં દાબી ન રાખતાં અભિવ્યક્ત કરે તો જ એની લેખનશક્તિનો વિકાસ થશે.

**સર્જનાત્મક લેખનના મુખ્ય પ્રકારો:**

નિબંધલેખન | પત્રલેખન | વાર્તાલેખન | વિચાર-વિસ્તાર | અહેવાલલેખન

### 2.3.9 નિબંધલેખન:

કોઈપણ ભાષાના સાહિત્યને કાયમી સ્વરૂપે રજૂ કરવાનું અને આજીવન ઉપયોગમાં લઈ શકાય તેવું સ્વરૂપ આપવામાં લેખિત અભિવ્યકિત અનિવાર્ય છે. પોતાના વિચારોને અને લાગણીઓના વિષયને અનુરૂપ સ્વતંત્ર રીતે તાર્કિકતાથી, ક્રમિકતાથી લેખિત સ્વરૂપે રજૂઆત કરવામાં આવે તેને નિબંધ કહી શકાય. એક વિદ્વાને નિબંધના સ્વરૂપ વિશે નોંધ્યું છે કે, 'ગંભીર વિદ્વતાભરી વ્યવસ્થિત, સુષ્લિષ્ટ અને એકનિષ્ઠ લેખન રચનાને નિબંધ કહેવામાં આવે છે.' નિબંધ લેખનમાં લેખકની મનોવૃત્તિ, અનુભવ, જ્ઞાન, સમૃદ્ધિ અને ઊચિત શૈલીનાં દર્શન થાય છે.

❖ **નિબંધના પ્રકારો :**

**1. કથનાત્મક નિબંધ:**

વિદ્યાર્થી પોતે જોયેલ પશુ, પક્ષી, પ્રાણી કે વૃક્ષ પર પાંચ–સાત વાક્યો લખે છે તેને કથનાત્મક નિબંધ કહે છે.

ઉ.દા., ગાય, ભેંસ, મોર, પોપટ, લીમડો કે વડ પર પાંચ સાત વાક્યો લખો.

**2. આત્મકથનાત્મક નિબંધ :**

પોતાના વિશે અથવા પોતે જ એ પાત્ર છે તે રીતે વ્યવસ્થિત રજૂઆત કરવામાં આવે તેને આત્મકથનાત્મક નિબંધ કહેવાય છે. તેનું વાતચીતની ભાષામાં આલેખન થાય છે.

ઉ,.દા. ઘાયલ સૈનિકની આત્મકથા.

**3. વર્ણનાત્મક નિબંધ :**

જયારે હકીકત, સ્થળ કે પરિસ્થિતિ અંગેના આપણા અનુભવોને દ્દષ્ટાંતો વડે વર્ણવામાં આવે ત્યારે એ નિબંધ વર્ણનાત્મક તરીકે ઓળખાય છે.

ઉ,.દા. મારા પ્રિય લેખકમારો યાદગાર પ્રવાસ ,પ્રિય નેતા , મેળો

**4. ચરિત્રાત્મક નિબંધ:**

જયારે કોઈ મહાન કે પૂજનીય વ્યકિતના જીવનના પ્રેરણાદાયી અને સ્મરણીય અનુભવોને નિબંધસ્વરૂપે રજૂ કરવામાં આવે ત્યારે ચરિત્રાત્મક નિબંધ તરીકે ઓળખાય છે.

ઉ.દા., મહાત્મા ગાંધી, ડૉ. વિક્રમ સારાભાઈ, સ્વામી વિવેકાનંદ

**5. વિવેચનાત્મક નિબંધ :**

વિવેકબુદ્દિથી સ્પષ્ટ વિચારણા કરીને વિષયના વિવિધ પાસાંઓનું લેખન કરવામાં આવે તેને વિવેચનાત્મક નિબંધ કહે છે. તેને ચિંતનાત્કમ કે વિવરણાત્મક નિબંધ પણ કહે છેતેનો . વિષય ખાસ કરીને ભાવવાચક કે સમસ્યારૂપ હોય છે.

ઉ ,.દા.ઊર્જાની સમસ્યા, પર્યાવરણ જાળવણી

❖ **નિબંધનું મહત્ત્વ :**

- નિબંધએ વ્યક્તિનો ચિરંજીવ અક્ષરદેહ છે.
- કલ્પનાશક્તિ અને ચિંતનશક્તિનો વિકાસ થાય છે.
- જેમ જેમ નિબંધ લેખન કરતા જઈએ તેમ-તેમ લેખનમાં નિખાર આવતો જાય છે.
- મૌલિકતા અને સર્જનશક્તિનો વિકાસ થાય છે.
- ચોકસાઈ, નિયમિતતા અને વિચારોની ક્રમબદ્ધ્તાનો વિકાસ થાય છે.

❖ **શિક્ષકનું કાર્ય:**

- બાળકના પરિચિત પર્યાવરણ અને અનુભવ જગતમાંથી વયકક્ષા અનુસાર વિષયની પસંદગી કરાવવી.
- સામાન્ય રીતે વર્ણનાત્મક વિષયોની પસંદગી કરવી.
- જે તે વિષયો પર બાળકોના પૂર્વાનુભવો જાણવા માટે વર્ગમાં પ્રશ્નોતરી કરવી.
- બાળકોના જે ઉત્તરો મળશે તેની મુદ્દાસર નોંધ કા.પા.પર કરવી.

- નિબંધના વિકાસ માટે ક્રમિક મુદ્દાઓ (પ્રસ્તાવનાથી ઉપસંહાર સુધી) વિદ્યાર્થીઓની મદદથી નકકી કરવા.
- નિબંધની પ્રસ્તાવના માટે ત્રણ-ચાર ઉદાહરણો રજૂ કરવાં.
- નિબંધમાં ભાષાશુદ્ધિ અને ભાષાપ્રયોગો તરફ ધ્યાન દોરવું.
- કેટલાક વિદ્યાર્થીઓની મદદથી નિબંધનું સળંગ કથન કરાવવું.
- બાળકોને સ્વતંત્ર રીતે જે તે નિબંધનું લેખન કાર્ય કરાવવું.
- લેખન પૂર્ણ થયા પછી તે તપાસીને દરેક વિદ્યાર્થીઓને વ્યકિતગત માર્ગદર્શન આપવું અને થયેલ ભૂલો સુધરાવવી.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકો નિબંધલેખન કરશે.

### 2.3.10 પત્રલેખન:

પત્રલેખન એ માનવસંબંધો વિકસાવનારી કલા છે. જીવનનું અભિન્ન અંગ છે. લખનાર પોતાના વિચારોને ક્રમિક રીતે શિષ્ટ ભાષામાં અસરકારક રીતે પત્રલેખન દ્વારા રજૂ કરે છે. પત્રલેખનની શરૂઆત ધોરણ 1 થી 5 માં રજાચિઠ્ઠીથી થાય છે.

❖ **પત્રલેખનના પ્રકારો**

1. વ્યવહારિક પત્રો – કામકાજ, વિવાહ જન્મમરણ સંબંધી
2. ધંધાકીય પત્રો – ખરીદ, વેચાણ સંબંધી
3. સરકારી પત્રો – અરજી, નિવેદન, રાજીનામું

**શિક્ષકનું કાર્ય :**

- પત્ર લખનારનું પૂરું સરનામું, તારીખ વગેરે ક્યાં લખવાં, કઈ બાજુએ લખવાં, કેવી રીતે લખવાં, તેની સમજ આપી કા.પા પર લખી બતાવવાં.
- પત્ર જેને લખવાનો હોય તેને કેવું સંબોધન કરવું, ક્યાંથી શરૂઆત કરવી, કયાં વિરામચિહ્નો વાપરવાં, વગેરેની સમજ આપવી અને કા.પા પર લખી બતાવવાં.
- જે વિગત અંગે પત્ર લખવાનો હોય તેની શરૂઆત ક્યાંથી કરવી, કેવી રીતે કરવી, ટૂંકી અને મુદ્દાસર માહિતી કેવી રીતે રજૂ કરવી, વગેરેની સમજ આપવી.
- પત્રનો અંતભાગ કેવી રીતે લખવો, પત્રને અંતે 'લિખિતંગ.'માં શું લખવું, પત્ર પૂરો થયા બાદ જેને મોકલવાનો હોય તેનું સરનામું કેવી રીતે લખવું, તેની સમજ આપવી.
- પત્ર સ્પષ્ટ અને સચોટ રીતે લખાવવો.
- સ્પષ્ટ સમજાય તેવી ભાષા વાપરવા કહેવું.
- પત્રલેખનમાં સરનામું, સંબોધન અને મધ્યવર્તી વિચાર લખાવવો.

- પત્રમાં વિચાર બદલાય ત્યારે પરિચ્છેદ પાડીને લખાવવું.
- પત્રનું જુદા-જુદા બાળકો પાસે વાચન કરાવવું.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકો પત્રલેખન કરશે.

**2.3.11 વાર્તાલેખન:**

વાર્તાલેખન એ જાણીતું સ્વરૂપ છે. વાર્તાલેખન દ્વારા વિદ્યાર્થીની અભિવ્યક્તિનો વિકાસ થાય છે.તેનામાં વિચાર–વિસ્તારનું કૌશલ્ય ખીલે છે. તે પ્રસંગોની ક્રમબદ્ધ ગોઠવણી કરી શકે છે. તેનું શબ્દભંડોળ સમૃદ્ધ બને છે. વાર્તાલેખનમાં અસરકારક વાતાવરણ, પાત્રો અનુસાર પરસ્પરની વાતચીત, જિજ્ઞાસા, ઉત્તેજના અને સાતત્ય જળવાય તે જરૂરી છે.

**શિક્ષકનું કાર્ય :**

- વાર્તાનું શીર્ષક વાર્તાના વિષયવસ્તુને અનુરૂપ આપવું.
- વાર્તાલેખનમાં વિચાર બદલાય તો પરિચ્છેદ પાડવો.
- વાક્યરચનામાં વિવિધતા લાવવા વિરામચિહ્નોનો ઉપયોગ કરે તે અંગે ધ્યાન કેન્દ્રિત કરવું.
- વાર્તાનો અંત રોચક હોવો જોઈએ, તેવી સ્પષ્ટ માહિતી આપવી.
- વાર્તા વાંચીને આનંદની અનુભૂતિ થાય એમાં જ વાર્તાલેખનની સફળતા છે તેવી વિગતો અને અનુભવ પૂરા પાડવા.
- મુદ્દા પરથી વાર્તા હોય તો વાર્તાના હાર્દને બાળકો સમજે તે માટે મુદ્દાઓને બે ત્રણ વખત ધ્યાનપૂર્વક વંચાવવા.
- વાર્તાના મુદ્દાઓને પરસ્પર સાંકળીને યોગ્ય સંવાદ, કહેવત, સુવિચાર કે શબ્દની પસંદગી કરી એકસૂત્રતામાં લેખન કરવાની સમજ આપવી.
- ચિત્ર પરથી વાર્તાલેખન કરાવવું હોય તો વર્ગ સમક્ષ પાંચેક ચિત્રો ક્રમિક મૂકવાં.
- બાળકોને ચિત્રો જોવા કહેવું.
- ચિત્ર આધારિત પ્રશ્નોતરી કરવી.
- કેટલાક વિદ્યાર્થીઓની મદદથી વાર્તાનું સળંગ કથન કરાવવું.
- બાળકોને ચિત્ર આધારિત વાર્તાલેખન કરવાનું જણાવવું.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકો વાર્તાલેખન કરશે.

**2.3.12 વિચાર-વિસ્તાર:**

સંક્ષેપમાં રજૂ થયેલાં વાક્ય, પંકિત કે કંડિકામાં રહેલા ગૂઢ વિચારબીજને સમજવા ઉદાહરણો, દલીલો, કહેવતો આપી સ્પષ્ટ કરવા વિસ્તારવામાં આવે તેને વિચારવિસ્તાર– કહે છે.

❖ **શિક્ષકનું કાર્ય :**

- 12 થી 15 લીટી કે 100 થી 150 શબ્દોમાં વિચાર વિસ્તાર કરવા જણાવવું.
- પહેલા ફકરામાં વાક્ય –પંક્તિ કે કંડિકામાં રહેલા મુખ્ય વિચારને તારવી એક બે લીટીમાં નોંધ કરાવવી.
- મુખ્ય વિચારને વધુ સ્પષ્ટ કરવા અને તેની પુષ્ટિ કરવા દષ્ટાંતો, દલીલો મેળવવા પ્રશ્નોત્તરી કરવી અને તેની વચ્ચેના ફકરામાં દશેક લીટીમાં વિસ્તૃત નોંધ કરવા જણાવવું.
- છેલ્લા ફકરામાં સમગ્ર ચર્ચાનો બોધ,સંદેશ કે નિષ્કર્ષ સંક્ષિપ્તમાં એક -બે લીટીમાં લખવા જણાવવું.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકો વિચાર-વિસ્તાર કરશે.

**2.3.13 અહેવાલ લેખન:**

અહેવાલ એટલે કોઇ ઘટનાચિત્રાત્મક અને ,વર્ણનાત્મક ,પ્રવૃત્તિ કે કાર્યની વ્યુહાત્મક , કોઈ .શાબ્દિક રજૂઆત પણ સંસ્થાની કામગીરી, પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર તેમજ થયેલા કાર્યની નોંધ દસ્તાવેજ તરીકે કરવામાં આવે છે તેને અહેવાલ કહે છે. અહેવાલ લેખન પરથી સમગ્ર કાર્યપદ્ધતિ અને પ્રવૃત્તિનો ખ્યાલ આવે છે. સમગ્ર પ્રવૃત્તિની વ્યૂહરચના અને આંકડાકીય માહિતી પ્રાપ્ત થાય છે. અહેવાલ પરથી કાર્ય કે પ્રવૃત્તિની અસરકારકતા તેમજ વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

❖ **શિક્ષકનું કાર્ય :**

- શિક્ષકે શરૂઆતમાં સ્થળ, તારીખ, અહેવાલ અંગેની વિગતોની સમજૂતી આપવી.
- જેનો અહેવાલ લખવાનો હોય તે સંમેલન, ઉજવણી કે કાર્યક્રમના અવલોકન અને નિરીક્ષણના આધારે પ્રશ્નોતરી કરવી.
- સંસ્થાઓની કામગીરી વિશે અથવા સમારંભોમાં મુખ્ય મહેમાન, અતિથિવિશેષના વક્તવ્યોને સાંભળી, ચર્ચા કરી તેની ક્રમશઃસંક્ષિપ્ત માહિતી નોંધાવવી.
- શિક્ષકે બાળકોને સંમેલનોની મુલાકાત લેવડાવવી અને તેની ચર્ચા કરાવવી.
- કાર્ય કે ઘટનાનું શાબ્દિક, ચિત્રાત્મક કે વર્ણનાત્મક આલેખન કરાવવું.
- પ્રારંભ, મધ્ય અને અંતને ધ્યાને રાખીને લખાણ લખાવવું.
- અહેવાલમાં બિનજરૂરી લખાણને ટાળવું.
- વિષયવસ્તુની ભાષા સ્પષ્ટ, ટૂંકી અને મુદ્દાસર હોય તેનું ધ્યાન રાખવું.
- પ્રવૃત્તિ કે કાર્યમાં સહયોગી સંસ્થાઓએ અને વ્યક્તિઓએ સહકાર આપ્યો હોય તેની નોંધ કરાવવી.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકો અહેવાલ લેખન કરશે.

### 2.3.14 સારાંશ :

સર્જનાત્મક લેખનનું અધ્યાપન એ હેતુલક્ષી પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓના ભાષાકીય વિકાસ માટે શ્રવણ, કથન, વાચન અને લેખનનો સુપેરે વિકાસ થવો જોઈએ. વિદ્યાર્થી પોતાના જીવનનો વ્યવહાર સરળતાથી ચલાવી શકે તે માટે મૌખિક અને લેખિત પ્રત્યાયનને અસરકારક બનાવવા માટે યોગ્ય પદ્ધતિઓ દ્વારા શિક્ષણનું આયોજન થાય તે અત્યંત જરૂરી છે. બાળક દર્શન, ઓળખ, વાચન અને લેખન એ મનોવૈજ્ઞાનિક સોપાનો ક્રમબદ્ધ રીતે સર કરે તો જ સર્જનાત્મક લેખન માટે લાયક બને. સર્જનાત્મક લેખન અધ્યાપનમાં નિબંધ, પત્ર, વાર્તા, વિચાર-વિસ્તાર, અહેવાલ, વગેરેનો સમાવેશ થાય છે. આ બધા સ્વરૂપોનું યોગ્ય પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવું જોઈએ. પ્રશિક્ષણાર્થી અને વિદ્યાર્થીઓની ભાષા સમૃદ્ધ બને, ભાષા સજ્જતાનો વિકાસ થાય, લેખિત અભિવ્યક્તિ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરે તે માટે સ્વરૂપોની જાણકારી ખૂબ જ જરૂરી છે.

### 2.3.15 **સમજ ચકાસતા પ્રશ્નો :**

1. નિબંધ લેખનના પ્રકારો પૈકી કોઈ પણ એક વિશે માહિતી આપો.
2. વર્ગખંડમાં ઉત્તમ નિબંધ લેખન કરાવવા માટે શિક્ષક તરીકે તમે શું કરશો ?
3. સર્જનાત્મક લેખનના પ્રકારો પૈકી તમને ગમતા કોઈ પણ એક વિશે સમજૂતી આપો.
4. અનુલેખન અને શ્રુતલેખનનો તફાવત જણાવો.
5. પત્રલેખન સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને કેવા પ્રકારનું માર્ગદર્શન આપશો ?

### 2.3.16 સ્વાધ્યાય :

**યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(1) વ્યક્તિના ચારિત્ર્યનું દર્પણ એટલે ..................

(A) અભિવ્યક્તિ (B) અર્થગ્રહણ

(C) કાવ્યપઠન (D) તાર્કિક ચિંતન

(2) બાળકની ચિંતન શક્તિના વિકાસ અર્થે ........... જરૂરી છે.

(A) અનુલેખન (B) શ્રુતલેખન

(C) વિચારોનું સંક્ષેપીકરણ (D) સર્જનાત્મક લેખન

(3) સર્જનાત્મક લેખન વખતે શિક્ષકે ......................

(A) વર્ગમાં વાતાવરણ નિર્માણ કરવું. (B) કાળા પાટિયા પર લખવું .

(C) હોંશિયાર વિદ્યાર્થીની પસંદગી કરવી. (D) સારા વિષયની પસંદગી કરવી.

(4) ............. ને પત્રલેખનનો પ્રકાર કહી ન શકાય.

(A) સરકારી પત્રો (B) ધંધાકીય પત્રો

(C) વ્યાવહારિક પત્રો (D) અહેવાલ લેખન

(5) વાર્તાલેખનમાં વિચાર બદલાતાં ................. .

(A) પરિચ્છેદ પાડવો (B) હાંસિયામાં ઉલ્લેખ કરવો

(C) શીર્ષક બદલવું (D) વાર્તાનો અંત લાવવો

**2. નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો .**

1. સર્જનાત્મક લેખન અધ્યાપનનું મહત્ત્વ જણાવો.
2. અનુલેખન વખતે તમે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખશો.
3. તમારી શાળામાં ઉજવાયેલ બાળમેળાનો અહેવાલ લખો.
4. તમારી શાળામાં અંબાજીના પ્રવાસનું આયોજન કરેલ છે. તે અંગે પિતા પાસે અનુમતિ માંગતો પત્ર લખો.
5. વાર્તાલેખન કરાવતી વખતે કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ ?
6. વિચાર.વિસ્તાર અધ્યયન દરમિયાન શિક્ષકનું કાર્ય જણાવો–

### 2.3.17 **સંદર્ભ સૂચિ:**


1. અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી – 1998 : જોશી ગજેન્દ્ર– જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.
2. જોડણી શિક્ષણ: આક્રુવાલાસી.કે – ભારત પ્રકાશન, અમદાવાદ
3. માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યકિત, પ્રથમ આવૃત્તિ: વાળંદ અને બ્રહ્મભટ્ટ – શ્રી બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન મોડાસા – 1992
4. ગુજરાતી અધ્યાપનના નવા પ્રવાહો, પ્રથમ આવૃત્તિ–1961: દેસાઈ ધનવન્ત–એ.આર.શેઠની કંપની, મુંબઈ.
5. ગુજરાતી ભાષાનું વ્યાકરણ પ્રથમ આવૃત્તિ : વ્યાસ યોગેન્દ્ર – ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ– 1997
6. માતૃભાષાના વિવિધ પાસાંઓનું શિક્ષણ : ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદ
7. ગુજરાતી ભાષા શિક્ષણ દ્વિતીય વર્ષ, 2009 : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
8. માતૃભાષા ગુજરાતી 1-2 નું અધ્યાપન–અધ્યાયન : બી.એસ.શાહ પ્રકાશન–1980

**2.3.18 પ્રાયોગિક કાર્ય :**

- અક્ષર સુધારણા પ્રોજેક્ટ હાથ ધરવો. સુલેખન સ્પર્ધાનું આયોજન કરો.
- ધોરણ 1 થી 5 માં સમાવિષ્ટ વિરામચિહ્નોનો ચાર્ટ તૈયાર કરવો.
- વર્ગખંડમાં સાચી જોડણીવાળા શબ્દોનો ચાર્ટ રજૂ કરવો.(ધો1– થી 3 પૂરતો)
- પત્રલેખનની સ્પર્ધા યોજી ઈનામપાત્ર પત્રોને બુલેટીન બોર્ડ પર મૂકવા.

## 2.4. અધ્યયન - અધ્યાપનમાં સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ :

**2.4.1** પ્રસ્તાવના
2.4.2 ઉદ્દેશો
2.4.3 શિક્ષક નિદર્શિની
2.4.4 શબ્દકોશ અને વિશ્વકોશ
2.4.5 સામયિકો
2.4.6 સંદર્ભગ્રંથો
2.4.7 ગુજરાતી બાળ સાહિત્ય
2.4.8 સારાંશ
2.4.9 સમજ ચકાસતા પ્રશ્નો
2.4.10 સ્વાધ્યાય
2.4.11 સંદર્ભ સૂચિ
2.4.12 પ્રાયોગિક કાર્ય

**2.4.1 પ્રસ્તાવના:**

કોઈ પણ વિષયના અધ્યયન-અધ્યાપન કાર્ય માટે માત્ર પાઠ્યપુસ્તક પૂરતું નથી. પાઠ્યપુસ્તકમાં આપેલ એકમની વધુ સ્પષ્ટતા માટે સંદર્ભ સાહિત્ય અનિવાર્ય છે. શિક્ષણ કાર્યમાં સંદર્ભ સાહિત્યના વિનિયોગ દ્વારા શિક્ષણ કાર્યને વધુ સુદ્રઢ અને અસરકારક બનાવી શકાય છે. ભાષા શિક્ષણમાં શિક્ષક નિદર્શિની, શબ્દકોશ, વિશ્વકોશ,જ્ઞાનકોશ, સમાચાર પત્રો તેની વિવિધ પૂર્તિઓ સામયિકો અને વિવિધ સાહિત્ય કૃતિઓ સંદર્ભ તરીકે ઉપયોગી છે. અહીં આપણે કેટલાક સંદર્ભ સાહિત્યનો વિગતે પરિચય મેળવીશું.

**2.4.2 ઉદ્દેશો :**

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

- આ એકમના અભ્યાસથી વિવિધ સંદર્ભ સાહિત્યનો પરિચય મેળવે.
- અધ્યયન-અધ્યાપનમાં જે તે સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ જાણે .

- અધ્યયન-અધ્યાપનમાં એકમ શિક્ષણમાં સંદર્ભ સાહિત્યનો વિનિયોગ કરવાનું કૌશલ્ય કેળવે .

❖ **અધ્યાપનના મુદ્દા:**

ભાષા શિક્ષણમાં વિવિધ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ થાય છે. અહીં આપણે શિક્ષક નિદર્શિની, શબ્દકોશ અને વિશ્વકોશ, સામયિકો અને સંદર્ભગ્રંથો વિશે માહિતી મેળવીએ.

2.4.3 **શિક્ષક નિદર્શિની :**

શિક્ષકને જે-તે પાઠ્યપુસ્તકના અધ્યાપન અંગે માર્ગદર્શન આપવા માટે તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવતા પુસ્તકને શિક્ષક નિદર્શિની કહેવામાં આવે છે. શિક્ષક નિદર્શિનીને અધ્યાપન પોથી, ટીચર્સ હેન્ડબુક, ટીચર્સ મેન્યુઅલ, ટીચર્સ ગાઈડ, શિક્ષકની હસ્તપુસ્તિકા શિક્ષકઆવૃત્તિ વગેરે– બીજા નામોથી પણ ઓળખવામાં આવે છે.

❖ **શિક્ષક નિદર્શનીમાં સમાવિષ્ઠ બાબતો :**

❖ શિક્ષક નિદર્શની એ શિક્ષકના ઉપયોગ માટે છે. શિક્ષક નિદર્શનીમાં વિદ્યાર્થી આવૃત્તિના તમામ પાનાની ફોટોકોપી મૂકેલી છે. એટલે ભાણાવતી વખતે આ નિદર્શની દ્વારા જ કામ કરી શકે.

❖ જે–તે એકમ દ્વારા સિદ્ધ કરવાની ક્ષમતાઓ એ એકમના હેતુઓ છે. આ હેતુઓ એકમની શરૂઆતમાં જ મૂકેલા છે.

❖ એકમને અનુરૂપ વિશિષ્ટ હેતુઓ પણ તારવી આપેલા છે, જે હેતુઓ વિદ્યાર્થીઓમાં સિદ્ધ થાય તેવું માનસિક અને વાસ્તવિક આયોજન શિક્ષકે ગંભીરતાપૂર્વક ધ્યાને રાખવું જોઇએ.

❖ એકમપ્રવેશ કરવા માટે એકમ અનુસાર સંદર્ભ ઉદાહરણો પણ નમૂનારૂપે તારવી આપ્યાં છે. કેવા પ્રકારના પ્રશ્નો પૂછી શકાય તેની નમૂનઓ પણ મૂકવામાં આવ્યા છે.

❖ એકમને ધ્યાને રાખી થઇ શકે તેવી પ્રવૃત્તિની યાદી પણ મૂકી છે.

❖ એકમને અનુસંધાને ભાષાસજ્જતામાં કક્ષા પ્રમાણે વિદ્યાર્થીઓ સામે મૂકવાના લેખન–વ્યાકરણના મુદ્દાઓનો પણ સમાવેશ કરાયો છે.

❖ પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં મૂકેલા નવીન તરાહવાળા પ્રશ્નોનું વિશેષ છણાવટ પણ કરવામાં આવી છે.

❖ જે–તે એકમ સંદર્ભે મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિ–પ્રોજેક્ટ પણ સૂચવવામાં આવ્યા છે.

❖ **શિક્ષક નિદર્શિનીનું મહત્ત્વ :**

- જે તે એકમના અધ્યાયનના વિશિષ્ટ હેતુઓની સ્પષ્ટ સમજ મળે છે .

- શિક્ષક નિદર્શિનીમાંથી પાઠ્યપુસ્તકનું સ્વરૂપ અને તેના ઉપયોગ અંગે માર્ગદર્શન મળી રહે છે.
- અધ્યયન નિષ્પત્તિઓ કઇ છે અને તે કઇ રીતે મેળવી શકાય તેની સમજ તથા પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે .
- પ્રત્યેક વિષયાંગના શિક્ષણકાર્યની રૂપરેખા, હેતુઓ, વિસ્તૃત ચર્ચા, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે તમામ બાબતોની જાણકારી મળી રહે છે.
- જે-તે એકમના સાહિત્ય સ્વરૂપની માહિતી મળે છે. એકમમાં સમાવિષ્ટ વ્યાકરણ વિશેની પાયાની જાણકારી મળી રહે છે.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને સ્વાધ્યાય પ્રશ્નો માટેનું દિશાસૂચન શિક્ષક નિદર્શિનીમાં હોય છે.
- એકમના અધ્યાપન માટે કઈ કઈ પદ્ધતિઓ અપનાવવી, કયાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ થઈ શકે તેની જાણકારી મળે છે.
- જેતે– એકમને પૂરક બને તેવાં ગીતો, વાર્તાઓ, વિશેષ માહિતી તથા ઉપયોગી સંદર્ભ સાહિત્યની વિગતો આપવામાં આવે છે.
- શિક્ષકને વર્ગખંડમાં અસરકારક અને રસપ્રદ શિક્ષણકાર્ય માટેનું ભાથું પૂરું પાડે છે .
- જેતે– એકમની લક્ષ્યસિદ્ધિ માટે વિશિષ્ટ હેતુઓ દ્વારા એકમનું મૂલ્ય સમજાવે છે .
- શિક્ષક નિદર્શિની શિક્ષક માટે પાઠ આયોજન માટેની એક ઉત્તમ માર્ગદર્શિકા છે .

2.4.4 **શબ્દકોશ :**

શબ્દકોશ એટલે શબ્દનો કોશ. “શબ્દકોશ” એટલે શબ્દોની જોડણી અને અર્થનો કોશ. કોશ એટલે ભંડાર. શબ્દકોશને દ્રશ્ય-સંદર્ભ ગ્રંથ પણ કહી શકાય. તેમાં શબ્દોની મૂળાક્ષર ક્રમે ગોઠવણી કરવામાં આવી હોય છે. શબ્દકોશમાં દરેક શબ્દની જોડણી, વ્યુત્પત્તિ, વ્યાકરણ, લિંગ, અર્થ, ઉચ્ચારણ ઉપરાંત રૂઢિપ્રયોગ અને કહેવતનો સમાવેશ થતો હોય છે. શરૂઆતમાં શબ્દકોશનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે. શબ્દોની ગોઠવણી વર્ણાક્ષરોના ક્રમમાં થયેલી હોય છે.શબ્દકોશની શરૂઆતમાં તેમાં વપરાયેલા સંક્ષેપોની સમજ આપવામાં આવે છે. ગુજરાતી શબ્દકોશમાં જોડણી અંગેના નિયમો પણ આપવામાં આવે છે.શબ્દકોશ સ્વઅધ્યયનમાં ખૂબ જ ઉપયોગી છે.

❖ **શબ્દકોશમાં શબ્દોનો ક્રમ :**

ગુજરાતી શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ"થી શરૂ થતા શબ્દો પછી 'અં" થી શરૂ થતા શબ્દો આવે છે. પછી 'આ"થી શરૂ થતા શબ્દો આવે. આ ક્રમ આ રીતે આવે.....અ, અં, આ, આં, ઇ, ઇં, ઈ, ઈં, ઉ, ઉં, ઊ,ઊં, ઋ, એ, એં, ઐ, ઐં, ઓ, ઓંઔ, અને ઔં થી શરૂ થતા શબ્દો પૂરા થાય પછી 'ક' થી શરૂ થતા

શબ્દો આવે. એનો ક્રમ પણ ઉપર મુજબ જ રહે. ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કેં, કૈ, કૈં, કો, કોં, કૌ, કૌં થી શરૂ થતા શબ્દો આવે. તે પછી 'ક" સાથેના જોડાક્ષર આવે. ક્ય, ક્ર, ક્લ, ક્વ, ક્ષ (ક્+શ)થી શરૂ થતા શબ્દો આવે. ક સાથે જોડાતા અક્ષરનો ક્રમ કક્કાના ક્રમ પ્રમાણે જ રહે છે. માત્રાઓ પણ નિશ્ચિત ક્રમ પ્રમાણે જ રહે છે.

❖ **ગુજરાતી ભાષામાં જાણીતા શબ્દકોશ નીચે પ્રમાણે છે**.

સાર્થ ગુજરાતી જોડણીકોશ, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. તે આધારભૂત જોડણીકોશ છે. આ ઉપરાંત વિનીત શબ્દકોશ, ભગવતસિંહજી કૃત ભગવદ્ગોમંડળ ,બૃહદ શબ્દકોશ, નાનો કોશ...વગેરે કોશ છે. શબ્દકોશ શબ્દની સાચી જોડણી અને અર્થ જોવા માટે વપરાય છે. ઉપરાંત જુદી જુદી ભાષામાં શબ્દના અર્થ જોવા માટે ગુજરાતી-હિન્દી-ગુજરાતી, ગુજરાતી-સંસ્કૃત-ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-ઉર્દુ-ગુજરાતી વગેરે શબ્દકોશ પણ પ્રાપ્ય છે.

❖ **શબ્દકોશનું મહત્ત્વ :**

શબ્દકોશ સ્વઅધ્યયન માટે ખૂબ જ ઉપયોગી છે. વિદ્યાર્થી કે શિક્ષક કોઈ એકમનું અધ્યયન કરતા હોય, ત્યારે કોઈક શબ્દની અર્થછાયા બરાબર બેસતી ન હોય ત્યારે શબ્દકોશના અર્થ જોઈ લેવાથી સમસ્યાનો ઉકેલ આવે છે એટલે કે શબ્દકોશ જોડણી અને અર્થ માટે અતિ મહત્ત્વનું સંદર્ભ સાહિત્ય બની રહે છે. શબ્દના ભિન્ન-ભિન્ન અર્થ જાણી શકાય છે. શબ્દનો ઉપયોગ વાક્યમાં કઈ રીતે થયો છે તેને આધારે તેની પાસેનો અર્થ સહેલાઈથી તારવી શકાય છે. વર્ગશિક્ષણ દરમિયાન કૃતિનું અધ્યાપન કરતાં પહેલાં વિદ્યાર્થીઓ પાસે તેનું વાચન કરાવી તેઓને ન સમજાતા શબ્દોની ઓળખ કર્યા બાદ તેના અર્થ શબ્દકોશમાંથી શોધવાનું કહી શકાય. શબ્દોના અર્થ શોધ્યા બાદ ફરીથી કૃતિનું વાચન વિદ્યાર્થીઓ કરે. આમ, તેઓના અર્થગ્રહણમાં સુધારો કરાવી શકાય.

શબ્દકોશનો ઉપયોગ જેમ વધુ તેમ તેમ બાળકોનું શબ્દભંડોળ વધુ. લેખનકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને પોતાના વિચારને અનુરૂપ કોઈ શબ્દ મળતો ન હોય તો તેનો પર્યાય શબ્દકોશમાંથી શોધીને લખશે. આમ, બાળક શબ્દકોશ દ્વારા શબ્દોના સંદર્ભ સાથેના અન્ય અર્થ જાણે છે અને તેનો ઉપયોગ કરતાં શીખે છે.

❖ **વિશ્વકોશ :**

વિશ્વકોશ એટલે સર્વજ્ઞાનસંગ્રહ. '' Encyclopedia = Encyclocircular, Complete અને Pedia = Education.'' આમ, વિશ્વકોશ બધી બાબતો વિશે મૂળાક્ષરક્રમે માહિતી માટેનો સંદર્ભગ્રંથ છે. વિશ્વકોશમાં શબ્દો ઉપરાંત ચિત્રો, આકૃતિઓ, આલેખ, સારણી વગેરેનો પણ સમાવેશ થાય છે. વિશ્વ પર ફેલાયેલ જ્ઞાનના તમામ વિષયો કે બાબતો માટેનો માહિતીગ્રંથ એટલે વિશ્વકોશ. વિશ્વકોશમાં

પ્રત્યેક વિષયની વિભિન્ન વિભાગોમાં માહિતી આપવામાં આવે છે. વિવિધ વિષય કે શાખા પ્રમાણે ગ્રંથશ્રેણી સ્વરૂપે પણ જ્ઞાનકોશ પ્રકાશિત થાય છે. કોઈ પણ વિષયની અધિકૃત માહિતી મેળવવામાં અને શિક્ષણકાર્યમાં આવતી વિગતોની સ્પષ્ટતા માટે વિશ્વકોશ ઉપયોગી છે. મહત્ત્વના વિશ્વકોશ નીચે મુજબ છે...

- ગુજરાતી વિશ્વકોશ
- સાહિત્ય કોશ
- જ્ઞાનગંગોત્રી
- હિન્દી વિશ્વકોશ
- ઈન્ટરનેશનલ એનસાઈક્લોપીડિયા ઑફ સાયન્સ
- ઍનસાયક્લોપીડિયા બ્રિટાનિકા

2.4.5 **સામયિકો :**

માતૃભાષાના શિક્ષણમાં સામયિકો અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ચોક્કસ સમયાંતરે પ્રકાશિત થતાં હોવાથી શિક્ષણ ઉપરાંત વર્તમાન પ્રવાહો જાણવામાં ઉપયોગી સાબિત થાય છે. જેમ વર્તમાનપત્રો પ્રજાજીવનમાં ઓતપ્રોત થઈ ગયાં છે તેમ સામયિકો પણ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનવૃદ્ધિના પ્રબળ અને અસરકારક સમૂહ માધ્યમ તરીકે ઉપયોગી સાબિત થયાં છે. વિવિધ ક્ષેત્રે થતાં સંશોધનો, વિવિધ ક્ષેત્રોની સમસ્યાઓ અને તેના ઉકેલ અંગેનું ચિંતન, વિવિધ ક્ષેત્રે હાંસલ થતી સિદ્ધિઓ વગેરેના સમાચારો કે લેખો સામયિકોમાં પ્રગટ થતા હોય છે. આજે ભાષાશિક્ષણ સાથે ગાઢ સંબંધ ધરાવતાં સામયિકોનું પ્રકાશન વધ્યું છે. અધ્યયન-અધ્યાપન દરમિયાન માતૃભાષાના શિક્ષકે અને વિદ્યાર્થીએ તેનો જેમ બને તેમ વધુને વધુ ઉપયોગ કરવો જ જોઈએ.

❖ **સામયિકોનું મહત્ત્વ:**

ભાષાના સામયિકો સાહિત્ય જગતની સાંપ્રત સમયની માહિતી પૂરી પાડે છે. તેમાં નવાં પ્રકાશિત થયેલાં પુસ્તકો કે જૂનાં નીવડેલાં પુસ્તકોની સમીક્ષા આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ સામયિકોના અભ્યાસથી શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનવૃદ્ધિ કરે છે. સામયિકો વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન માટેની સંદર્ભ સામગ્રી અને પ્રેરણા પૂરી પાડે છે. પાઠ્યપુસ્તકોના સંદર્ભની નૂતન વિગતોથી વાકેફ કરે છે. કાવ્યની વિવિધ રચનાઓ અને આસ્વાદ દ્વારા તેના વિવિધ ભાવોથી પરિચિત કરે છે. તેથી બાળકોના જ્ઞાનભંડોળમાં વૃદ્ધિ થાય છે. સામયિકોમાં પોતાની સ્વરચિત કૃતિઓ, રચનાઓ પ્રસ્તુત કરવાની તક સાંપડે છે. જ્યારે પોતાની રચનાઓ કે કૃતિઓને સામયિકોમાં સ્થાન મળે છેત્યારે , વિશેષ આનંદ-ઉત્સાહ અને પ્રેરણા મળે છે. આવી નાની કૃતિ કે રચના કરતાં-કરતાં તે વિદ્યાર્થી ભવિષ્યનો સારો કવિ કે લેખક પણ બની શકે છે.

આમ, વિવિધ સામયિકો સર્જન કરવાની તક પૂરી પાડે છે. સામયિકો શિક્ષકના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે . વિવિધ એકમને સુસંગત-અનુબંધ માટે વિવિધ ઉદાહરણો દ્વારા એકમને વધુને વધુ રુચિકર અને જીવંતતા બક્ષે છે. વર્તમાનપત્રોની બાળકો માટેની સાપ્તાહિક પૂર્તિઓમાં અને બાળકો માટેનાં જ ખાસ સામયિકોમાં શબ્દરમતો, જોડકણાં, ઉખાણાં, બાલવાર્તાઓ, બાળગીતો, શબ્દચિત્રો, ભાષાકીય સ્પર્ધાઓ, MCQ, પઝલ્સ વગેરે આપવામાં આવે છે. જેના દ્વારા રમતાં રમતાં ભાષા શિક્ષણ થઈ શકે છે. પાઠ્યપુસ્તકોમાં પ્રકરણના અંતે આપેલ પ્રવૃત્તિઓ જેવી કે વર્તમાનપત્રો કે સામયિકોમાંથી જોડકણાં સંગ્રહ બનાવો, છાપામાં આવતા હાસ્યલેખો વાંચી, અંક બનાવી વર્ગમાં રજૂ કરવા. આવી પ્રવૃત્તિઓમાં સામયિકો ઉપયોગી છે. સાચે જ સામયિકો જ્ઞાનની પરબ છે. ભાષા શિક્ષણમાં ઉપયોગી કેટલાંક સામયિકોની યાદી આ મુજબ છે.

❖ **કેટલાક સામયિકોની યાદી:**

1. બાલસૃષ્ટિ – ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
2. શબ્દ સૃષ્ટિ – ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ.
3. જીવન શિક્ષણ – જીસીઈઆરટી, ગાંધીનગર.
4. જ્ઞાનશકિત – સર્વ શિક્ષા અભિયાન મિશન, ગાંધીનગર.
5. પ્રત્યાયન – ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
6. જ્ઞાનસેતુ – ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ., અમદાવાદ.
7. બાળવિશ્વ – બાળવિશ્વ વિદ્યાલય, ચિલ્ડ્રન યુનિ., ગાંધીનગર.
8. પરબ – ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ.
9. આદિત્ય કિરણ – ક્ષિતિ પ્રકાશન, અમદાવાદ.
10. પ્રગતિશીલ શિક્ષણ – તંત્રી,પી.જી.પટેલ, અમદાવાદ.
11. ક્લાસરૂમ ટેકનિક – નવભારત પ્રકાશન, અમદાવાદ.
12. અધ્યયન–અધ્યાપન – ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ.
13. ધીંગામસ્તી – વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર.
14. ઘરશાળા – સરસ્વતી વિદ્યાલય, અમદાવાદ.
15. બાલમૂર્તિ – નૂતન બાલશિક્ષણ સંઘ, વડોદરા

**2.4.6 સંદર્ભગ્રંથો :**

માતૃભાષાના શિક્ષણને અસરકારક અને સફળ બનાવવામાં સંદર્ભગ્રંથો ખૂબ જ ઉપયોગી પૂરવાર થયા છે. પાઠ્યપુસ્તકમાંના વિષયવસ્તુને સમજવામાં તેને વધુ ઘનિષ્ઠ અને માહિતીસભર બનાવવા તથા આધુનિક પ્રવાહોથી વાકેફ થવામાં સંદર્ભગ્રંથો અતિ આવશ્યક છે. વર્ગ શિક્ષણના

હેતુઓની સિદ્ધિ માટે શિક્ષકે વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો આપવાના છે. આ અધ્યયન અનુભવો જેટલા અસરકારક અને સબળ તેટલું જ શિક્ષણકાર્ય સંગીન બની રહે છે. સંદર્ભ ગ્રંથોમાં પુસ્તકો , વિવેચન ગ્રંથો, ભાષાવિજ્ઞાન ગ્રંથો, વ્યાકરણના ગ્રંથો અને વિવિધ પ્રકારના સાહિત્યની કૃતિઓનો સમાવેશ થાય છે.

### ❖ સંદર્ભગ્રંથોનું મહત્ત્વ:

સંદર્ભગ્રંથોના ઉપયોગથી પાઠ્યપુસ્તકની મર્યાદા અને શિક્ષક્ની મર્યાદા દૂર થાય છે. વિવિધ સંદર્ભના કારણે શિક્ષકની ભાષા સજ્જતા વધુ વિકસે છે. શિક્ષકનો આત્મવિશ્વાસ વધે છે . અધ્યાપનમાં ઊંડાણ આવે છે. શિક્ષણ રસમય બને છે. વિદ્યાર્થી વધુને વધુ સંદર્ભ ગ્રંથ વાંચવા પ્રેરાય છે. સંદર્ભગ્રંથોના કારણે શિક્ષકો અને વિદ્યાર્થીઓની જ્ઞાનક્ષિતિજો વિસ્તરે છે. આધુનિક પ્રવાહો, બનાવો, સંશોધનોની માહિતી પૂરી મળે છે. અદ્યતન માહિતી દ્વારા શિક્ષણકાર્ય વધુ વિશ્વસનીય બને છે.

શિક્ષક વિષયવસ્તુનું આયોજન કરે છે ત્યારે વિષયાંગને અનુરૂપ સંદર્ભ પુસ્તકો, સામયિકો અને અન્ય વાચન સામગ્રીનું અવલોકન કરી તેમની વાચનનોંધ તૈયાર કરે છે. પાઠ્યપુસ્તકની અનેકવિધ બાબતોને વધુ અસરકારક બનાવવા માટે સંદર્ભગ્રંથો સફળ પૂરવાર થયા છેવિદ્યાર્થીઓની . વાચન પ્રત્યેની રુચિ વધે છે. આ ઉપરાંત સ્વાધ્યાય, સેમિનાર, સિમ્પોઝિયમ, પેનલ ચર્ચા, જૂથચર્ચા, નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની અસરકારકતા વધારવામાં સહાયભૂત બની રહે છે. સંદર્ભગ્રંથો અભ્યાસક્રમની રૂપરેખા આધારિત ઉદ્દેશો અને અધ્યયન નિષ્પત્તિઓની પાયારૂપ બાબતોમાં ઉપયોગી નીવડે છે. પાઠયપુસ્તકમાં એક પ્રકરણ તરીકે આખ્યાનખંડ, નવલકથાખંડ,નાટ્યખંડ કે આત્મકથાખંડ લેવામાં આવે છે, ત્યારે તેને સમજાવવામાં સંદર્ભગ્રંથો તરીકે જે તે મૂળ કૃતિઓનો ઉપયોગ અનિવાર્ય થઇ પડે છે. આ સંદર્ભે ધોરણ 1 થી 5 ના ગુજરાતીના પાઠ્યપુસ્તકોમાં એકમને અંતે આપેલી વિવિધ પ્રવૃત્તિઓ જોઇએ.

- પુસ્તકાલયમાંથી ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓ મેળવો અને વાંચો.
- શાળા-પુસ્તકાલયમાંથી અન્ય ચિત્રવાર્તા મેળવી વર્ગમાં અને પ્રાર્થના સંમેલનમાં રજૂ કરો.
- પુસ્તકાલયનો ઉપયોગ કરી રમૂજ કથાઓ મેળવો, વાંચો અને વર્ગમાં રજૂ કરો.
- શિક્ષકની મદદથી ઋતુગીતોનો સંગ્રહ કરો.
- પુસ્તકાલયમાંથી જોડકણાંવાળી બાળવાર્તાઓ શોધીને વાંચો.
- પ્રાર્થનાસભામાં બાળવાર્તા રજૂ કરો.
- અભિનય થઈ શકે તેવાં બાળગીતોનો સંગ્રહ તૈયાર કરો.
- જોડકણાં અંક બનાવો.

- વાર્તા અંક તૈયાર કરો.
- જયોતીન્દ્ર દવેનું “રેતીની રોટલી” પુસ્તક મેળવી વાંચો.

ઉપરોક્ત જેવી પ્રવૃત્તિઓ કરવા સંદર્ભગ્રંથો ઉપયોગી થાય છે.

- આજે તો ગુગલ ઉપર ગુજરાતી ભાષા અને સાહિત્યને લગતી ઘણી જ માહિતી ઉપલબ્ધ છે. અહીં કેટલીક વેબસાઇટની યાદી આપી છે. જેનો ઉપયોગ કરી શકાય.
- www.gujarati
- www.gujarati gramar
- www.gujarati sahitya
- www.gujarati locgito
- www.aksharnad.com
- www.gujarati kavita
- www.read gujarati
- www.bhash india.com

## 2.4.7 **ગુજરાતી બાળ સાહિત્ય**

1. લલિત સાહિત્યનાં અન્ય સ્વરૂપોની જેમ ગુજરાતી બાળ સાહિત્ય પણ પાશ્ચાત્ય સાહિત્યમાંથી પ્રેરણા લઇને અવતર્યુ અને પાંગર્યુ છે. માનવ સંસ્કૃતિના વિકાસમાં બાળક અને બાલ્યવયનું ખૂબ મૂલ્ય અને મહત્વ છે. બાળક કુટુંબથી જ સંસ્કારના શ્રીગણેશ કરે છે. બાળકના ઘડતર માટે કુટુંબ, શાળાઓ તો પ્રયત્ન કરે છે પરંતુ સંસ્કાર ઘડતર માટે જ સાહિત્યનું નિર્માણ થાય તો એ અસરકારક બની રહે. એથી જ ડો. શ્રદ્ધા ત્રિવેદી બાળ સાહિત્ય વિશે નોંધે છે કે, ‘એક રીતે જોતાં એમ લાગે છે કે બાળ સાહિત્ય બાળકને પાંખ આપવાનું કાર્ય કરે છે અને બીજું તેના માટે દીવાદાંડી બનીને તેનું પથદર્શક પણ બની રહે છે.’
2. બાળ સાહિત્ય એટલે શું ?
3. બાળ સાહિત્ય એવું વાંચતા જ બાળકોનું સાહિત્ય કે બાળકો માટેનું સાહિત્ય – એવી અર્થ છાયાઓ સહજ રૂપે જ પ્રાપ્ત થાય. પરંતુ આપણે આ સંજ્ઞાને શબ્દકોશના અર્થ પ્રમાણે તાપાસીએ. ‘બાળ સાહિત્ય’ સંજ્ઞામાં બાળ અને સાહિત્ય એમ બે પદો સમાયેલાં છે આ બંને પદો બાળ સાહિત્ય એવા શબ્દમાં સમાસરૂપે યોજાયા છે. ‘બાળ’ એટલે બાળક. ઉંમરમાં નાનું એવું વ્યક્તિ જન્મથી માંડીને ૧૪–૧૫ વર્ષનું બાળક એવી સંજ્ઞા હેઠળ આવરી લેવામાં આવે છે. જન્મથી તરુણાવસ્થા સુધીના વયનું માનવ શિશુ એટલે બાળક. બિનઅનુભવી, કોઈપણ વિષયમાં અજાણ વ્યક્તિ.

4. “સાહિત્યનો અર્થ શબ્દ અને અર્થનું સહિતત્વ – સહભાવ થાય છે. સાહિત્ય પહેલાં શાસ્ત્ર માટે વપરાતી સંજ્ઞા હતી જે પછી લલિત સાહિત્યના અર્થમાં સ્થિર થઈ છે. આમ માત્ર બાળક માટેનું જ સર્જનાત્મક – સરળ ભાષા ધરાવતું સાહિત્ય એટલે બાળ સાહિત્ય. એમ કહી શકાય.
5. ટૂંકમાં બાળકનું વ્યક્તિત્વ ખીલે, વિકસે, સમાર્જિત થાય તેવા ચોક્કસ દૃષ્ટિકોણથી બાળ સાહિત્ય રચાય છે. તે બાળકમાં રહેલી શક્યતાઓને પ્રગટ કરવાની ભૂમિકા અદા કરે છે. બાળકનો ક્રમે ક્રમે વિકાસ અને ઘડતર થાય છે. બાળ સાહિત્ય બાળકના આનંદની સાથે સાથે પશુ, પંખી, વનસ્પતિ જગત, આડોશી પાડોશી, ગામ, પાદર, ઘર અને પરિવાર સાથે જોડી આપે છે અને પ્રેમ જગાવે છે. આમ સ્વસ્થ અને આનંદી મનુષ્યના ઘડતર માટે બાળ સાહિત્ય ખાતર અને પાણીની ગરજ સારે છે. “બાળ સાહિત્યનાં લક્ષણોમાં કદની સ્પષ્ટતા કરતા વિનોદી નીલકંઠ કહે છે કે, :
6. “બાળ સાહિત્ય વાર્તા, પાત્ર, રસ, કલ્પના અને આનંદની લઘુ આવૃત્તિ છે.”
7. બાળ સાહિત્યના પ્રકારો–
8. બાળ સાહિત્ય મુખ્યત્વે નીચેના સ્વરૂપે સાંપડે છે.બાળ વાર્તા કે બાળ કથા.
9. બાળ કાવ્ય,
10. બાળ નાટક
11. બાળ ચરિત્ર

❖ **બાળ સાહિત્યની વ્યાખ્યાઓ–**

➢ "બાળ સાહિત્ય એટલે બાળકો માટેનું બાળકોને નજર સમક્ષ રાખીને લખાયેલું સાહિત્ય."

– રમણભાઈ સોની

તેઓ કહે છે કે – "બાળ સાહિત્યનુ સર્જન બાળકોને નજર સમક્ષ રાખીને થવું જોઈએ."

ગીજુભાઈ બધેકા અને તારાબેન મોડકે આપેલ બાળ સાહિત્યની વ્યાખ્યા કંઈક આવી છે. “બાળકો માટે લખવું એટલે સહેલું અને જોડાક્ષર ન હોય તેવું લખવું, કંઈક બોધપ્રદ લખવું એમ મનાય છે.” તેમજ જરા કાલુઘેલું, જરા વાર્તા રૂપે તેમજ સંવાદાત્મક હોઈ તો બાળ સાહિત્ય બને. પરંતુ બાળ વાંચનમાં મોટાઓના સાહિત્યના બધા ગુણો હોઈ શકે, હોવા જોઈએ, માત્ર કક્ષા ફેર હોય, વસ્તુફેર હોય, ભાષા ફેર હોય, પણ સાહિત્ય તો હોય જ.

ટૂકમાં બાળ સાહિત્યમાં ભાષાની કોમળતા અને ગૌરવ પણ હોય, ભાષાનું રૂમઝુમતું સંગીત હોય ને વિચારની સૂક્ષ્મ ઝીણવટ પણ હોય, હૃદયને ડોલાવે તેવું ડોલન હોય તો સાથે સુંદર તોલન પણ હોય.

જાણીતા બાળ સાહિત્યકાર યશવંત મહેતાની બાળ સાહિત્યની વ્યાખ્યા આમાં થોડો ઉમેરો કરે છે. તેમના મતે, "બાળ સાહિત્ય એટલે બાળકોને જે વાંચવાથી કે સાંભળવાથી આનંદ મળે, કશુંક જ્ઞાન મળે, સમજણ કે બોધ મળે તેવું સાહિત્ય. તેની કેટલીક શરતો છે જેમકે—ભાષા સરળ હોવી જોઈએ, એના કથાવસ્તુ અને વિષયો બાળકોના જ્ઞાન વિશ્વની અંદરનાં હોવા જોઈએ. અમૂર્ત ચીજ વસ્તુ કે ખ્યાલો તેમાં ન આવવાં જોઈએ. પાપ અને પુણ્ય, આલોક અને પરલોક, દેવ અને દાનવ, તપ, ચમત્કાર, બ્રહ્મ આ જાતના જે ખ્યાલો છે તે પણ બાળ સાહિત્યમાં ન હોવા જોઈએ. વાક્યો બનતાં સુધી સયુંકત ન હોય. દરેક વાક્ય સ્વતંત્ર હોવું જોઈએ. મિશ્ર વાક્ય તો આવવાં જ ન જોઈએ. સાથે એક જ વાક્યમાં એકથી વધુ ક્રિયાપદ આવી જાય તેવાં વાક્યો પણ ન પાલવે, જે બાબત પ્રૌઢ શિક્ષણને લાગું પડે છે તે બાળ સાહિત્યને પણ લાગુ પડે છે. કેટલાક લોકો એમ કહે છે કે જેમાં બાળકો પાત્ર હોય તે બાળ સાહિત્ય કહેવાય એ વાત ખોટી છે.

બાળ સાહિત્યમાં વિચાર, શૈલી અને અભિવ્યક્તિ ત્રણ સ્પષ્ટ હોવાં જોઈએ.

❖ **બાળ સાહિત્યનુ મહત્વ–**

- બાળ સાહિત્ય ત્રણથી આઠ વર્ષનાં બાળકો અને આઠ થી ચૌદ વર્ષનાં બાળકો માટે રચવામાં આવે છે. બાળ સાહિત્ય પાઠ્યપુસ્તકથી અલગ સ્વરૂપે રચાય છે. બાળકોને અભ્યાસમાં રૂચી વધતી જાય છે.
- બાળકોના શબ્દભંડોળમાં વધારો થાય છે.
- નવીન શબ્દ રચના કે વાક્ય રચનાને કારણે બાળકોનો ઉત્તરોત્તર ભાષા વિકાસ થતો જાય છે.
- નૈતિક વિકાસ થાય છે.
- ચારિત્ર્ય ઘડતર તથા સંસ્કાર ઘડતર થાય છે.
- જે બાળકો બાળ સાહિત્યના વાંચનમાં વધુ રસ ખીલવે છે તે આગળ જતાં વાર્તાકાર કે કવિ બની જાય છે.
- બાળકની સર્જનાત્મક, કલ્પના, સુષુપ્ત શક્તિ ખીલે છે.
- બાળ સાહિત્ય દ્વારા વિવિધ જીવન મૂલ્યોનો બાળકમાં આવિર્ભાવ થાય છે અને તેના વ્યક્તિત્વનું ઘડતર થાય છે.
- બાળ સાહિત્યના વાચનથી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોથી પરિચિત થાય છે.
- મૌલિક અને મૌખિક શક્તિનો વિકાસ થાય છે.
- બાળ વાર્તા, બાળ સાહિત્ય બાળકને પાંખ આપવાનું કામ કરે છે.

➢ બાળ સાહિત્ય બાળકો માટે દીવાદાંડી સમાન બની જીવનનો નવો રાહ ચીંધે છે.

### ❖ બાળ સાહિત્યની વિશેષતા/ લાક્ષણિકતા:અથવા બાળસાહિત્યની રચના વખતે કઇ–કઇ વસ્તુઓ ધ્યાનમાં રાખવી જોઇએ?

**(1) ગમ્મત સાથે જ્ઞાન:**

બાળ સાહિત્યમાં અમુક શબ્દોના અર્થો બાળકોને ભલે સમજાય નહિ તેમ છતાં પણ બાળકોને તેમાં રસ પડતો હોય છે. એનું કારણ બાળકને તેમાંથી જે આનંદ મળતો હોય છે તેને ગણાવી શકાય. બાળક જ્ઞાન મેળવવા માટે સાહિત્ય પાસે નથી જતો. તેને તો જોઇતો હોય છે માત્ર આનંદ. આ આનંદની સાથે સાથે તેને જ્ઞાન મળતું જાય છે. આ વાતને એક ઉદાહરણ દ્ધારા સમજીએ.

**અડકો દડકો દઈ દડૂકો**
**પીલુ પાકે શ્રાવણ ગાજે**
**ઉલમૂલ ધતુરાનું ફૂલ,**
**સાકર શેરડી ખજૂર**

આ જોડકણામાં પહેલી પંકિત શું કહેવા માગે છે તેનો અર્થ બાળકને ભલે સમજાતો ન હોય છતાં પણ તે આનંદ આપનારૂ હોઈ બાળકોમાં આજે પણ લોકપ્રિય છે.

**(2) કથાવસ્તુ:**

બાળ સાહિત્યનો એક ઉદ્ધેશ્ય ભવિષ્યના સારા નાગરિકો તૈયાર કરવાનો પણ છે. આજનો બાળક એ આવતીકાલનો નાગરિક બનવાનો એટલે બાળકોને એવી બાબતો શીખવવી જોઇએ. જેથી એક આદર્શ રાષ્ટ્ર બનાવવામાં તે મદદરૂપ થવાની ભાવના ધરાવનાર, બીજાનાં દુ:ખો દૂર કરનાર અને સહાનુભૂતિ આપનાર વ્યકિત બને. બાળ સાહિત્યના કથાવસ્તુમાં સાહસ, શૌર્ય વગેરે આ દષ્ટિએ અનિવાર્ય છે એટલે બાળ સાહિત્યમાં વીરરસનું પ્રમાણ વધારે રહેવું જોઇએ.

**(3) પાત્રસૃષ્ટિ:**

બાળ સાહિત્યની પાત્રસૃષ્ટિમાં ઘણી બધી વિવિધતાઓ આપણને જોવા મળતી હોય છે. એમાં સામાન્ય વ્યક્તિથી માંડીને રાજા, રાજકુમારો તેમજ પરીઓ જેવાં કાલ્પનિક પાત્રો પણ પાત્ર સ્વરૂપે આવતાં હોય છે, તો તેમાં દેવો આવે, દેવીઓ પણ આવે, સ્વર્ગલોકનાં પાત્રો આવે, પાતાળલોકનાં પાત્રો પણ આવે. તેમાં મનુષ્ય ઉપરાંત પશુ, પંખી, જીવ, જંતુ, વૃક્ષો વગેરે જેવા સજીવો પણ પાત્ર તરીકે આવે. ચેતન અને અચેતન તમામ ઘટકો બાળ

સાહિત્યનાં પાત્રો તરીકે આવી શકે છે. બાળમાનસનાં કારણે તે પરી, જલકન્યા, ઊડતા ઘોડા, કાર્ટુન વગેરેને પણ પાત્ર સ્વરૂપે કલ્પી શકે છે.

**(4) સાદી અને સરળ ભાષા:**

બાળ સાહિત્યની ભાષા સાદી અને સરળ હોવી જોઇએ, જેથી બાળકો તેને આસાનીથી સમજી શકે.

અલંકાર મંડિત અને છંદોથી ભરપૂર અને સમાસપ્રચૂર ભાષા બાળસાહિત્યને ક્યારેય માફક આવતી નથી. બાળકોની કલ્પનાશકિતનો વિકાસ થાય તે માટે કલ્પનો જરૂરી છે એટલે કલ્પનો યુક્ત ભાષા વાપરવી વધારે ફાયદાકારક નીવડે છે. પણ તેમાં પ્રતીકો ઓછાં હોવાં જોઇએ. જેને કારણે તે ઝડપથી સમજાય જાય. નહીંતર પ્રતીકાત્મક ભાષામાં લખાયેલું સાહિત્ય સમજવામાં જ બાળકને પોતાની સમજણશક્તિ વાપરવી પડે તો પછી બાળક આ બાળસાહિત્યનો આનંદ માણી શકતો નથી.

**(5) વિસ્તારની દ્દષ્ટિએ ટૂંકુ પરંતુ અસરકારક:**

બાળસાહિત્ય વિસ્તારની દ્દષ્ટિએ બહુ દીર્ઘ ન હોવું જોઇએ. એટલે જ તેના જે સ્વરૂપો છે તે બધાં ટૂંકા ટચ હોવા છતાં અસરકારક સાબિત થાય છે. બાળસાહિત્યની રચનાઓ જો દીર્ઘ હશે તો બાળકને તે રચના પૂરી થશે ત્યાં સુધી એ વાત ભૂલી જશે કે શરૂઆતમાં શું બન્યું હતુ? એટલે કે બાળકની યાદશકિત અને ઉંમરના પ્રમાણે બાળસાહિત્યનો ફલક વધઘટ થવું જોઇએ.

**(6) વાસ્તવિક અને અલૌકિક જગતનું સામ્ય:**

આપણે સૌ જે ચીજ કે વસ્તુઓને જોઇ શકીએ છીએ તે વાસ્તવિક છે અને જે જોઇ શકતા નથી પરંતુ જેના વિશે માત્ર કલ્પના જ કરી શકીએ છીએ તે અલૌકિક બાબતો છે, તેવું માનવી અત્યાર સુધીના અનુભવોને આધારે જાણી શકયો.

**(7) ચિત્રાત્મક સાહિત્ય:**

બાળસાહિત્ય બાળકના મનોરંજન માટેનું ઉત્તમ માધ્યમ બની શકે તેવી શક્તિઓ પોતે ધરાવે છે. આ માધ્યમ બાળકોને વધારેમાં વધારે સારી રીતે મનોરંજન કેમ પૂરૂ પાડી શકે તે માટે બાળસાહિત્યકારો તરફથી અવનવી બાબતો જે બાળસાહિત્યને સહાયક હોય તેવી મળતી રહી છે અને મળતી રહેશે. પણ તેમાં એક બાબત એવી છે કે જે બાળકોને સતત પોતાના તરફ આકર્ષિત કરતી રહે છે અને તે છે તેનામાં રહેલી ચિત્રાત્મકતા. બાળસાહિત્યમાં વિષયને અનુરૂપ ચિત્રો મૂકવામાં આવતાં હોય છે. આ ચિત્રો બાળકને પહેલી નજરે આકર્ષિત કરવાનું કાર્ય કરે છે. જે બાળકોને કથાવસ્તુ સમજવામાં ઉપયોગી નીવડે છે. બાળકનું અનુભવ વિશ્વ નાનું હોવાથી કથાવસ્તુમાં આવતી ઘણી બધી બાબતોથી તે અજાણ હોય છે,

ત્યારે આ ચિત્રો તેને એ બાબતોની સમજ પૂરી પાડે છે. આ દ્દષ્ટિએ ચિત્રો એ આકર્ષવાનું અને સમજણ પૂરી પાડવાનું એવી બેવડી ભૂમિકા ભજવે છે. આ બંન્ને ભૂમિકાઓ બાળસાહિત્યને સહાયકારક નીવડે છે

**(૮) શ્રેણીબદ્ધ સાહિત્ય:**

ગુજરાતના બાળ સાહિત્યનાં અમર પાત્રોની યાદી બનાવીએ તો બકોર પટેલ, શકરો– શકરી, મિયાં ફૂસકી, ચકો–મકો, છેલ–છબો વગેરે પાત્રોને યાદ કરવાં પડે, આ બધાં પાત્રોના સાહિત્ય પર એક નજર કરીએ તો એક બાબત બધામાં સમાન લાગશે કે આ કોઈ એક જ રચનાનાં પાત્રો નથી. આ જ પાત્રોની ઘણી બધી રચનાઓ મળે છે. સામાન્ય રીતે સાહિત્યમાં બને છે તેમ દરેક સાહિત્યિક રચનામાં કથાવસ્તુ, પાત્રો, સ્થળકાળ, પરિસ્થિતિ વગેરે બાબતો બદલાઈ જતી હોય છે. પરંતુ બાળ સાહિત્યમાં એવું નથી હોતું. અહીં પાત્રો ઘણીવખત એકનાં એક જ રહે છે બદલાય છે માત્ર આ પાત્રોની આસપાસની પરિસ્થિતિ.

**(૯) મુખપૃષ્ઠ/ અક્ષરોની સાઈઝઃ**

બાળ સાહિત્યનુ મુખપૃષ્ઠ આકર્ષક રંગીન, ચિત્રાત્મક, સાહિત્યના વિષયવસ્તુની ઝાંખી કરાવતું હોવું જોઈએ. બાળ સાહિત્યના કાગળ વ્યવસ્થિત હોવા જોઈએ.

બાળ વાર્તા સાહિત્ય–સંરચનાનાં અન્ય લક્ષણો:

- બાળ સાહિત્ય નીતિપ્રધાન હોવું જોઈએ.
- બાળ સાહિત્યમાં ભાવતત્વમાં ઊંડાઈ અને ઉંચાઈ બંને જરૂરી છે.
- બાળ સાહિત્ય મહદઅંશે આનંદની પ્રાપ્તિ કરાવે તેવું હોવું જોઈએ.
- બાળકોની વય કક્ષા, માનસિક કક્ષાને ધ્યાનમાં રાખી રચના થવી જોઈએ.
- બાળકની કલ્પના શક્તિ અને જિજ્ઞાસાવૃત્તિ ખીલવે, પોષે તેવું હોવું જોઈએ.
- કિશોર વયનાં બાળકો માટે વિષયવસ્તુના ભાવને અનુરૂપ ભાષા શૈલીનો વિનિયોગ થાય તેવું હોવું જોઈએ.
- શિશુ વયનાં બાળકો માટે લય કે ગુંજન માટે જોડકણાં વિશેષ પ્રભાવક બની રહેવાં જોઈએ.
- બાળ સાહિત્યમાં રસની ગૂંથણી સરસ રીતે હોવી જોઈએ.
- બાળ સાહિત્યમાં ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક વસ્તુ બાળ રુચીને સંતોષી શકે તેવી લાઘવસભર અને સરળરૂપે પ્રયોજવી જોઈએ.
- બાળકોને મનોરંજન પૂરું પાડે તેવું હોવું જોઈએ. આથી તેની ગૂંથણી નિર્મળ રૂપે થવી જોઈએ.

- બાળ સાહિત્યમાંનું કથાવસ્તુ તેના આજુબાજુનું વાતાવરણ અને તેના મનોજગતને સ્પર્શતું હોવું જોઈએ.
- આમ બાળ સાહિત્ય સંરચના કરતી વખતે ઉપરોક્ત લક્ષણોને ધ્યાનમાં રાખવાથી તે બાળ ભોગ્ય બને છે.

### 2.4.8 **સારાંશ :**

અધ્યયન–અધ્યાપનમાં શિક્ષક–નિદર્શિની, શબ્દકોશ, સામયિકો અને સંદર્ભગ્રંથો જેવા દૃશ્ય સાધનોનું મહત્ત્વ વિશેષ છે. શિક્ષક નિદર્શિની ( ટીચર્સ હેન્ડબુક ( દ્વારા શિક્ષકોને અધ્યાપન કાર્ય માટે જરૂરી માર્ગદર્શન મળી રહે છે. આને અધ્યાપનપોથી પણ કહે છે. એકમને અસરકારક બનાવવા કયાં શૈક્ષણિક સંદર્ભ સાહિત્યનો અને સાધનોનો ઉપયોગ કરવો, સ્વાધ્યાયમાં કેવી રીતે વૈવિધ્ય લાવી શકાય ? તેવી અનેક બાબતોનું માર્ગદર્શન મળે છેશબ્દકોશ . સ્વઅધ્યયન માટે ખૂબ ઉપયોગી સંદર્ભ સાહિત્ય છે. તેના દ્વારા વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વધારી શકાય છે. શબ્દની સાચી જોડણી માટે શબ્દકોશ ઉપયોગી બની રહે છે, સંદર્ભગ્રંથો અને સામયિકોના ઉપયોગ દ્વારા શિક્ષક વધુ ને વધુ સજ્જતા હાંસલ કરે છે. શિક્ષક સંદર્ભ સાહિત્યનું જેટલું અધ્યયન કરશે તેટલું તે માતૃભાષામાં પ્રભુત્વ પ્રાપ્ત કરશે, સાથે–સાથે શિક્ષણને સાર્થક બનાવશે.

### **2.4.9 સમજ ચકાસતા પ્રશ્નો :**

(1) અધ્યયન–અધ્યાપનમાં શિક્ષક નિદર્શિનીનું મહત્ત્વ લખો.
(2) શિક્ષકને શિક્ષણકાર્યમાં શબ્દકોશ કેવી રીતે ઉપયોગી થાય છે?
(3) અધ્યયન–અધ્યાપનમાં સામયિકોનું મહત્ત્વ જણાવો.
(4) સંદર્ભ સાહિત્યમાં "વિશ્વકોશ" કઈ રીતે ઉપયોગી છે ?

### **2.4.10 સ્વાધ્યાય :**

**યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો .**

(૧) પાઠ્યપુસ્તકનું સ્વરૂપ અને ઉપયોગના માર્ગદર્શન માટે ...................... મદદરૂપ બનશે.

(A) શિક્ષક નિદર્શિની (B) સંદર્ભગ્રંથો
(C) શબ્દકોષ (D) સામયિકો

(2) એકમમાં સમાવિષ્ટ વ્યાકરણની પાયાની સમજ મેળવવા ...................... ઉપયોગી બનશે.

(A) શિક્ષક નિદર્શિની (B) વ્યાકરણ પાઠ્યપુસ્તક
(C) સંદર્ભ સાહિત્ય (D) શબ્દકોશ.

(3) શબ્દકોશના ક્રમ મુજબ ......................શબ્દ પ્રથમ આવશે ?

(A) ખંજન (B) ખિન્ન

(C) ખાણ (D) ખ્વાજા

(4) શબ્દકોશના ક્રમ મુજબ ......................શબ્દ પ્રથમ આવશે ?

(A) જ્ઞાન (B) ક્ષમા

(C) ખમ્મા (D) વિભુ

(5) માતૃભાષા શિક્ષણને અસરકારક બનાવવા ........................ઉપયોગી છે.

(A) સંદર્ભગ્રંથો (B) સામયિકો

(C) પાઠ્યપુસ્તકો (D) વિશ્વકોશ

**2. નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો .**

1. ‘ સામયિકો એટલે જ્ઞાનની પરબ’ સમજાવો –.
2. તમે વર્ગશિક્ષણ માટે સંદર્ભગ્રંથોનો ઉપયોગ કેવી રીતે કરશો?
3. અધ્યયન–અધ્યાપનમાં શબ્દકોશનું સ્થાન લખો.
4. ધોરણ 1 થી માં 5 ભાષા શિક્ષણમાં સમાવિષ્ટ વિવિધ પ્રવૃત્તિઓની નોંધ આપો.

2.4.11 **સંદર્ભ સૂચિ :**


(1) ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન : પટેલ મોતીભાઇ,શાસ્ત્રી જયેન્દ્ર અને અન્ય:બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.

(2) ગુજરાતીનું અભિનવ અધ્યાપન : પ્રિ.આકુવાલા,કલ્યાણી અને વ્યાસ.

(3) ગુજરાતી ભાષા પરિચય : ગુજરાત રાજય,ગાંધીનગર.

(4) ગુજરાતી શિક્ષણમાં નવીન દૃષ્ટિ : ડૉ.હરીકૃષ્ણ જોષી,ડૉ.ધનવંત દેસાઇ

(5) ગુજરાતી અધ્યાપનના નવીન પ્રવાહો : ધનવંત દેસાઇ,એ.આર.શેઠની કંપની,અમદાવાદ.

(6) માતૃભાષાનાં વિવિધ પાસાંઓનું શિક્ષણ : ડૉબાબા . સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

(7) શિક્ષક નિદર્શિની–ગુજરાતી : પટેલ નટવરભાઇ,ગૂર્જર પ્રકાશન,અમદાવાદ.

(8) ગુજરાતી ભાષા શિક્ષણ : ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ ગાંધીનગર.

(9) જોડણી માટે ખિસ્સાકોશ : ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

### 2.4.12 પ્રાયોગિક કાર્ય :

(1) પુસ્તકાલયની મુલાકાત કરો.

(2) માતૃભાષામાં વિવિધ સંદર્ભ સાહિત્યનું પ્રદર્શન ગોઠવો.

(3) ‘ અધ્યયન–અધ્યાપનમાં સંદર્ભ સાહિત્યનું મહત્ત્વ’ એ વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજો.

# એકમ – ૩. માતૃભાષા શિક્ષણનું મૂલ્યાંકન

**3.1 પ્રસ્તાવના**

**3.2 ઉદ્દેશો**

**3.3 વાચનનું મૂલ્યાંકન**

**3.4 નિબંધનું મૂલ્યાંકન**

**3.5 અહેવાલનું મૂલ્યાંકન**

**3.6 વિચાર વિસ્તારનું મૂલ્યાંકન**

## 3.1 પ્રસ્તાવના

સાર્થ જોડણીકોશ પ્રમાણે મૂલ્યાંકનનો અર્થ મૂલ્ય આંકવું તે અથવા મૂલવણી એવો થાય છે. શૈક્ષણિક મૂલ્યાંકન એટલે શૈક્ષણિક હેતુઓના સંદર્ભમાં પ્રાપ્તિનું મૂલ્ય આંકવું તે–આ માટે અધ્યયન . સાથે તથા સમયાંતરે શૈક્ષણિક હેતુઓ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા છે તે નક્કી –અધ્યાપનની સાથે મૂલ્યાંકન .કરવાનું રહે છે એ સતત ચાલતી હેતુકેન્દ્રી પ્રક્રિયા છે. મૂલ્યાંકન વિદ્યાર્થીના સમગ્ર વિકાસના સંદર્ભમાં પ્રયોજાતો શબ્દ છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં આવેલાં અપેક્ષિત વર્તન-પરિવર્તનોને ચકાસવાની તે પ્રક્રિયા છે .“આગળ વધવા માટે ઘડીક ઊભા રહી પાછળ વળીને જોવાની ક્રિયા તે મૂલ્યાંકન.”

‘રેચર્સ’ અને ‘ડોંગ’ નામના વિદ્વાનો જણાવે છે કે મૂલ્યાંકનની પ્રક્રિયા સતત ચાલુ હોય છે. એનો અર્થ એ થાય છે કે શિક્ષકે શક્ય હોય તેટલી બધી રીતે અને બધા પ્રસંગોએ વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

મૂલ્યાંકન અને મૂલ્યાંકનનાં સાધનો વિશે વિગતવાર ચર્ચા ‘અધ્યેતા અને મૂલ્યાંકન’ના પુસ્તકમાં કરવામાં આવી છેઆ . પ્રકરણમાં આપણે માતૃભાષાના સંદર્ભમાં વાચન,નિબંધલેખન ,અહેવાલલેખન અને વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરવાની રીત વિશે જ્ઞાત થઈશું.

## 3.2 ઉદ્દેશો :

પ્રશિક્ષણાર્થીઓ માટે અભ્યાસના ઉદ્દેશો આ મુજબ છે.

- વાચનનું મૂલ્યાંકન સમજાવી શકે.
- નિબંધનું મૂલ્યાંકન કરી શકે.
- અહેવાલનું મૂલ્યાંકન કરી શકે.

- વિચાર વિસ્તારનું મૂલ્યાંકન સમજાવી શકે.

❖ **અધ્યયનના મુદ્દા:**

**3.3. વાચનનું મૂલ્યાંકન:**

**3.3.1** પ્રસ્તાવના

**3.3.2** ઉદ્દેશો

**3.3.3** વાચનનું મૂલ્યાંકન

**3.3.4** વાચનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

**3.3.5** ચેકલીસ્ટ

**3.3.6** સારાંશ :

**3.3.7** સમજ ચકાસતા પ્રશ્નો :

**3.3.8** સ્વાધ્યાય

**3.3.1 પ્રસ્તાવના :**

માતૃભાષામાં મૂલ્યાંકન એટલે તેના પાંચ હેતુઓના સંદર્ભમાં વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિની ચકાસણી આ સંદર્ભની થોડી ચર્ચા પ્રથમ સત્રમાં .'ગુજરાતીમાં પ્રાવિણ્ય' વિષયમાં કરવામાં આવી છેઈન્ટરનેટ . અને સ્માર્ટ વર્લ્ડના આ યુગમાં સોશીયલ મિડિયાનું મહત્ત્વ વધ્યું છે તેમ છતાં વાંચનનું મહત્ત્વ સહેજ પણ ઓછું થયું નથી. જ્ઞાનવિસ્તારના સીમાડા સર કરવા તથા સાહિત્ય ભંડારની વિવિધ વાનગીઓનો આસ્વાદ મેળવવા વાચન અનિવાર્ય છે. વ્યાવસાયિક સજ્જતા માટે તથા રોજબરોજના– પરિવર્તનશીલ જગત સાથે તાલ મેળવવા અને પરિવર્તનોથી વાકેફ થવા વાચન અનિવાર્ય છે.

ભાષાનાં ચાર કૌશલ્યો છે : શ્રવણ, કથન, વાચન અને લેખન. તેમાં વાચન એક મહત્ત્વનું કૌશલ્ય છે. અધ્યયનની પ્રક્રિયામાં વાચન ગુરુચાવી સમાન છે. આજના વિકસતા વિશ્વમાં માનવી નૂતન–તાજગીપૂર્ણ, જીવંત વાચક બને તે જરૂરી છે. ક્ષણમાં બદલાતા યુગમાં વાચન વગરની વ્યક્તિ પછાત ગણાય. વાચન વખતે જોડણીકોશનો ઉપયોગ અવશ્ય કરવો. વાચનથી બાળકો સ્વાવલંબી બને છે. પ્રારંભિક ધોરણોમાં મુખ વાચનનું કૌશલ્ય હસ્તગત થાય તે ખૂબ જરૂરી છે. વિદ્યાર્થી યોગ્ય રીતે મુખવાચન કરે છે કે નહિ તે જાણવા અહીં આપણે મુખવાચનના મૂલ્યાંકન વિશે જોઈશું.

**3.3.2 ઉદ્દેશો :**

પ્રશિક્ષણાર્થીઓ માટે અભ્યાસનો ઉદ્દેશ આ મુજબ છે.

- વાચનનું મૂલ્યાંકન કરી શકે.

### 3.3.3 વાચનનું મૂલ્યાંકન :

વાચન દ્વારા અર્થગ્રહણ થાય છે. વાચનના મુખ્ય બે પ્રકારો છે. મુખવાચન અને મૂકવાચન. મુખવાચનમાં મોટેથી વાંચવાનું હોય છે. તેથી વાંચનાર પોતે તથા તેને સાંભળનાર બંને અર્થગ્રહણ કરે છે. શુદ્ધ ઉચ્ચાર, યોગ્ય વિરામચિહ્નોનું ધ્યાન રાખીને કરેલું મુખવાચન પ્રભાવશાળી બને છે. અર્થગ્રહણ જેટલું વધુ થાય તેટલું મુખવાચન સારું. કેવું અને કેટલું અર્થગ્રહણ થયું તેને આધારે વાચનની કક્ષા નક્કી થઈ શકે. આ માટે વાચનના મૂલ્યાંકનને સમજવું પડે.

મૂકવાચન એ શાંત વાચન છે. વિદ્યાર્થીઓ લખાણનો અર્થ બરાબર ગ્રહી શકે છે. આ વાચન સ્વાભાવિક વાચન છે કારણ કે જીવનમાં આપણે ઘણું ખરું આ જાતનું જ વાચન કરવાના કે કરતા હોઇએ છીએ. દરેક ધંધામાં શાંત વાચનની જરૂર પડે જ છે. ઘરમાં, ટ્રેનમાં, પુસ્તકાલયમાં, છાત્રાલયમાં, વાંચનાલયમાં, સભાઓમાં સર્વત્ર બધા, શાંતિથી, મનમાં જ વાંચે છે. આ વાચનમાં ઓછા સમયમાં, વધુ ઝડપથી, ઘણું વાંચી શકાય છે. મૂકવાચનથી અર્થનિષ્પત્તિ ઝટ થાય છે અને સ્વતંત્ર રીતે વિચારવાની ટેવ પડે છે. આ વાચનને મનન માટેનું વાચન પણ કહે છે.

### 3.3.4 વાચનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

પ્રાથમિક કક્ષાએ માતૃભાષા શિક્ષણમાં વાચનનું મૂલ્યાંકન કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે:

- વિદ્યાર્થીની પુસ્તકને પકડવાની રીત, પુસ્તક અને આંખ વચ્ચે જરૂરી એકથી દોઢ ફૂટ જેટલું યોગ્ય અંતર
- શબ્દનો અર્થ સ્પષ્ટ થાય તે રીતે યોગ્ય ભાર સાથે શબ્દનું વાચન કરવું .
- શુદ્ધ ઉચ્ચારણ
- વિરામચિહ્નોનો ખ્યાલ અને અવાજમાં આરોહઅવરોહ–
- ભાવને અનુરૂપ મધુરતા, કરુણતા, હાસ્ય વગેરેની અભિવ્યકિત
- શિક્ષકના અને સાથી મિત્રોના હસ્તાક્ષરનું યોગ્ય વાચન
- વાંચતી વખતે અક્ષરનું કે શબ્દનું વાચન ચૂકી જવું અથવા બિનજરૂરી રૂકાવટ આવવી
- કોઈ નવો જ શબ્દ જોડીને વાંચવું
- બિનજરૂરી ધ્વનિનું ઉચ્ચારણ અથવા હલનચલન
- વાચન દ્વારા થતું અર્થભાવનું વહન

વિદ્યાર્થી વાચન કરતો હોય ત્યારે ઉપરોકત બાબતો ધ્યાનમાં લેવી અત્યંત જરૂરી છે. જેથી સાચું મૂલ્યાંકન થઈ શકે.ચેકલીસ્ટ દ્વારા પણ મૂલ્યાંકન કરવું જોઈએ.

### 3.3.5 ચેક લીસ્ટ :

ચેકલીસ્ટમાં વિદ્યાર્થી કેવી રીતે વાંચે છે તેનું ખૂબ ધ્યાનપૂર્વક નિરીક્ષણ અને શ્રવણ કરીને જ્યાં લાગુ પડતું હોય ત્યાં 'v ' ની નિશાની કરવી.

| ક્રમ | મૂલ્યાંકનના પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| 1 | પુસ્તક પકડવાની પદ્ધતિ સાચી છે ? | | |
| 2 | આંખ અને પુસ્તક વચ્ચેનું યોગ્ય અંતર જળવાયું છે? | | |
| 3 | લિપિચિહ્નો અને સંયુક્ત  અક્ષરોનું યોગ્ય ઉચ્ચારણ કરે છે ? | | |
| 4 | વિરામચિહ્નોનો ખ્યાલ રાખે છે? | | |
| 5 | યોગ્ય આરોહ-અવરોહ સાથે વાંચે છે? | | |
| 6 | વાંચવાની ગતિ (ઝડપ) યોગ્ય છે? | | |
| 7 | અવાજની ઊંચાઈ યોગ્ય છે? | | |
| 8 | શુદ્ધ ઉચ્ચારણ થાય છે? | | |
| 9 | વાંચતી વખતે શરીરનું બિન જરૂરી હલન-ચલન ટાળે છે ? | | |
| 10 | છાપેલા સાહિત્યનું વાચન કરી શકે છે? | | |
| 11 | હસ્તાક્ષરોનું વાચન કરી શકે છે? | | |
| 12 | વાંચનારને અર્થગ્રહણ થાય છે? | | |
| 13 | સાંભળનારને અર્થભાવનું વહન થાય છે? | | |

ચેકલીસ્ટમાં 'હા' ના ખાનામાં 'v 'ની  નિશાની જેટલી વધુ હશે તેટલી વાંચનની ગુણવત્તા વધુ સમજવી. એજ રીતે 'ના' ના ખાનામાં 'v 'ની નિશાની વધુ તો વાચન નબળું છે અને વધુ તૈયારીની જરૂર છે તેમ સમજવું.  મુખવાચન કે મૂકવાચન દ્વારા અર્થગ્રહણ થાય, તે મહત્ત્વનું છે. અર્થગ્રહણને ચકાસવા મૌખિક, લેખિત કે ક્રિયાત્મક કસોટી યોજવી જોઈએ.

### 3.3.6 સારાંશ :

માતૃભાષા શિક્ષણમાં વાચન અને લેખનનું મૂલ્યાંકન જરૂરી બને છે. વિદ્યાર્થી માટે નક્કી કરેલા હેતુઓમાં કેટલા હેતુઓ સિદ્ધ થઈ શક્યા છે ? તેની ચકાસણી માટે મૂલ્યાંકન જરૂરી છે. મૂલ્યાંકન કરતી વખતે શિક્ષકે કેટલીક અનિવાર્ય અને મહત્ત્વની બાબતોનું ધ્યાન રાખવાનું છે, જેથી સાચું મૂલ્યાંકન થઈ શકે. વાચનના મૂલ્યાંકનમાં ધ્યાન રાખવાની જુદી જુદી બાબતોની વિગતે ચર્ચા આપણે કરી છે.

વાચનના મૂલ્યાંકનમાં શિક્ષકે વધુ સાવધાન રહેવાની અને વિદ્યાર્થીને રૂબરૂ સાંભળવાની જરૂર છે. વાંચતાં - લખતાં તેના ઉચ્ચારણોમાં એકવાર પડેલી સારી ટેવ કાયમ માટે રહે છે.

વાચનના મૂલ્યાંકન માટે ચેકલીસ્ટ પણ મહત્ત્વનું બને છે. ચેકલીસ્ટ માં ‘હા’ અને ‘ના’ ની વિગતો ખૂબ જ ધ્યાન પૂર્વક ભરવાથી વિદ્યાર્થીનું સાચું મૂલ્યાંકન કરી શકાશે.

**3.3.7 સમજ ચકાસતા પ્રશ્નો :**

1. રેચર્સ અને ડોંગ નામના વિદ્વાનો મૂલ્યાંકન વિશે શું જણાવે છે ?
2. વિદ્યાર્થીઓના મુખવાચન કૌશલ્યનું સાચું મૂલ્યાંકન કરવું છે. શિક્ષક તરીકે તમે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખશો ?
3. વાચન લેખનના મૂલ્યાંકન માટેના ક્રમમાપદંડની રચના માટે મહત્ત્વના ત્રણ વિધાનો લખો.

3.3.8 **સ્વાધ્યાય:**

**1. નીચે આપેલ પ્રશ્નોનો ઉત્તર લખો .**

1. વાચનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
2. વાચન મૂલ્યાંકન માટે ચેકલીસ્ટ તૈયાર કરો.

## 3.4 નિબંધનું મૂલ્યાંકન :

**3.4.1** પ્રસ્તાવના

**3.4.2** ઉદ્દેશો

**3.4.3** લેખન કાર્યની તપાસણીની સંજ્ઞાઓ

**3.4.4** લેખન કાર્યની તપાસણીમાં ધ્યાનમાં રાખવાની બાબતો.

**3.4.5** નિબંધલેખનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

**3.4.6** નિબંધ લેખનના મૂલ્યાંકન માટે ત્રિબિંદુ ક્રમમાપદંડ

**3.4.7** સારાંશ

**3.4.8** સમજ ચકાસતા પ્રશ્નો

**3.4.9** સ્વાધ્યાય

### 3.4.1પ્રસ્તાવના :

પોતના વિચારો, ભાવો અને વિષયને અનુરૂપ સ્વતંત્ર રીતે તાર્કિકતાથી તથા ક્રમિકતાથી લેખિત સ્વરૂપે રજૂ કરવામાં આવે તે એટલે નિબંધ. લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેનું અગત્યનું શિક્ષણ એટલે નિબંધ લેખન. લેખન શિક્ષણમાં ભાષા અભિવ્યક્તિનું ખૂબ મહત્ત્વ છે. વિદ્યાર્થીઓમાં અભિવ્યક્તિની તાલીમ અને મહાવરાનો હેતુ સિદ્ધ થાય તે માટે લેખનનું પ્રયોજન કરાતું હોય છે. નિબંધમાં પ્રસંગ અનુસારની ભાષા સંરચના, સુવાક્યો, યોગ્ય કલ્પનાશક્તિ અને વિચારોની ક્રમિકતા જરૂરી છે. પોતાના વિચારોને ભાષાગત કરવાની ઉત્તમ તક નિબંધ લેખનમાં મળે છે. વિદ્યાર્થીઓમાં નિબંધલેખન સઘન બનાવવા નિબંધનું મૂલ્યાંકન જરૂરી છે. નિબંધનું મૂલ્યાંકન કરતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે. નિબંધની ગુણવત્તા વધે તે માટે મૂલ્યાંકનમાં ક્રમમાપદંડ ઉપકરણનો ઉપયોગ આપણે શીખીશું.

### 3.4.2 **ઉદ્દેશો :**


પ્રશિક્ષણાર્થીઓ માટે અભ્યાસના ઉદ્દેશો આ મુજબ છે.

- લેખન કાર્યની તપાસણી સમજી શકે.
- નિબંધનું મૂલ્યાંકન કરી શકે.

### 3.4.3 લેખન તપાસણીની સંજ્ઞાઓ :

વિદ્યાર્થીઓની મૌલિક સર્જનાત્મકતા વિકસાવવા શાળાઓમાં સ્વતંત્ર લેખન જેમ કે નિબંધ લેખન, પત્રલેખન, અહેવાલલેખન, ગદ્યાર્થગ્રહણ, પદ્યાર્થગ્રહણ વગેરે કરાવવામાં આવે છે. વિદ્યાર્થી આ પૈકીનું કોઈ લેખન કાર્ય કરે પછી તે તપાસાય તેનું ખૂબ જ મહત્ત્વ છે. આ તપાસણીના આધારે વિદ્યાર્થીએ કરેલ ભૂલો પ્રત્યે તેનું ધ્યાન દોરવામાં આવે છે, યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. તેણે કરેલી ભૂલો સુધરાવવામાં આવે છે. આમ કરવાથી ક્રમશ: તેનું લેખન સુધરતું જાય છે. વિદ્યાર્થીની ભૂલોને દર્શાવવા માટે લેખન તપાસણીની કેટલીક સંજ્ઞાઓ નક્કી કરવામાં આવી છે.

| ક્રમ | સૂચના | સંજ્ઞા |
|---|---|---|
| 1 | હાંસિયો રાખો | હાં |
| 2 | તારીખ-વાર લખો | તા.વા. |
| 3 | શીર્ષક લખો | શી. |
| 4 | હસ્તાક્ષર સુધારો | હ.સુ. |
| 5 | પરિચ્છેદ પાડો | પ. |

| | | |
|---|---|---|
| 6 | જોડણી દોષ | જો. |
| 7 | વ્યાકરણ દોષ | વ્યા. |
| 8 | વિરામચિહ્ન દોષ | વિ.ચિ. |
| 9 | ખોટો શબ્દ પ્રયોગ | શ.પ્ર. |
| 10 | ખોટી વાક્ય રચના | વા.ર. |
| 11 | શબ્દની ગોઠવણી | શ.ગો. |
| 12 | શબ્દો ભેગા લખો |  |
| 13 | શબ્દો છૂટા પાડો | \| \| |
| 14 | અનુસ્વાર વાપરો | • ¡ |
| 15 | અનુસ્વારનો ખોટો પ્રયોગ | • ¢ |
| 16 | શંકાસ્પદ શબ્દ કે કથન | ? |
| 17 | પ્રત્યય સાથે લખો | પ્ર.સા. |
| 18 | શબ્દ કે વાક્ય કાઢી નાખો | ○ X |

### 3.4.4. લેખનકાર્યની તપાસણી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:

લેખન કાર્યની તપાસણી માટે નીચે મુજબની બાબતો ધ્યાને રાખવા જેવી છે:

- શિક્ષકે લેખન કાર્યની તપાસણી કરતાં લેખનમાં ભૂલ હોય ત્યાં નીચે લીટી દોરી, જે તે ભૂલનો સંકેત હાંસિયામાં દર્શાવવો.
- શિક્ષકે ભૂલ સુધારણા માટે નક્કી કરેલી સંજ્ઞાઓનો ઉપયોગ કરવો. પ્રત્યેક સંજ્ઞા શું સૂચવે છે એની જાણકારી વિદ્યાર્થીઓને અગાઉથી જ આપવી.
- લેખન તપાસણીના સંકેતોનો ઉપયોગ ધોરણ- થી 1 4માં કરવો નહિ.
- લેખનમાં જે પાના પર દોષ થયો હોય તેની સામેના પાના પર વિદ્યાર્થી પાસે કાળજીપૂર્વક ભૂલ સુધરાવવી.
- વિદ્યાર્થીઓ ભૂલ સુધારણા યાંત્રિક રીતે ન કરે પણ સમજપૂર્વક કરે તે જોવું .
- વિદ્યાર્થીઓ જોડણીની ભૂલો એકથી વધુ વાર સુધારે, મહાવરો કરે અને સાચી જોડણી શીખે તે જોવું.
- લેખન કાર્યના વિકાસ માટે અક્ષરોના મરોડ, સપ્રમાણતા, જોડણી, વિરામચિહ્નો, વાક્યરચના, વગેરેને લક્ષમાં રાખી વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવું.
- લેખન તપાસણી વખતે વિદ્યાર્થીની ભૂલો સાથે તેની સારી બાબતો પણ બતાવવી.

- સારું લેખન કાર્ય કરનાર વિદ્યાર્થીનું લખાણ વર્ગ સમક્ષ રજૂ કરવું.તેને પ્રોત્સાહન આપવું,
- શિક્ષકે પેનથી મોટી ચોકડી (x) મારવી નહિ. બાળકના મનમાં નકારાત્મક ભાવ પેદા ન થાય તેની કાળજી રાખવી.
- વિદ્યાર્થીઓને જોડણીકોશનો ઉપયોગ કરવાની ટેવ પાડવી.
- શક્ય હોય તો શિક્ષકે જરૂરિયાતવાળા વિદ્યાર્થીનું લેખન તેની હાજરીમાં તપાસવાનું આયોજન કરવું.
- નવું લેખન કાર્ય કરતાં પહેલાં શિક્ષકે અનુકાર્યના ભાગરૂપે અગાઉના લેખનમાં જણાયેલ ભૂલો, લેખનદોષો પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું અને જરૂરી મહાવરો કરાવવો.

### 3.4.5 નિબંધ લેખનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

નિબંધ એ લેખિત અભિવ્યક્તિનું બળકટ સ્વરૂપ છે. શાળાકક્ષાએ સ્વતંત્ર લેખન વિભાગમાં નિબંધ એ મહત્ત્વનો ઘટક છે. નિબંધનું સમુચિત મૂલ્યાંકન ખૂબ જરૂરી બને છે. નિબંધ લેખનનું મૂલ્યાંકન કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે .

- મૂલ્યાંકન કરનારે અક્ષરોના મરોડ જોવા જોઈએ .
- લેખનમાં કહેવતો, રૂઢિપ્રયોગો, ભાષા પ્રયોગો અને વિવિધ અવતરણોનો યથાયોગ્ય ઉપયોગ થાય તો નિબંધની ગુણવત્તા વધે છે.
- નિબંધલેખનમાં જોડણી શુદ્ધ અને ભાષાશુદ્ધ લખાણ જરૂરી છે.
- લખાણમાં ક્રમિક્તા અને તર્કબદ્ધ હોય તે નિબંધ આકર્ષક બને છે.
- મૌલિકતા અને સર્જનાત્મકતાવાળું લખાણ નિબંધલેખનની ગુણવત્તા વધારે છે.
- વિચારોની ગૂંથણી તર્કબદ્ધ રીતે થયેલી હોય અને પરિચ્છેદનો યથોચિત ઉપયોગ થયેલ હોય તે જોવું જોઈએ.
- સમગ્ર નિબંધને વાંચતાં તેના કેન્દ્રવર્તી વિચાર સ્પષ્ટ થાય તે જરૂરી છે.
- નિબંધલેખનમાં તેના પ્રારંભનું અને અંતનું ખૂબ જ મહત્ત્વ છે.પ્રસ્તાવના અને ઉપસંહાર નાવીન્યસભર અને આકર્ષક હોવા જોઈએ.

ઉપર્યુક્ત બાબતોને ધ્યાનમાં રાખી આપેલ ક્રમમાપદંડ મુજબ નિબંધલેખનનું મૂલ્યાંકન કરી શકાય. ક્રમમાપદંડમાં આપેલ મુદ્દાઓ ઉપરાંત તમારા અનુભવ આધારિત અન્ય મુદ્દાઓ પણ ઉમેરી શકાશે.

### 3.4.6 નિબંધ લેખનના મૂલ્યાંકન માટે ત્રિબિંદુ ક્રમમાપદંડ:

ક્રમમાપદંડમાં આપેલ દરેક વિધાનો ધ્યાનપૂર્વક વાંચો. નિબંધના આધારે દરેક વિધાનની સામે ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠમાંથી જે લાગું પડતું હોય તે ખાનામાં 'v' ની નિશાની મૂકો.

| ક્રમ | મૂલ્યાંકન માટેનાં વિધાનો | ઉત્તમ | મધ્યમ | કનિષ્ઠ |
|---|---|---|---|---|
| 1 | મરોડદાર અક્ષરો અને લિપિબદ્ધ લખાણ છે. | | | |
| 2 | જોડણીશુદ્ધ - ભાષાશુદ્ધ લખાણ થયું છે. | | | |
| 3 | ભાષા પ્રયોગોરૂઢિપ્રયોગો ,, કહેવતો, અવતરણોનો યોગ્ય ઉપયોગ થયો છે. | | | |
| 4 | લેખનમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ થયો છે. | | | |
| 5 | નિબંધના વિચારોમાં ક્રમિકતા જળવાઈ છે. | | | |
| 6 | લખાણમાં મૌલિકતા જોવા મળે છે. | | | |
| 7 | વિચારોની ગૂંથણી તર્કબદ્ધ રીતે થયેલી છે. | | | |
| 8 | બદલાયેલા મુદ્દા માટે ફકરો પાડવામાં આવ્યો છે. | | | |
| 9 | નિબંધના કેન્દ્રવર્તી વિચારને પકડી શકાય છે. | | | |
| 10 | વિષયને અનુરૂપ પ્રસ્તાવનાની રચના જોવા મળે છે. | | | |
| 11 | નિબંધનું સમાપન .યોગ્ય રીતે થયું છે (ઉપસંહાર) | | | |

આપેલ ચેકલીસ્ટમાં 'ઉત્તમ'માં વધારે '√' થયેલ હોય તેવા નિબંધની ગુણવત્તા વધુ, જયારે ક્રમશ: 'મધ્યમ' અને 'કનિષ્ઠ'માં જો વધારે '√' થયેલ હોય તેવા નિબંધલેખન માટે વધુ મહેનતની જરૂર છે તેમ સમજવું.

**3.4.7સારાંશ :**

લેખિત અભિવ્યકિતએ વ્યકિતના વ્યક્તિત્વના માપનનું સાધન છે. પ્રશિક્ષણાર્થીઓની ભાષા સમૃદ્ધ બને, ભાષાસજજતાનો વિકાસ થાય તેમજ લેખિત અભિવ્યકિત ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરે તે ખૂબ જ અગત્યનું છે. લેખનની સજજતા માટે વિચારસમૃદ્ધિ, ભાષા સજજતા, સુંદર હસ્તાક્ષર, વિરામચિહ્નોની સમજ, ભાષાશુદ્ધિ, વાકયસંરચના વગેરે જેવા મુદ્દાઓ ખૂબ જ મહત્ત્વના છે. વિદ્યાર્થીઓ શુદ્ધ અને સ્પષ્ટ લેખનકાર્ય કરી શકે તે માટે શિક્ષકે માર્ગદર્શક અને પ્રેરક બનવું જોઈએ. વિચારોની અભિવ્યકિત માટે લેખન કૌશલ્યનો વિકાસ વરદાન સમાન છે. નિબંધ લેખનના મૂલ્યાંકનમાં તપાસણી માટેની સંજ્ઞાઓનો ઉપયોગ શિક્ષકે કરવો જોઇએ.

**3.4.8 સમજ ચકાસતા પ્રશ્નો :**

(1) લેખન તપાસણી વખતે ધ્યાનમાં રાખવાની ત્રણ બાબતો જણાવો.

(2) લેખન તપાસણીની કોઈ પણ પાંચ સંજ્ઞાઓ જણાવો.

(3) સારા નિબંધ લેખનના ત્રણ લક્ષણો જણાવો.

**3.4.9 સ્વાધ્યાય :**

**1. નીચે આપેલ પ્રશ્નોનો ઉત્તર લખો .**

(1) લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેના સાધન તરીકે નિબંધલેખન વિશે ટૂંકી નોંધ લખો.

(2) વિદ્યાર્થીઓની લેખનકાર્યની તપાસણી કરવી જરૂરી છે. સમજાવો

## 3.5 અહેવાલ લેખનનું મૂલ્યાંકન :

**3.5.1 પ્રસ્તાવના**

**3.5.2 ઉદ્દેશો**

**3.5.3. અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.**

**3.5.4 ચેક લીસ્ટ**

**3.5.5 સારાંશ**

**3.5.6 સમજ ચકાસતા પ્રશ્નો**

**3.5.7 સ્વાધ્યાય**

### 3.5.1પ્રસ્તાવના :

અહેવાલ એટલે કોઈ ઘટના, પ્રવૃત્તિ કે કાર્યની વ્યૂહાત્મક, વર્ણનાત્મક, ચિત્રાત્મક કે શાબ્દિક રજૂઆત. શાળામાં પણ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોય છે. કોઈપણ પ્રવૃત્તિ કે પર્વની ઉજવણી પૂરી થઈ ગયા બાદ તેની સમગ્ર વિગતોનું સંકલન જરૂરી બને છે. આ સંકલનને અહેવાલ કહેવામાં આવે છે. અહેવાલ લેખન એક મહત્ત્વનો દસ્તાવેજ બને છે તેનું મૂલ્યાંકન જરૂરી છે.

### 3.5.2 ઉદ્દેશો :

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસનો ઉદ્દેશ આ મુજબ છે –

- અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરી શકે.

**3.5.3 અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

નિબંધ લેખનની તાલીમ બાદ અહેવાલ લેખનની તાલીમ ખૂબ જરૂરી બને છે. અહેવાલમાં વિગતોનું કે માહિતીનું મહત્ત્વ તો છે જ પણ એ વિગતો કે માહિતી કઈ રીતે રજૂ થાય છે એનું ઘણું મહત્ત્વ હોય છે.અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરનારે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- અહેવાલમાં શીર્ષક લખેલું છે કે કેમ તે જોવું.
- અહેવાલમાં બિનજરૂરી લખાણ થયું છે કે કેમ તે જોવું .
- યોગ્ય વિરામચિહ્નોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે કે કેમ તે જોવું.
- પ્રવૃત્તિ કે ઘટનાના મુદ્દા ક્રમબદ્ધ રીતે મૂકેલા છે કે કેમ તે તપાસવું.
- કાર્ય કે પ્રવૃત્તિમાં સહકાર આપનાર વ્યકિતઓનો નામોલ્લેખ થયેલ છે કે કેમ તે જોવું.
- અહેવાલ મૌલિક રીતે લખાયો છે તે ચકાસવું.
- અક્ષરો મરોડદાર અને સુવાચ્ય તથા વાક્યો ટૂંકાં અને સરળ છે કે કેમ તેની નોંધ લેવી.
- જોડણી અને વ્યાકરણશુદ્ધિની ચકાસણી કરવી.
- અહેવાલ લેખનનું વાચન કરતાં આગામી કાર્યક્રમ માટે પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે છે તે જોવું.

ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખી આપેલા ચેકલીસ્ટ મુજબ અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરી શકાય. ચેકલીસ્ટમાં આપેલ મુદ્દાઓ ઉપરાંત તમારા અનુભવ આધારિત અન્ય મુદ્દા પણ ઉમેરી શકાય.

**3.5.4 ચેક લીસ્ટ:**

ચેકલીસ્ટમાં આપેલા પ્રશ્નો ધ્યાનપૂર્વક વાંચો અને અહેવાલ લેખનના આધારે 'હા' અથવા 'ના' ખાનામાં યોગ્ય જગ્યાએ '√' ની નિશાની કરો.

| **ક્રમ** | **મૂલ્યાંકનના પ્રશ્નો** | **હા** | **ના** |
|---|---|---|---|
| 1 | અહેવાલમાં સૌ પ્રથમ શીર્ષક લખ્યું છે ? | | |
| 2 | અહેવાલ લેખન અગત્યનો દસ્તાવેજ બને છે ? | | |
| 3 | મરોડદાર અક્ષરો, ભાષાશુદ્ધિ વગેરેની કાળજી રખાઈ છે? | | |
| 4 | અહેવાલ વાંચતા સમગ્ર પ્રવૃત્તિ / ઉજવણીનો ખ્યાલ આવી જાય છે ? | | |
| 5 | તમામ વિગતોનું ક્રમિક સંકલન કર્યું છે ? | | |
| 6 | કાર્ય કે પ્રવૃત્તિમાં સહકાર આપનાર વ્યક્તિઓની નોંધ લીધી છે ? | | |

| | | | |
|---|---|---|---|
| 7 | બિનજરૂરી લખાણ ટાળ્યું છે? | | |
| 8 | પ્રવૃત્તિનાં સારાં પાસાં અને સફળતાની ટૂંકી વિગત આપેલી છે ? | | |
| 9 | અહેવાલ લેખનમાં વાકયો ટૂંકાં, મુદ્દાસર અને સમજાય તેવાં છે ? | | |
| 10 | અહેવાલમાં જરૂર જણાય ત્યાં ફોટોગ્રાફ્સ અને જરૂરી સંદર્ભ મૂકેલા છે ? | | |

આપેલ ચેકલીસ્ટમાં 'હા'ની કોલમમાં 'V' ની નિશાની જેટલી વધુ હશે તેટલી અહેવાલની ગુણવત્તા વધુ કહેવાય. સારા અહેવાલ લેખનમાં 'હા'ની માત્રા વધુ હોય છે. 'ના' ની નિશાની વધુ હોય તે અહેવાલ માટે વધુ મહેનતની જરૂર છે તેમ સમજવું.

**3.5.5 સારાંશ :**

વિગતો કે માહિતીની રજૂઆતની તાલીમનું સૌથી મહત્ત્વનું સોપાન અહેવાલ લેખન છે. કોઈ પ્રસંગ કે ઘટના બને તેનો અહેવાલ લખવાનો હોય છે. વિદ્યાર્થીની બર્થ-ડે પાર્ટીની ઉજવણીના અહેવાલ લેખનથી માંડીને જોયેલ અકસ્માત સુધીની ઘટનાઓ વિશે અહેવાલ લખી શકાય. અહેવાલ એક મહત્ત્વના દસ્તાવેજ તરીકે ખપ લાગે છે. ભાવિ આયોજન માટે ઉપયોગી અને માર્ગદર્શક બને છે.અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવાની છે.તે માટે ચેકલીસ્ટ અતિ મહત્ત્વનું છે.અહેવાલ લેખનના મૂલ્યાંકનમાં  લેખન તપાસણી માટેની સંજ્ઞાઓનો ઉપયોગ શિક્ષકે કરવો જોઈએ.

**3.5.6 સમજ ચકાસતા પ્રશ્નો :**

1. અહેવાલ લેખન એટલે શું?
2. સારો અહેવાલ લખવા માટે મહત્ત્વની ત્રણ બાબતો જણાવો.

**3.5.7 સ્વાધ્યાય :**

**1. નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો .**

1. શાળામાં યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધાનો સંપૂર્ણ અહેવાલ તૈયાર કરો. તમારા મિત્રનો અહેવાલ તપાસી ચેક લીસ્ટ મુજબ મૂલ્યાંકન કરો.
2. અહેવાલ લેખનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
3. અહેવાલ લેખનના મૂલ્યાંકન માટેના ક્રમમાપદંડની રચના માટે મહત્ત્વના ત્રણ વિધાનો લખો.

## 3.6 વિચાર વિસ્તારનું મૂલ્યાંકન :

**3.6.1 પ્રસ્તાવના**

**3.6.2 ઉદ્દેશો**

**3.6.3. વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

**3.6.4 ચેક લીસ્ટ**

**3.6.5 સારાંશ**

**3.6.6 સમજ ચકાસતા પ્રશ્નો**

**3.6.7 સ્વાધ્યાય**

### 3.6.1પ્રસ્તાવના :

સામાન્ય રીતે વિચારવિસ્તારમાં કોઈ– એક સારગર્ભ, ચિંતનગર્ભ, અર્થગર્ભ એવી કાવ્યપંક્તિ કે ગદ્યપંક્તિ આપવામાં આવે છે અને તેમાં રહેલા વિચારને વિસ્તારીને રજૂ કરવાનો હોય છે.

વિચારનો અર્થ સમજાવવાનો હોય છે અને ઉદાહરણ અને તર્ક સાથે તેનો વિસ્તાર કરવાનો હોય છે. વિચાર કંડિકા એવી હોય છે કે જેમાં વિદ્યાર્થીઓ સાર કે બોધ તારવી શકે. ગૂઢ કે સૂક્ષ્મ અર્થ, સત્ય કે સારતત્વ ધરાવતી કાવ્યપંક્તિ કે વાકયનો સમજપૂર્વક વિસ્તાર કરવો એટલે વિચારવિસ્તાર કે અર્થવિસ્તાર. વિદ્યાર્થી અર્થવિસ્તાર કરે તે પછી તેનું મૂલ્યાંકન કરવું જોઇએ.વિદ્યાર્થીઓનું લેખન વધુ ગુણવત્તાસભર બને તે માટે ચેકલીસ્ટનો ઉપયોગ કરવો જોઇએ.

### 3.6.2 ઉદ્દેશો :

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસનો ઉદ્દેશ આ મુજબ છે.

- વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરી શકે.

### 3.6.3 વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

વિચાર વિસ્તારનું મૂલ્યાંકન ખૂબ જ જરૂરી અને અગત્યનું છે. કોઈપણ વિચાર કંડિકાનો વિસ્તાર કરેલ હોય ત્યારે તેનું મૂલ્યાંકન કરવું મહત્ત્વનું બને છે. વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરતી વખતે એક શિક્ષક તરીકે કેટલીક બાબતો ધ્યાનમાં લેવા જેવી હોય છે. જે નીચે પ્રમાણે છે.

- આપેલ વિચાર કંડિકાને સમજીને તેના અર્થની સ્પષ્ટતા થઇ છે કે કેમ તે તપાસવું.
- કંડિકામાં વપરાયેલ રૂપક કે વ્યંગ્યાર્થનો સરળ ભાષામાં વિસ્તાર થયેલ છે કે કેમ તે જોવું.
- વિચારોની રજૂઆતમાં મૌલિકતા અને સર્જનાત્મકતાનો ઉપયોગ થયો છે કે કેમ તે તપાસવું.

- વિચારને સમજાવવામાં કહેવત કે વિશિષ્ટ શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો હોય તેને પ્રાધાન્ય આપવું.
- વિચાર વિસ્તારમાં તર્કબદ્ધ વિચારોની ક્રમિક ગૂંથણી અને ફકરાનો ઉપયોગ કરેલ છે કે કેમ તે તપાસવું .
- અંતમાં સમગ્ર ચર્ચાનો બોધ સંક્ષેપમાં જણાવેલ છે કે કેમ તે જોવું .
- લેખનશૈલી શિષ્ટ, સરળ અને પ્રવાહી છે કે કેમ તે તપાસવું.
- વિચારનો વિસ્તાર મરોડદાર અક્ષરે થયો છે કે કેમ તે જોવું.
- જોડણીશુદ્ધ અને ભાષાશુદ્ધ લખાણ જોવા મળે છે કે કેમ તે જોવું.

આ મુજબની બાબતોને ધ્યાનમાં રાખી આપેલ ચેકલીસ્ટ મુજબ વિચારવિસ્તારનું મૂલ્યાંકન કરી શકાય. ચેકલીસ્ટમાં આપેલ મુદ્દાઓ ઉપરાંત તમારા અનુભવ આધારિત અન્ય મુદ્દાઓ પણ ઉમેરી શકો.

### 3.6.4 ચેક લીસ્ટ :

ચેક લીસ્ટમાં આપેલા પ્રશ્નો ધ્યાનપૂર્વક વાંચો અને 'હા', 'ના' ખાનામાં યોગ્ય જગ્યાએ 'v' ની નિશાની કરો.

| ક્રમ | મૂલ્યાંકનના પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| 1 | કંડિકાનું સમજપૂર્વક આકલન કરેલું છે ? | | |
| 2 | વિચારનો સામાન્ય અર્થ સરળ ભાષામાં સમજાવી શકયા છે ? | | |
| 3 | દ્દષ્ટાંતો,કાવ્યપંકિત કે સુવાકયોનો ઉપયોગ કર્યો છે ? | | |
| 4 | રૂપક કે વ્યંગ્યાર્થ સમજીને રજૂઆત કરી છે ? | | |
| 5 | સાર કે બોધ તારવી શકયા છે ? | | |
| 6 | મૌલિકતા અને વિચારોની ક્રમબદ્ધતા જળવાઈ છે ? | | |
| 7 | બિનજરૂરી પુનરાવર્તન ટાળ્યું છે ? | | |
| 8 | લખાણમાં ક્રમિકતા અને તર્કબદ્ધતા જોવા મળે છે ? | | |
| 9 | જોડણીશુદ્ધિ અને ભાષાશુદ્ધિ જોવા મળે છે ? | | |
| 10 | મરોડદાર અક્ષરો અને લિપિબદ્ધ લખાણ લખી શકયા છે ? | | |

આપેલ ચેક લીસ્ટમાં ‘હા’ની કોલમમાં ‘√’ ની નિશાની જેટલી વધુ હશે તેટલી વિચારવિસ્તારની ગુણવત્તા વધુ કહેવાય. આદર્શ રીતે થયેલ વિચારવિસ્તારમાં ‘હા’ની માત્રા વધુ હોય છે. ‘ના’ ની નિશાની વધુ હોય તે વિચારવિસ્તારના લેખન માટે વધુ મહેનતની જરૂર છે તેમ સમજવું.

### 3.6.5 સારાંશ :

નિબંધલેખન, અહેવાલ લેખનની જેમ વિચારવિસ્તારનું મૂલ્યાંકન જરૂરી બને છે. યોગ્ય રીતે વિચારવિસ્તાર થાય તે માટે વિદ્યાર્થીઓને વધુ મહાવરા કરાવી શકાય. વળી, મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો ઉપરાંત ચેકલીસ્ટને પણ ધ્યાનમાં રાખવાથી વિચારવિસ્તારનું મૂલ્યાંકન ઉત્તમ રીતે થઈ શકે છે.વિચારવિસ્તાર લેખનના મૂલ્યાંકનમાં તપાસણી માટેની સંજ્ઞાઓનો ઉપયોગ શિક્ષકે કરવો જોઈએ.

ચેક લીસ્ટ એ નમૂનાપત્ર છે. શિક્ષક પોતાના જ્ઞાન અને અનુભવને આધારે મૂલ્યાંકનની ગુણવત્તા વધારી શકે છે.

### 3.6.6 સમજ ચકાસતા પ્રશ્નો :

(1) વિચાર વિસ્તાર એટલે શું ?

(2) વિચાર વિસ્તાર કરતાં છેલ્લે કઈ બાબતો રજૂ થાય છે ?

### 3.6.7 સ્વાધ્યાય:

**1. નીચે આપેલ પ્રશ્નોનો ઉત્તર લખો .**

1. વિચાર વિસ્તારનું મૂલ્યાંકન એટલે શું?
2. વિદ્યાર્થીઓએ લખેલા વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરતી વખતે કયા મુદ્દા ધ્યાનમાં રાખશો?
3. વિચાર વિસ્તારનું મૂલ્યાંકન કરવા માટે ક્રમમાપદંડ રચવા કોઈ ત્રણ વિધાનો લખો.

### 3.6.8 સંદર્ભ સાહિત્ય સૂચિ:

1. ગુજરાતી ભાષા શિક્ષણ : ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
2. શૈક્ષણિક મૂલ્યાંકન : ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
3. ગુજરાતી ભાષા શિક્ષણ : નટુભાઈ રાવલ અને સંતોષ દેવકર – નીરવ પ્રકાશન, અમદાવાદ.
4. ગુજરાતીનું શિક્ષણ : ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
5. ગુજરાતી શિક્ષણમાં નવીન દ્રષ્ટિ : ડૉ. હરિકૃષ્ણ જોશી, ડૉ.ધનવંત દેસાઈ
6. ગુજરાતીનું અભિનવ અધ્યાપન : પ્રિ.આકુવાલા , કલ્યાણી અને વ્યાસ.

7. અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી, પ્રથમવર્ષ : જોશી ગજેન્દ્રકુમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, લીંબડી.
8. ગુજરાતી વ્યાકરણ વિચાર : મોતીભાઈ પટેલ, પાર્શ્વ પ્રકાશન અમદાવાદ.
9. માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યકિત : વાળંદ અને બ્રહ્મભટ્ટ, બી.ડી.શાહ કોલેજ ઑફ એજયુકેશન,મોડાસા.
10. ગુજરાતી અધ્યાપનના નવા પ્રવાહો : દેસાઈ ધનવન્ત, એ.આર.શેઠની કું.

**3.6.9 પ્રાયોગિક કાર્ય :**

1. દૈનિકપત્રોમાં આવતા શૈક્ષણિક સમાચારોનું પ્રાર્થના સભામાં વાચન કરો.
2. યોગ દિનની ઉજવણી તેમજ શાળા કક્ષાએ યોજાયેલ કોઇ એક પ્રવૃત્તિનો અહેવાલ તૈયાર કરો.
3. –"નહિ માફ નીચૂ નિશાન ,નિશાન ચૂક માફ" વિચારનો વિસ્તાર કરો .
4. – 'મારો પ્રિય સાહિત્યકાર' વિશે દસથી પંદર લીટી લખો.
5. તમને ગમતા કોઈ પણ એક વિષય પર સ્વતંત્ર લેખન કરો .

**2. નીચે આપેલ પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો .**

(1) વાચનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબત છે.

(A) વિરામચિહ્નોનો ખ્યાલ (B) બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર

(C) નવા શબ્દો જોડવાની કળા (D) વિચારોની ક્રમિકતા

(2) વાચનના મૂલ્યાંકન માટે ઉપયોગી સાધન છે.

(A) ચેક લીસ્ટ (B) પાઠ્યપુસ્તક

(C) ઉચ્ચાર ધ્વનિ (D) વિરામચિહ્ન ચાર્ટ

(3) નિબંધકાર્યની તપાસણી બાદ જરૂરી છે.

(A) અનુકાર્ય (B) યાંત્રિક લેખન

(C) ત્રિ–બિંદુ માપન (D) ખોટી જોડણી પર 'x' નિશાની કરવી

(4) એક મહત્ત્વના દસ્તાવેજ તરીકે ભાવિ આયોજનમાં ઉપયોગી બને છે.

(A) અહેવાલ (B) પત્ર

(C) નિબંધ (D) ચેક લીસ્ટ

(5) ઓછ સમયમાં વધુ ઝડપથી વાંચી શકાય છે.

(A) મૂકવાચન (B) મુખવાચન

(C) સમુહ વાચન (D) ઉપરના ત્રણેય

# એકમ – 4 વ્યાકરણ શિક્ષણ

**4.1 પ્રસ્તાવના**

**4.2 ઉદ્દેશો**

**4.3 વ્યાવહારિક વ્યાકરણની સંકલ્પના**

**4.4 વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ**

**4.5 સારાંશ**

**4.6 સમજ ચકાસતા પ્રશ્નો**

**4.7 સ્વાધ્યાય**

**4.8 સંદર્ભ સૂચિ**

**4.9 પ્રાયોગિક કાર્ય**

## 4.1 પ્રસ્તાવના:

ભાષા એ માનવ વ્યવહારનું મુખ્ય સાધન છે. ભાષા શીખવાનો એક હેતુ વ્યક્તિ પોતાના વિચારો શુદ્ધ, સરળ, સ્પષ્ટ, સચોટ, સંક્ષિપ્ત અને રસિક રીતે વ્યકત કરી શકે તે છે. ભાષાને શુદ્ધ રીતે બોલવાનું અને સમજવાનું શીખવે તે વ્યાકરણ. વ્યાકરણનો શાબ્દિક અર્થ કરીએ તો વિ+આ+કરણ: "વ્યાક્રિયન્તે શબ્દા: અનેન ઈતિ વ્યાકરણમ્" એટલે કે વ્યાકરણ ભાષાનું વિષ્લેષણ કરીને તેની રચના– સંરચનાનું સ્પષ્ટીકરણ કરે છે. ભાષાના લેખિત અને વાચન સ્વરૂપના નિયમોનો પણ વ્યાકરણમાં સમાવેશ થાય છે. ટૂંકમાં વ્યાકરણ એટલે ભાષાના વર્ણ,ધ્વનિ, રૂપ, પદ, શબ્દ અને વાકય આધારિત સંરચના અંગેની નિયમલક્ષી વ્યવસ્થા.વ્યાકરણ ભાષાને શુદ્ધ રાખવાનું કામ કરે છે. વ્યાકરણનું શિક્ષણ વ્યક્તિની શૈલીને વિકસાવે છે અને અભિવ્યક્તિમાં સ્પષ્ટતા લાવે છે. વ્યાકરણ શિક્ષણ વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ અને યાદશક્તિ વિકસાવે છે. પ્રાથમિક કક્ષાએ વ્યાવહારિક વ્યાકરણના સંદર્ભે શિક્ષક પાસે વ્યાકરણનું તલસ્પર્શી જ્ઞાન હોવું જ જોઇએ. પરંતુ તેણે વિદ્યાર્થીઓને બિનજરૂરી ઊંડાણમાં નથી લઈ જવાના. વ્યાખ્યાઓ કે નિયમો નથી આપવાનાં પરંતુ સંખ્યાબંધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓ સ્વયં ભાષાની વ્યવસ્થા સમજે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે. વચન,લિંગ, વિરામચિહ્નો, વિશેષણ ઉપરાંત જાતજાતના શબ્દપ્રયોગો અને ભાષા પ્રયોગોની વિગતો કૃતિમાંથી શોધી અધ્યાપન સાથે સહજ રીતે સાંકળવાની છે.

**4.2ઉદ્દેશો**

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાના અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

- વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણનો અર્થ સમજે.
- વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ કરે.
- વ્યાવહારિક વ્યાકરણ શિક્ષણના અધ્યાપનની વિવિધ પદ્ધતિઓથી પરિચિત થાય.
- ભાષાના અધ્યાપન કાર્ય દરમિયાન વ્યાકરણને સાંકળી લઈ સરળ અને રૂચિકર બનાવે.

**4.3 વ્યાવહારિક વ્યાકરણની સંકલ્પના**:

એક સમય એવો હતો, જયારે વ્યાકરણના ઔપચારિક શિક્ષણમાં જ ભાષાનું શિક્ષણ પૂરું થયેલું ગણાતું હતું અને ભાષાના કૌશલ્યની ખિલવણીની વાત ગૌણ બની જતી હતી. વિદ્યાર્થીઓ વ્યાકરણના વિવિધ ઘટકોનાં વ્યાખ્યા, નિયમો, ઉદાહરણો વગેરે સમજીને કે સમજ્યા વગર કંઠસ્થ કરી લેતા પરિણામે વ્યાકરણનો વિષય તેમના માટે નિરસ, અપ્રિય અને કંટાળાજનક બની જતો. વ્યાકરણએ ગોખણપટ્ટીનો વિષય છે તેવું માનતા.

શિક્ષણની વર્તમાન નૂતન સંકલ્પનામાં વ્યાકરણની તાત્ત્વિક અને ઔપચારિક ચર્ચાને બદલે ભાષામાં તેના વ્યાવહારુ ઉપયોગ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. બાળકો સક્રિય બને રમતાં રમતાં વ્યાકરણનું જ્ઞાન મેળવે તે હેતુથી વ્યાકરણનું અલાયદું ઔપચારિક શિક્ષણ આપવાને બદલે એને ભાષાકીય કૌશલ્યોની ખિલવણી સાથે જોડી દેવામાં આવ્યું છે. ધોરણ 1 થી 5 માં વ્યાકરણના મુખ્ય અંગોનો વિદ્યાર્થીઓને ઉદાહરણો દ્વારા પરિચય કરાવવાનો છે. વ્યાકરણની વિગતોમાં ઊંડા ઊતરવું કે વ્યાખ્યાઓ આપવી આ કક્ષાએ જરૂરી નથી. માન્ય ભાષાના વપરાશથી બાળક સહજતાથી અને સરળતાથી વ્યાકરણની કેટલીક બાબતો શીખે અને ધીરે ધીરે તે વ્યાકરણશુદ્ધ ભાષા જ વાપરે તે રીતના વ્યાકરણ શિક્ષણને વ્યાવહારિક વ્યાકરણ કહે છે.

ઉદાહરણ તરીકે...

- બહેન આવી, ભાઇ આવ્યો.
- મારા પપ્પા, મારી મમ્મી.
- મને એક રમકડું આપો.
- મને બધાં રમકડાં આપો.
- મારી પાસે એક દડો છે.
- હું બીજા બે દડા ખરીદીશ .

  બાળક આ રીતે બોલે છે ત્યારે તેને વ્યાકરણના નિયમોનો ખ્યાલ હોતો નથી કે,

  બહેન આવી–નારી જાતિ છે અને ભાઇ આવ્યો નર જાતિ છે..

એક રમકડું – એક વચન છે અને બધાં રમકડાં– બહુ વચન છે.

‘ દડો છે ’ એ વર્તમાનકાળ દર્શાવે છે અને ‘દડા ખરીદીશ’ એ ભવિષ્યકાળ દર્શાવે છે.

બાળકને આ ખ્યાલ ઔપચારિક કઠિન લાગશે પણ વ્યવહારુ વાતચીત કરતાં સરળ રીતે સમજાઈ જશે. આમ બાળક વ્યવહારમાંથી જ વ્યાકરણશુદ્ધ ભાષા બોલતો થાય છે. ક્રમિક અને તર્કશુદ્ધ પ્રશ્નો દ્વારા બાળકોને ભાષાની વિશિષ્ટ વાક્ય રચનાઓનો પરિચય કરાવવાનો છે. નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને પ્રત્યયનો ઉપયોગ ભાષાના પાઠોમાં કે અન્ય જગ્યાએ કેવી રીતે થાય છે તે અનુભવથી જ સમજાતું જાય છે. તેથી વ્યાકરણ અને ભાષાના વિષયવસ્તુ એક બીજાથી જુદાં નથી પણ અન્યોન્યના સંબંધમાં એકરસ થઇ જોડાયેલાં છે. એ વાત શિક્ષકે પહેલાં સમજી લેવી જોઇએ.

ભાષાના શુદ્ધ વપરાશ માટે વ્યાકરણ એ ભાષા સાથે સંકળાયેલું જ રહે છે. એટલે બાળકોને વ્યાકરણની પરિભાષાથી પરિચિત કરાવ્યા વિના ઉદાહરણો દ્વારા જ પરોક્ષ રીતે વ્યાકરણ શીખવવાનું છે. શિક્ષક પાસે વ્યાકરણનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન હોવું જોઇએ. શિક્ષકે વ્યાવહારિક વ્યાકરણનો અભ્યાસ કરાવતી વખતે તેની મહત્ત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખી ભાષાના કથન–લેખનમાં વ્યાકરણ શુદ્ધિ ઉપર ભાર આપવાનો છે. કેટલાક ઉદાહરણોનો વિગતે અભ્યાસ કરીએ.

❖ **ઉદાહરણ પ્રમાણે લખો.**

**ઉદાહરણ : 1** બેસવું –બેસનાર

| | |
|---|---|
| લખવું – | વાંચવું – |
| દોડવું – | શોધવું – |

**ઉદાહરણ- : 2** ભાગ – ભાગ્યા

| | |
|---|---|
| આવ – | ભસ – |
| પડ – | જાગ – |

**ઉદાહરણ- : 3** સમજ - સમજદાર

| | |
|---|---|
| ખબર - | વજન - |
| પૈસા - | ધાર - |

**ઉદાહરણ- :** 4 ગાળવું - ગાળ્યો

| | |
|---|---|
| વાંચવું - | હસવું – |
| કાપવું - | લખવું - |

**ઉદાહરણ- : 5** વાંસળી - વાંસળીવાળો

| | |
|---|---|
| ટોપી – | હોડી – |
| શાક - | દૂધ - |

**ઉદાહરણ- : 6** ગાંધી - ગાંધીજી

મામા – શેઠ –

દાદા - ગુરુ -

**ઉદાહરણ-: 7** વાંચવું - વાંચીશ

દોડવું - આવવું –

રમવું - નાસવું -

**ઉદાહરણ- : 8** ભટ્ટડું – ભટૂડાં

ગાડું – બારણું -

ઝરણું – છાપરું –

**ઉદાહરણ-9**

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી વાક્ય બનાવો.

1. રોટલી _ _ _ _ _ _ _ _ વણતી હતી.(છગન , લતા, બાળક)
2. ઘાસ _ _ _ _ _ _ _ _ ખાતું હતું . (વાછરડું , ગાય , બળદ)
3. લંગડી _ _ _ _ _ _ _ _ રમતા હતા. (દીપક , મનીષા , છોકરા )
4. હસી તો _ _ _ _ _ _ _ _ હતી. ( અમીતા , સુરેશ , લોકો)

**ઉદાહરણ-10**

“સાચી હજ ” વાર્તામાં વ્યાકરણના લિંગ ,વચન , ક્રિયાપદ,સંજ્ઞા , સર્વનામ , અને વિશેષણ વગેરે મુદ્દા સમાયેલા છે. અહીં વ્યાકરણનો કોઇ ઉલ્લેખ કર્યા વિના માત્ર દૃષ્ટાંતોથી આમાંની કેટલીક વિગત શીખવાય તેને વ્યાવહારિક વ્યાકરણ કહે છે.

સંજ્ઞા - બગદાદ , અલીહુસેન ,

ક્રિયાપદ - સૂઈ જવું, કહેવું, હસવું, સાંભળવું, ઉજવવું

સર્વનામ - મારી, હું, તેમને

વચન - વર્ષ - વર્ષો , બાળક – બાળકો ,

વિશેષણ - ધાર્મિક , ગરીબ .

આમ, ઉપર આપવામાં આવેલાં ઉદાહરણોમાં વ્યાવહારિક વ્યાકરણ સમાયેલ છે, એ જ રીતે ધોરણ 1 થી 5 ના વિવિધ એકમોમાં પણ આ પ્રકારે વ્યાકરણ સમાયેલ છે, જેનો વધુ અભ્યાસ કરી શકાય.

❖ **વ્યાકરણ શિક્ષણને રસપ્રદ બનાવવાના ઉપાયો:**

વ્યાકરણને રસપ્રદ બનાવવા માટે નીચે જેવી બાબતો ધ્યાને રાખવી જોઇએ...

- પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને વ્યાકરણના વિવિધ મુદ્દાઓનો વ્યાવહારિક ઉપયોગ કરતાં શીખવવું જોઇએ.
- ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને ભાષાની શુદ્ધિ, સમૃદ્ધિને સમજવાની તકો પૂરી પાડવી જોઇએ. પ્રાથમિક કક્ષાએ અનૌપચારિક રીતે વ્યાકરણ શીખવાની શરૂઆત કરવી જોઇએ.
- વ્યાકરણના નિયમોને અક્ષરશ:ગોખવાને બદલે બાળકો પોતાની જાતે સિદ્ધાંતો રચે અને તેનો વિનિયોગ કરે તેવી પ્રયુક્તિ-પદ્ધતિઓ વિચારવી.
- વ્યાકરણ શિક્ષણ દરમિયાન ક્રિયા દ્વારા શિક્ષણ, શબ્દ રમતો દ્વારા શિક્ષણ, વાક્યપૂર્તિ, શબ્દ બનાવો, કોઠામાંથી શબ્દ શોધવાની રમત, ભૂલ સુધારવાની બાબતો, જોડકાં બનાવો, સમાનાર્થી- વિરોધી શબ્દો વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા શીખવવું જોઇએ.
- વ્યાકરણ શિક્ષણ દરમિયાન દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો. આ સાધનોમાં ચિત્રો**,** ફ્લેશકાર્ડ, નમૂનાઓ, બ્રેઇનો (.એમ.એલ.ટી), સ્ક્રોલ બોક્સ, પ્લેટબોર્ડનો ઉપયોગ કરીને વ્યાકરણ શિક્ષણને રસપ્રદ બનાવી શકાય.

**4.4 વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ:**

વ્યાકરણ શિક્ષણનો અભિગમ આજે બદલાયો છે અને વ્યાવહારિક વ્યાકરણ ઉપર ભાર મૂકાયો છે.ત્યારે તેના અધ્યાપન માટે ભાષાસંસર્ગ પદ્ધતિ વિશેષ ઉપયોગી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને આનંદદાયક અનુભવો પૂરા પાડવામાં અને ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવે તથા કેટલાંક વિશિષ્ટ સાધનો વાપરવામાં આવે તો વ્યાકરણ શિક્ષણ રસપ્રદ બની રહે છે.

વ્યાવહારિક વ્યાકરણને રસપ્રદ બનાવવા પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ અને સાધનો વિશેની સમજ મેળવીએ.

**(1) ભાષા સંસર્ગપદ્ધતિ**

**(2) અનુબંધ પદ્ધતિ**

**(3) આગમન પદ્ધતિ**

**(4) નિગમન પદ્ધતિ**

**(5) પ્રશ્નોત્તર પદ્ધતિ**

**(6) ચિઠ્ઠી દ્વારા શિક્ષણ**

**(7) પત્તાંની રમત દ્વારા**

આ પદ્ધતિઓનો વિગતે અભ્યાસ કરીએ…

**(1) ભાષા સંસર્ગ પદ્ધતિ:**

આ પદ્ધતિમાં વ્યાકરણને ફક્ત વ્યાકરણના વિષયાંગ તરીકે સ્વતંત્ર રીતે ન શીખવતાં પાઠ્યપુસ્તકમાં સંપાદિત કૃતિઓ અને રચનાઓના શિક્ષણ સાથે અનૌપચરિક રીતે શીખવવાનું ઉચિત ગણવામાં આવે છે. શિક્ષણના પ્રારંભિક સ્તરે ગદ્ય શિક્ષણ અને પદ્ય શિક્ષણ સાથે વ્યાકરણનું શિક્ષણ આપવાનું વધુ સગવડભર્યું અને પરિણામકારી બની રહે છે.વ્યાકરણ શિક્ષણનો હેતુ શુદ્ધ ભાષા સાથે છે,પરંતુ ભાષા વ્યાકરણ શિક્ષણ વિના પણ શીખી શકાય છે. મૌખિક વાતચીત, પ્રશ્નોત્તર કે લેખન કાર્ય દ્વારા એટલે ભાષાના વ્યવહાર દ્વારા જ ભાષા શીખી શકાય છે.

આ પદ્ધતિમાં વ્યાકરણના સિદ્ધાંતોને સ્થાન નથી એટલે પ્રારંભિક તબક્કે ઉપયોગી છેજો . એક સાથે બધાં ઉદાહરણો .કે વ્યાકરણના બધા જ મુદ્દા ભાષા સંસર્ગ પદ્ધતિ વડે શીખવી ન શકાય શિક્ષક પાસે વ્યાકરણનું .જે મોટી મર્યાદા રહે છે .મળતાં નથી અને તે ક્રમિક પણ હોતાં નથી ઊંડાણપૂર્વકનું જ્ઞાન હોય તો જ આ પદ્ધતિ સફળ થાય છે .

**(2) અનુબંધ પદ્ધતિ:**

આ પદ્ધતિ દ્વારા વ્યાકરણનું જ્ઞાન પાઠ્યપુસ્તકની કૃતિઓ સાથે અનુબંધ કરીને આપવાનું હોય છે. જે તે ધોરણના વ્યાકરણના પાઠ્યપુસ્તકમાં પણ તે જ ધોરણની ગદ્ય–પદ્ય કૃતિઓમાંથી ઉદાહરણ લઇને અનુબંધ કરવામાં આવેલો હોય છે. અહીં વ્યાકરણના સિદ્ધાંતો શીખવવાના છે. એટલે કે ઔપચારિક વ્યાકરણશિક્ષણ થાય છે. આ પદ્ધતિથી પુનરાવર્તન અને દૃઢીકરણ થાય છે અને શીખેલા જ્ઞાનનો ઉપયોગ કરવાની તક મળે છે. ઉચ્ચ ધોરણોમાં આ પદ્ધતિનો ઉપયોગ થઇ શકે છે. ભાષા શિક્ષણની સાથે વ્યાકરણનો અનુબંધ કરવામાં આવે છે.

**(3) આગમન પદ્ધતિ:**

જોયસેનના મત મુજબ…"આગમન પદ્ધતિ એટલે વિશેષ દૃષ્ટાંતો અને ઉદાહરણોની મદદથી સામાન્ય નિયમો પ્રાપ્ત કરવાની ક્રિયા".

આ પદ્ધતિ મુજબ શિક્ષક કોઇ નિયમને સમજાવવા માટે કેટલાંક ઉદાહરણો વર્ગ સમક્ષ રજૂ કરે છે. વિદ્યાર્થીઓ પોતાની સૂઝ અને સમજથી શિક્ષકની મદદ વડે ઉદાહરણોમાં રહેલું સામ્ય શોધે છે.જેની ચર્ચા વર્ગમાં થાય છે. જેને આધારે વિદ્યાર્થી નિયમ કે સિદ્ધાંત તારવે છે. વિદ્યાર્થી પોતાની ભાષામાં જ નિયમ રજૂ કરે છે. જેથી તેને ઝડપથી યાદ રહી જાય છે.

**(4) નિગમન પદ્ધતિ:**

આ પદ્ધતિમાં "સામાન્યથી વિશિષ્ટ" સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં શિક્ષકે વ્યાકરણનો જે નિયમ શીખવવાનો હોય તે નિયમને વ્યાકરણશાસ્ત્રીઓએ જે રીતે આપ્યો હોય છે તે રીતે અક્ષરશ:વર્ગ સમક્ષ રજૂ કરે છે. ત્યારબાદ તે નિયમની સ્પષ્ટતા માટે તે નિયમને સમર્થન કરતાં

કેટલાંક ઉદાહરણો વિદ્યાર્થીને આપવામાં આવે છે. જેને કારણે વિદ્યાર્થીઓ નિયમની યથાર્થતાની ચકાસણી કરે છે. જેમ કે શિક્ષકે વિશેષણનો મુદ્દો વર્ગ સમક્ષ શીખવવો છે તો શિક્ષક વર્ગમાં સૌ પ્રથમ વિશેષણની વ્યાખ્યા આપશે. ત્યારબાદ વિશેષણ સમાવિષ્ટ હોય તેવાં ચાર-પાંચ ઉદાહરણો વિદ્યાર્થીને આપશે.

આમ, નિગમન પદ્ધતિમાં સૌ પ્રથમ નિયમ આપવામાં આવે છે અને ત્યાર બાદ નિયમની સ્પષ્ટતા માટે ઉદાહરણો રજૂ કરવામાં આવે છે.

**(5) પ્રશ્નોત્તર દ્વારા શિક્ષણ:**

**પૂર્વ તૈયારી:** નિશ્ચિત કરેલ એકમ આધારિત પ્રશ્નો.

**રીત:** એક વિદ્યાર્થી પોતાની નોંધપોથીમાં લખેલ એકમ આધારિત પ્રશ્નોમાંથી એક પ્રશ્ન વર્ગમાં ઊભો થઇને કોઇ પણ વિદ્યાર્થીને પૂછશે અને તેનો સાચો ઉત્તર મેળવવાનો પ્રયત્ન કરશે. ખોટો ઉત્તર દેનાર વિદ્યાર્થી આગળ બેઠેલ હોય તો પાછળ જવું પડે અને સાચો ઉત્તર દેનાર વિદ્યાર્થીને બીજો પ્રશ્ન પૂછવાનો અધિકાર મળી જાય છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીએ પોતાનું સ્થાન ન છોડવું પડે તે માટે ખૂબ સજાગ રહેવું પડે છે. આ પદ્ધતિથી સમાનાર્થી શબ્દ, વિરોધી શબ્દ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગનો અર્થ વગેરે મુદ્દા રસપ્રદ રીતે શીખવી શકાય છે.

**(6) ચિઠ્ઠી દ્વારા શિક્ષણ:**

આ એક ગમ્મત સાથે જ્ઞાન આપતી નૂતન પદ્ધતિ છે.

**સાધનો:** વર્ગની સંખ્યાને આધારે ''2 ¢ ''3 ની કાગળની કાપલી અથવા કાર્ડ.

**રીત:** શિક્ષક વિષય પ્રવેશ અને હેતુ કથન કર્યા પછી વિષયાંગ દર્શાવશે. ધારો કે શિક્ષક રૂઢિપ્રયોગોનો એકમ આ પદ્ધતિથી શીખવવા માગે તો તે વર્ગખંડના બાળકોને બે જૂથોમાં વહેંચી દેશે. ત્યાર બાદ એક ભાગના વિદ્યાર્થીઓને રૂઢિપ્રયોગની કાપલીઓ વહેંચશે અને બીજા ભાગના વિદ્યાર્થીઓને રૂઢિપ્રયોગનો અર્થ લખેલ કાપલીઓ આપશે, ત્યાર બાદ પ્રથમ જૂથના એક વિદ્યાર્થીને પોતાના ભાગે આવેલ કાપલીમાં લખેલ રૂઢિપ્રયોગ વાંચવા માટે કહેશે. વિદ્યાર્થી વર્ગ સમક્ષ ઊભા થઇને કાપલીમાં લખેલ રૂઢિપ્રયોગ વાંચશે. શિક્ષક તે રૂઢિપ્રયોગને કાળા પાટિયામાં લખશે. ત્યાર પછી બીજા જૂથના વિદ્યાર્થીઓ પાસેથી કાળા પાટિયા પર લખેલ રૂઢિપ્રયોગનો અર્થ મેળવશે. અર્થ મેળવ્યા બાદ તેને કાળા પાટિયા પર શિક્ષક નોંધ કરીને તેનો વાક્યપ્રયોગ કરીને બતાવશે. રૂઢિપ્રયોગોના જુદા જુદા વાક્યપ્રયોગો બંને જૂથો પાસેથી વારા ફરતી મેળવી શકાય. આ પદ્ધતિથી શબ્દોના અર્થ, વિરોધી શબ્દો ઉપરાંત વ્યાકરણને લગતી વિવિધ વિગતોની માહિતી રમત દ્વારા શીખવી શકાય.

**(7) પત્તાંની રમત દ્વારા શિક્ષણ:**

**સાધનો:** ગંજીફાનાં જૂનાં પત્તાં, પત્તાં ચોંટાડવા માટે ફલેનલ બોર્ડ.

**રીત:** શિક્ષક ગંજીફાનાં પત્તાં પર એકમ આધારિત શબ્દો ચોંટાડશેએકમ શિક્ષણના અંતે . વિદ્યાર્થીઓને એક પતું ખેંચવા કહેશે. ખેંચેલા પત્તાંને આધારે વાક્યરચના કરાવશેશિક્ષક ગંજીફાનાં . વિભક્તિના પ્રત્યયો વગેરે ચોંટાડશે અને વિદ્યાર્થીઓને એક ,પાનાં પર ભાષાના વિશિષ્ટ પ્રયોગો એક પાનુંવહેંચશેપછી ફલેનલ. બોર્ડ પર ખાલી જગ્યાવાળાં વાક્યોની પટ્ટી રાખીને ખાલી જગ્યા પૂરવા સાચા ઉત્તરવાળું પાનું જે તે વિદ્યાર્થી પાસેથી મેળવશે.

આ ઉપરાંત વ્યાકરણ શિક્ષણને વર્ગખંડમાં બાળકો સમક્ષ વધુ રસપ્રદ બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ પણ કરી શકાય છેતેમ જ વિશિષ્ટ . સાધનો વાપરી શકાય છે ...જેમ કે .(1) બ્રેઇનો (2) સ્ક્રોલબોક્ષ (3) પ્લેટબોર્ડ વગેરે. શિક્ષણને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા આવા સાધનોના માધ્યમથી શીખવી શકાય છે.


(8) **વિશિષ્ટ સાધનોની મદદથી ચર્ચાપદ્ધતિ :**

(1) **સાધનો:** ચિત્ર, ફ્લેશકાર્ડ, નમૂનાઓ, બ્રેઇનો અને સ્ક્રોલ બોક્સ, પ્લેટબોર્ડ નામનાં સાધનો. શિક્ષક ચિત્ર, ફ્લેશકાર્ડ અમે નમૂનાઓની મદદ લઇને માતૃભાષાની મદદથી અન્ય ભાષાના પર્યાયવાચી શબ્દોનું શિક્ષણ આપશે. જેમકે, 'કાગડો', 'પતંગ' બતાવી હિન્દી તથા અંગ્રેજી ભાષામાં તેને માટે શબ્દો શીખવશે. ચિત્ર બતાવશે. આ શબ્દોનો આધાર લઈ શિક્ષક 'આ' અને 'પેલું' વચ્ચે ભેદ સ્પષ્ટ થશે.

**(2) બ્રેઇનો સાધન :**

બ્રેઇનો એક વિશિષ્ટ સાધન છે. તેમાં પ્રશ્ન અને ઉત્તર એક સાથે આપેલા છે. જ્યાં સુધી પ્રશ્નની સાથે સાચા ઉત્તરવાળા પ્લગમાં ઈલેક્ટ્રિક પિન રાખવામાં ન આવે ત્યાં સુધી મધ્યમાં રહેલ લાઇટ ચાલુ થશે નહિ. સાચો ઉત્તર દર્શાવતા પ્લગમાં પિન નાખતાં જ લાઇટ થશે..

વિષયવસ્તુ પિન નાખવાનું કાણું




**(3) સ્ક્રોલ બૉક્સ :**

સ્ક્રોલ બૉક્સની મદદથી ખાલી જગ્યાવાળાં વાક્યોમાં શબ્દ રાખવામાં આવે છે. સાચો શબ્દ આવતાં વિદ્યાર્થી સ્ક્રોલ બૉક્સની ચાવી ઘુમાવવાનું બંધ કરશે.


નામ, સર્વનામ અને વિશેષણનો સમન્વય આ સાધનથી ભણાવી શકાય છે.

નામ, સર્વનામ અને વિશેષણ સમન્વય




(4) **પ્લેટબોર્ડ :**પ્લેટબોર્ડની મદદથી પદપરિચય, પદના પ્રકાર, પશુપક્ષીઓની બોલી, નિવાસસ્થાન અને તેમના બચ્ચાંનાં નામ દર્શાવતા શબ્દો, શાકભાજીનાં નામ, ફળનાં નામ, વિરોધી શબ્દો, સમાનાર્થી શબ્દો વગેરે એકમો આ સાધન દ્વારા સરળતાથી શીખવી શકાય છે.

શિક્ષકે તૈયાર કરેલ પ્લેટો વર્ગ સમક્ષ મૂકશે. વિદ્યાર્થી પ્લેટોમાંથી યોગ્ય શબ્દ શોધીને પ્લેટબોર્ડ પર મૂકશે. આ રીતે વાક્યરચના અને શબ્દરચના અને શબ્દભેદ પણ સમજી શકશે.



**4.5 સારાંશ:**

ભાષા શિક્ષણમાં વ્યાકરણ અનિવાર્ય વિષયવસ્તુ છે. માતૃભાષાની શુદ્ઘ અભિવ્યક્તિનો આધાર વ્યાકરણ શિક્ષણ ઉપર રહેલો છે. તેથી ભાષાશુદ્ધિ માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે. ભાષા એક વ્યવસ્થા છે. આ વ્યવસ્થાને પોતાના નિયમો છે. આ નિયમોનો સંગ્રહ એટલે વ્યાકરણ. આમ,વ્યાકરણ એટલે ભાષાના વર્ણ, ધ્વનિ, રૂપ પદ શબ્દ અને વાક્ય આધારિત રચના–સંરચના અંગેની નિયમલક્ષી વિચારણા. વ્યાકરણ શિક્ષણને અસરકારક બનાવવા વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકે વર્ગખંડમાં વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો.

પ્રવર્તમાન અભ્યાસક્રમમાં વ્યાકરણની તાત્ત્વિક અને ઔપચારિક ચર્ચાને બદલે તેનો વ્યવહારમાં ઉપયોગ કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બાળકો સહજ રીતે વ્યાકરણનું જ્ઞાન મેળવે તે હેતુથી તેમને ભાષાકીય કૌશલ્યની ખિલવણી સાથે જોડવાનું છે. એટલે કે શિક્ષક પાસે વ્યાકરણના મુદ્દાઓનું જ્ઞાન હોવું જ જોઇએ. પરંતુ વિદ્યાર્થીઓને બિનજરૂરી ઊંડાણમાં ન લઈ જતા વ્યાખ્યાઓ કે નિયમો જણાવ્યા વિના સંખ્યાબંધ ઉદાહરણો દ્વારા તેમને સ્વયં ભાષાની વ્યવસ્થા સમજાય એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે. વચન, લિંગ, વિરામચિહ્નો, વિશેષણ ઉપરાંત જાતજાતના શબ્દપ્રયોગો અને ભાષા પ્રયોગોની વિગતો કૃતિમાંથી શોધી અધ્યાપન સાથે સહજ રીતે સાંકળવાની છે.

આમ, અસરકારક અર્થગ્રહણ અને અભિવ્યકિત માટે વ્યાકરણ શિક્ષણ આવશ્યક છે. વ્યાકરણ એક અર્થમાં ભાષા અંગેની શિસ્તનું શાસ્ત્ર છે. વ્યાકરણ એ શાસ્ત્ર છે જે ભાષાને શુદ્ધ રીતે બોલવાનું અને સમજવાનું શીખવે છે.

**4.6સમજ ચકાસતા પ્રશ્નો :**

(1) વ્યાકરણ એટલે શું ? વ્યાવહારિક વ્યાકરણની સંકલ્પના સમજાવો.

(2) વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ જણાવી કોઇ પણ બે પદ્ધતિ વિશે લખો.

(3) આગમન પદ્ધતિ અને નિગમન પદ્ધતિ વિશે ચર્ચા કરો.

(4) ભાષા સંસર્ગ પદ્ધતિ અને અનુબંધ પદ્ધતિ દ્વારા વ્યાકરણ શિક્ષણ કેવી રીતે રસપ્રદ બનાવશો?

### 4.7 સ્વાધ્યાય:

**1. નીચે આપેલ પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો .**

(1) ભાષા અંગેના શિક્ષણનું શાસ્ત્ર એટલે ………………

(A) વ્યાકરણ (B) પદ્ય

(C) ગદ્ય (D) નિબંધ

(2) ભાષાને શુદ્ધ રાખવાનું કાર્ય …………………..કરે છે.

(A) ગદ્યાંશ (B) પદ્યાંશ

(C) વિવેચન (D) વ્યાકરણ

(3) ભાષાના વ્યવહાર દ્વારા શીખવાતી વ્યાકરણની પદ્ધતિ એટલે……….

(A) ભાષા સંસર્ગ પદ્ધતિ. (B) અનુબંધ પદ્ધતિ.

(C) આગમન પદ્ધતિ. (D) નિગમન પદ્ધતિ.

(4) ઉદાહરણની મદદથી સામાન્ય નિયમો પ્રાપ્ત કરવાની ક્રિયા એટલે………

(A) આગમન પદ્ધતિ. (B) નિગમન પદ્ધતિ.

(C) અનુબંધ પદ્ધતિ. (D) વ્યાકરણ પદ્ધતિ

(5) વ્યાકરણ શિક્ષણને ગમ્મત સાથે સમજાવવાની રીત એટલે……………. .

(A) નિગમન પદ્ધતિ. (B) અનુબંધ પદ્ધતિ.

(C) ચિઠ્ઠી દ્વારા શિક્ષણ. (D) આગમન પદ્ધતિ.

**2. નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો .**

1. વ્યાકરણ શિક્ષણને રસપ્રદ બનાવવાના ઉપાયો જણાવો.
2. પ્રશ્નોત્તર દ્વારા અને ચિઠ્ઠી દ્વારા તમે વ્યાકરણ શિક્ષણ કેવી રીતે શીખવશો?
3. વ્યાકરણ શિક્ષણમાં વ્યાવહારિક વ્યાકરણની ઉપયોગિતા.

### 4.8 સંદર્ભ સૂચિ :


1. ગુજરાતી વ્યાકરણ વિચાર : પટેલ મોતીભાઇ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
2. પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ : ગિજુભાઇ બધેકા(1949), એ.આર.શેઠની કંપની, અમદાવાદ.
3. ગુજરાતી ભાષા શિક્ષણ : ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ,ગાંધીનગર.
4. જોડણી માટે ખિસ્સા કોશ : ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.
5. અધ્યયન–અધ્યાપન માતૃભાષા ગુજરાતી, પ્રથમવર્ષ : જોશી ગજેન્દ્રકુમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, લીંબડી.

6.દિવાસ્વપ્ન (શિક્ષણ પ્રયોગની વાર્તા) : ગિજુભાઇ બધેકા,નૂતન બાલ શિક્ષણ સંઘ,ભાવનગર શાખા.
7. ગુજરાતી પાઠ્યપુસ્તક (ધો– 1 થી 5) : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
8. ગુજરાતી ભાષાનું વ્યાકરણ (પ્રથમ આવૃત્તિ) : વ્યાસ યોગેન્દ્ર, ગુજરાત યુનિવર્સિટી,
9. ગુજરાતીનું શિક્ષણ : ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.
10. ધોરણ 1 થી 5 ગુજરાતી (શિક્ષક આવૃત્તિ) : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,ગાંધીનગર.

**4.9પ્રાયોગિક કાર્ય :**

- અધ્યાપક દ્વારા અપાયેલ શબ્દોને શબ્દકોશમાંથી શોધીને ક્રમમાં ગોઠવો.
- ‘દિવાસ્વપ્ન’ માં આપેલ ગિજુભાઇ બધેકાના વ્યાકરણ શિક્ષણના પ્રસંગો મુજબ શિક્ષણકાર્ય કરો.
- ગિજુભાઇ બધેકાનું ‘પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ’ પુસ્તક મેળવીને વાંચો.

# એકમ–5 ગુજરાતી વિષયવસ્તુ ધોરણ – 1 થી 5

5.1 પ્રસ્તાવના

5.2 ઉદ્દેશ

5.3 ગુજરાતી પાઠ્યપુસ્તક ધોરણ) શિક્ષક આવૃત્તિ/1 થી 5) વિશેનો અભ્યાસ

5.3.1 શિક્ષક આવૃત્તિનો અભ્યાસ

5.3.2 પાઠ્યપુસ્તકનો અભ્યાસ

5.3.3 ભાષા શિક્ષણના ક્ષેત્રો અને હેતુઓ

5.3.4 સમય આયોજન

5.3.5 એકમ અધ્યાપનનાં સોપાનો

5.4 ગદ્યપદ્ય કૃતિઓનો સંપૂર્ણ અભ્યાસ –

5.4.1 શબ્દ સમજૂતી અને રૂઢિપ્રયોગોનો અભ્યાસ

5.4.2 સ્વાધ્યાયનો અભ્યાસ

5.4.3 ભાષા સજ્જતાનો અભ્યાસ

5.4.4 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

5.5 સારાંશ

5.6 સમજ ચકાસતા પ્રશ્નો

5.7 સ્વાધ્યાય

5.8 સંદર્ભ સૂચિ

5.9 પ્રાયોગિક કાર્ય

## 5.1 પ્રસ્તાવના:

ગુજરાતી ભાષાનાં ધોરણ 1 થી 5નાં પાઠ્યપુસ્તકો અને શિક્ષક આવૃત્તિમાં આપેલા લેખિત અને પ્રાયોગિક કાર્યનો અભ્યાસ કરવો જરૂરી છે. પાઠ્યપુસ્તકો અને શિક્ષક આવૃત્તિમાં સમાવિષ્ટ કૌશલ્યો, હેતુઓ, મૂલ્યો, ગદ્ય–પદ્ય કૃતિઓ, વ્યાકરણના મુદ્દાઓ જેવા વિવિધ સોપાનોનો ઊંડાણ પૂર્વકનો અભ્યાસ પ્રશિક્ષણાર્થીઓ માટે અનિવાર્ય બને છે.

## 5.2 ઉદ્દેશ:

પ્રશિક્ષણાર્થીઓ માટે આ મુદ્દાઓના અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

- ધોરણ 1 થી 5ની શિક્ષક આવૃત્તિનો અભ્યાસ કરે.
- ભાષાશિક્ષણના હેતુઓને સમજે.
- પાઠ્યપુસ્તકની કૃતિઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરે.
- ભાષાસજ્જતાના મુદ્દાઓ સમજે.
- ધોરણ 1 થી 5ના ગુજરાતી પાઠ્યપુસ્તક એકમ સંદર્ભિત પ્રાયોગિક કાર્ય રસપૂર્વક કરે.

## 5.3 ગુજરાતી પાઠ્યપુસ્તક ધોરણ) શિક્ષક આવૃત્તિ/1 થી 5) વિશેનો અભ્યાસ:

### 5.3.1 શિક્ષક આવૃત્તિનો અભ્યાસ:

ધોરણ 1 થી 5ની શિક્ષક આવૃત્તિનો અભ્યાસ તેમાં આવતાં હેતુઓ, શૈક્ષણિક મુદ્દાઓ તથા ERAC આધારિત ઇતર પ્રવૃત્તિઓ વગેરેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ જરૂરી છે. શિક્ષક આવૃત્તિ એ શિક્ષકો, વાલીઓ અને શીખવા માંગતા તમામ જિજ્ઞાસુ માટે અગત્યનો દસ્તાવેજ છે તે ભૂલવું ન જોઇએ.

શિક્ષક આવૃત્તિમાં (1) પાઠ્યપુસ્તક વિશે (2) શિક્ષક આવૃત્તિ શા માટે ? (3) હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ (4) સમય આયોજન (5) એકમ અધ્યાપનના ક્રમિક સોપાનો વગેરે જેવી માહિતી આપવામાં આવી છે. પ્રશિક્ષણાર્થીએ તેનો વિગતે અભ્યાસ કરી અધ્યાપનકાર્યમાં વિનિયોગ કરવો.

### 5.3.2 પાઠ્યપુસ્તકનો અભ્યાસ:

- ધોરણ 1 થી 5માં પાઠ્યપુસ્તકમાં આપેલાં પાયાનાં કૌશલ્યો અને મૂલ્ય આધારિત વિષયવસ્તુની સામગ્રીનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.
- ભાષાશિક્ષણના હેતુઓનો થતો ક્રમિક વિકાસ ધ્યાનમાં રાખી ભાષા સજ્જતાનો વિષદ અભ્યાસ કરવો.

- પાઠ્યપુસ્તકમાં આપેલ ગુણવત્તાયુક્ત ગદ્યપદ્ય કૃતિઓમાં જોવા મળતાં નાગરિક ઘડતરનાં – .માનવીય મૂલ્યોને તારવવાં જોઇએ
- ઇતર પ્રવૃત્તિઓ દ્વારા અધ્યયન અનુભવો મેળવવા જોઇએ.
- .શીર્ષક તળે આપેલી સામગ્રીનો અભ્યાસ કરવો ’આ પાઠ્યપુસ્તક વિશે ‘
- દરેક એકમના અધ્યાપન માટે શિક્ષક આવૃત્તિમાં આપેલ માર્ગદર્શનનો અભ્યાસ કરવો.

### 5.3.3 ભાષા શિક્ષણનાં ક્ષેત્રો અને હેતુઓ:

અર્થગ્રહણ, અભિવ્યક્તિ–પ્રત્યાયન, સર્જનાત્મક્તા, વ્યાવહારિક ઉપયોજન અને તાર્કિક ચિંતન વગેરેનો ભાષાનાં ક્ષેત્રોમાં નિર્દેશ કરેલો છે. પ્રશિક્ષણાર્થીઓ માટે ક્ષેત્રોનો અભ્યાસ કરવો અનિવાર્ય છે. ક્ષેત્રોમાં આપવામાં આવેલ હેતુઓનો અભ્યાસ જરૂરી છે.

ધો–1 થી 5ની શિક્ષક આવૃત્તિમાં મુખ્ય પાંચ હેતુઓ અને જે તે ધોરણના વિશિષ્ટ હેતુઓની યાદી આપવામાં આવી છે. આ ઉપરાંત અધ્યયન ઉપલબ્ધિઓની પુસ્તિકા દરેક શાળામાં અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં તથા જી.સી.ઇ.આર.ટી.ના બ્લોગ પર પ્રાપ્ય છે. પ્રશિક્ષણાર્થીએ તેની જાણકારી મેળવવી.

### 5.3.4 સમય :આયોજન –

ધોરણ 1 થી 5ની શિક્ષક આવૃત્તિમાં પાઠ્યપુસ્તક, પુસ્તકાલય, સ્થાનિક સામગ્રી અને પુનરાવર્તન શીર્ષક તળે વાર્ષિક કામના કુલ કલાકની ફાળવણી આપવામાં આવી છે. તથા પાઠ્યપુસ્તક માટે જે સમય મળે છે. તેનું ઉદ્ધેશ્ય પ્રમાણે સમય વિભાજન પણ આપવામાં આવેલ છે. પ્રશિક્ષણાર્થીએ આ સમય આયોજનનો અભ્યાસ કરી તેના ઉપયોગનું કૌશલ્ય કેળવવું.

### 5.3.5 એકમ અધ્યાપનનાં સોપનો:

ધોરણ 1 થી 5ની ગુજરાતીની શિક્ષક આવૃત્તિમાંજે તે એકમના અધ્યાપન માટેના સોપાનો તથા અધ્યાપનકાર્ય માટે માર્ગદર્શક નોંધ આપવામાં આવી છે. પ્રશિક્ષણાર્થીએ આ સોપાનો સમજવા તથા શિક્ષણ પ્રાયોગિક કાર્યમાં તેનો ઉપયોગ કરવો.

ઉદહરણ તરીકે ધો– 4માં ‘સાચી સહજ’ એકમના સોપાનો આ પ્રમાણે છે.

(1) હેતુઓ
(2) વિશિષ્ટ હેતુઓ
(3) આપણું લક્ષ્ય
(4) શિક્ષક નિર્દેશ

(4.1) પૂર્વ જ્ઞાનની ચકાસણી

(4.2) વાર્તા કથન

(4.3) આદર્શ વાચન

(4.4) વિદ્યાર્થીઓનું વાચન

(4.5) પ્રશ્નોત્તરી

(4.6) મુલાકાત સંવાદ/

(4.7) અનુભવ વર્ણન

(4.8) શ્રુતલેખન

(4.9) સ્વતંત્રલેખન

(5) એકમપ્રવેશ

(6) શબ્દ સમજૂતી

(7) રૂઢિપ્રયોગ

(8) શિક્ષક નોંધ

(9) સ્વાધ્યાય

(10) સંદર્ભ સાહિત્ય સ્થાનિક સંસાધન/

(11) મૂલ્યશિક્ષણ

(12) પ્રવૃત્તિ પ્રોજેક્ટ/

## 5.4 ગદ્ય– પદ્ય કૃતિઓનો સંપૂર્ણ અભ્યાસ:

ધોરણ 1 થી 5 ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં N.C.F.-2005 દ્વારા સૂચિત માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી વિષવસ્તુની સામગ્રી પસંદ કરવામાં આવી છે. RTE-2009માં નિર્દેશિત ગુણવત્તાયુક્ત શિક્ષણને ધ્યાનમાં રાખી ગુજરાતી સાહિત્યની નીવડેલી કૃતિઓને સ્થાન આપવામાં આવ્યું છે. ભાષાશિક્ષણને વધુ અસરકારક, અર્થપૂર્ણ અને રસપ્રદ બનાવવા કવિતા, વાર્તા, નિબંધ, નાટક, સંવાદ, જીવનપ્રસંગ, ચિત્રવર્ણન વગેરે સાહિત્ય સ્વરૂપોની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત ભાષા કૌશલ્યના વિકાસની સાથે સાથે ભાવિ નાગરિકના ઘડતર માટે માનવીય મૂલ્યોનો વિકાસ થાય એ બાબતને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. પ્રશિક્ષણાર્થીએ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈ ધો 1 થી 5ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલી ગદ્ય–પદ્ય કૃત્તિઓની વિષયવસ્તુને આત્મસાત કરવી .

પ્રશિક્ષણાર્થીઓએ ધોરણ 1 થી 5 ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ કૃતિઓનો તથા તેના લેખકોનો અભ્યાસ કરવો. કૃતિમાં નિર્દિષ્ટ મૂલ્યોની તારવણી કરવી વિવેચનાત્મક ચિંતન કરી દરેક કૃતિની વિષયવસ્તુને આત્મસાત કરવી.

### 5.4.1 શબ્દ સમજૂતી અને રૂઢિપ્રયોગોનો અભ્યાસ:

પાઠ્યપુસ્તકમાં દરેક કૃત્તિના અંતે શબ્દ સમજૂતી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કૃતિમાં વપરાયેલ રૂઢિપ્રયોગ અને કહેવતના અર્થ પણ આપવામાં આવેલા છે. એકમની સમજૂતી માટે અને ભાષા સજ્જતા માટે પ્રશિક્ષણાર્થીએ તેનો અભ્યાસ કરવો.

### 5.4.2 સ્વાધ્યાયનો અભ્યાસ:

દરેક એકમ પૂરો થયા બાદ વિદ્યાર્થીએ મેળવેલ શિક્ષણ ચકાસવા માટે દ્રઢિકરણ માટે સ્વાધ્યાય આપવામાં આવેલ છે. તથા દરેક એકમ પછી પુનરાવર્તન મુકવામાં આવેલ છે.

સ્વાધ્યાયમાં પ્રશ્નોના જવાબ આપો, કાવ્યપંક્તિ પૂર્ણ કરો, કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દોના જોડકા બનાવો, સમાનાર્થી શબ્દો લખો, રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો, કારણ લખો, વાક્ય કોણ બોલે છે અને કોને કહે છે, શબ્દનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો, ફકરાનું સુલેખન કરો, આપેલ વિષય પર સાત–આઠ વાક્યો લખો, શબ્દસમૂહ માટે એક શબ્દ આપો, નમૂના મુજબ શબ્દજોડ બનાવો, આપેલ ઘટનાના સંદર્ભમાં તમે શું કરો, ચિત્ર જોઇને વાર્તા લખો, તમારા વિસ્તારનું લોકગીત લખો, આપેલ શબ્દ પરથી બીજા શબ્દો બનાવો, શબ્દ કોઠો પૂરો કરો, શબ્દોને શબ્દના ક્રમમાં ગોઠવો, આપેલ ફકરાનું સુલેખન કરો, એકમમાંથી શોધીને દીર્ઘ 'ઇ' આવતા દશ શબ્દો લખો, વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો, ફકરો ધ્યાનથી વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો લખો, યોગ્ય પ્રત્યય પસંદ કરીને ખાલી જગ્યા પૂરો, શબ્દોની જોડણી સુધારો, શબ્દને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્ય લખો. જેવા અનેકવિધ પ્રશ્નોનો સ્વાધ્યાયમાં સમાવેશ કરવામાં આવેલ છે. પ્રશિક્ષણાર્થીએ આ તમામ સ્વાધ્યાના પ્રશ્નોના જવાબ મેળવવા.

### 5.4.3 ભાષા સજ્જતાનો અભ્યાસ:

પાઠ્યપુસ્તકમાં ભાષાસજ્જતા શીર્ષક હેઠળ વ્યાકરણવિષયક વિગતો આપવામાં આવી છે. પ્રશિક્ષણાર્થીએ તેનો અભ્યાસ કરવો.

### 5.4.4 શૈક્ષણિક પ્રવૃત્તિઓ:

ભાષાની અધ્યયન ઉપલબ્ધિઓના વિકાસ માટે પાઠ્યપુસ્તકના અંતે વિદ્યાર્થીઓની ચિંતનશક્તિ તથા સર્જનાત્મકતાનો વિકાસ કરે તેવી ,કલ્પનાશક્તિ ,ERACના રૂપમાં પ્રવૃત્તિઓ મુકવામાં આવી છે જેમાં .ERACનો અર્થ આ મુજબ છે .

**E – Experience (પડકારયુક્ત અનુભવ)**

**R – Reflection (ચિંતન)**

**A – Application (ઉપયોજન)**

**C – Consolidation (નિષ્કર્ષ ,સમજ ,સંકલન )**

આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના અધ્યાપન અનુભવોને ચિરસ્થાયી બનાવવા માટે છે. જે પ્રશિક્ષણાર્થીએ આ પ્રવૃત્તિઓ કરવાની છે. જરૂર પડે તો અધ્યાપકોએ જ માર્ગદર્શન મેળવવું તથા સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરવો.

### 5.5 સારાંશ:

પ્રશિક્ષણાર્થીઓ ધોરણ 1 થી 5 ના માતૃભાષાના અધ્યાપન માટે સજ્જ બને તે માટે પદ્ધતિશાસ્ત્રની જાણકારી જરૂરી છે પણ તેના કરતાંય વિશેષ વિષયવસ્તુની પારંગતતા આવશ્યક છે. ધોરણ 1 થી 5ની ગુજરાતીની શિક્ષક આવૃત્તિઓમાં આ સંબંધી માર્ગદર્શન અપાયું છે. પ્રશિક્ષણાર્થીએ શિક્ષક આવૃત્તિઓ અને પાઠ્યપુસ્તકોનો તલસ્પર્શી અભ્યાસ કરવાનો છે. પાઠ્યપુસ્તકોના એકમ તો માધ્યમ છે પણ તેના દ્વારા ભાષાના હેતુઓની સિદ્ધિ માટે અધ્યાપનની પદ્ધતિઓના ઉપયોગનું કૌશલ્ય કેળવી લેવું.

### 5.6 સમજ ચકાસતા પ્રશ્નો :

1. E.R.A.C ની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. શિક્ષક આવૃત્તિનું મહત્ત્વ સમજાવો.
3. ધોરણ 4 માં 1.2, 2.9, 3.5, 4.6, 5.2, હેતુઓનાં વિધાનો લખો.
4. ધોરણ 3 માં ક્ષેત્રવાર સમય વિભાજન દર્શાવો.
5. ધોરણ 5 માં વાર્ષિક કામના કલાકોનું વિભાજન વર્ગીકૃત કરો. 6. ધોરણ 3 માં 'ઠાગા ઠૈયા કરું છું' એકમના અધ્યાપનનાં સોપાનો શિક્ષક આવૃત્તિ આધારે લખો.
7. ધોરણ 5 માં 'ભાષા સજ્જતા' શીર્ષક હેઠળ કઈ કઈ વિગતો આપવામાં આવી છે?

## 5.7 સ્વાધ્યાય:

### (અ) માગ્યા મુજબ કરો.

ધોરણ 1 થી 5 માં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોના દરેક એકમમાંથી

(1) રૂઢિપ્રયોગો શોધી તેના અર્થ આપો અને વાક્ય પ્રયોગો કરો.

(2) જે તે એકમમાં પ્રયોજાયેલ કહેવતો મેળવી અંક તૈયાર કરો.

(3) કઠીન જોડણી વાળા શબ્દોની યાદી તૈયાર કરો.

(4) સમાન ઉચ્ચારવાળા છતાં અર્થભેદવાળા શબ્દો શોધી યાદી તૈયાર કરો.

(5) શબ્દોનાં એક વચન અને બહુવચન રૂપોની યાદી તૈયાર કરો.

(6) શબ્દસમૂહ માટે એક શબ્દ શોધીને યાદી તૈયાર કરો.

(7) શબ્દોના અર્થ અને વિરુદ્ધાર્થી શબ્દોની યાદી તૈયાર કરો.

### (બ)માગ્યા મુજબ કરો.

(1) ધોરણ 4 ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વિષયની ક્રિયાત્મક કસોટી તૈયાર કરો

(2) ધોરણ 1 અને 2 માટે 25 ગુણની મૌખિક કસોટી તૈયાર કરો.

(3) ધોરણ 3 ના પ્રથમ સત્રની 40 ગુણની લેખિત કસોટી તૈયાર કરો.

(4) પાઠ્યપુસ્તકમાં વપરાયેલા 25 અંગ્રેજી લોનવર્ડઝની શબ્દોની યાદી તૈયાર કરો.

(5) વોલ્ટર જેવા અપંગ છતાં હાર ન સ્વીકારનાર અને જીવનમાં સફળ થનાર વ્યક્તિઓની યાદી બનાવી દરેકના જીવનની એક એક ઘટના મેળવો.

(6) પાઠ્યપુસ્તકોમાંથી લોકગીતો તથા તેને અનુરૂપ અન્ય લોકગીત શોધી અંક તૈયાર કરો.

(7) અંત્યાનુપ્રાસ અને પ્રાસાનુપ્રાસ વાળી કાવ્ય પંક્તિઓ શોધી તેની યાદી તૈયાર કરો.

(8) પાઠ્યપુસ્તકની કૃતિઓમાંથી નિષ્પન થતાં મૂલ્યોની કૃતિ સહિત યાદી તૈયાર કરો.

(9) કોઇ પણ ત્રણ કૃતિઓનું નાટ્યરૂપાંતર કરો.

(10) કોઇ પણ બે કાવ્ય કૃતિને તુલના પદ્ધતિથી શીખવવાની નોંધ તૈયાર કરો.

(11) વિચાર વિસ્તાર કંડિકાઓ, સુભાષિતોની યાદી તૈયાર કરો.

## 5.8 સંદર્ભ સૂચિ:

1. ધોરણ 1 થી 5ની ગુજરાતી શિક્ષક આવૃત્તિ ગુજરાત : રાજય શાળા પાઠયપસ્તુક મંડળ, ગાંધીનગર.

2. ધોરણ 1 થી 5ના ગુજરાતી પાઠ્યપુસ્તકો ગુજરાત : રાજય શાળા પાઠયપસ્તુક મંડળ, ગાંધીનગર.

**5.9 પ્રાયોગિક કાર્ય :**

(1) સમાચાર પત્ર કે સામયિકમાંથી ચિત્રવાર્તાઓ મેળવી અંક બનાવો.

(2) અભિનય થઇ શકે તેવાં બાળગીતોનો સંગ્રહ તૈયાર કરો.

(3) વિવિધ પ્રકારનાં જોડકણાં મેળવી અંક તૈયાર કરો.

(4) વર્તમાન પત્રોમાં આવતી વાર્તાઓ શોધી વાર્તા અંક તૈયાર કરો.

(5) ઉખાણાં મેળવી તેના અંક તૈયાર કરો.

(6) બાળભોગ્ય રમૂજી ટુચકાનો અંક તૈયાર કરો.

(7) શિલ્પ–સ્થાપત્ય વિશે માહિતી મેળવી નજીકના મ્યુઝિયમની મુલાકાત ગોઠવો.

(8) જૂનાં લખાયેલાં શુભેચ્છા પત્રો, દિવાળી કાર્ડ, ક્રિસમસ કાર્ડ, ઇદ કાર્ડ, અને કંકોત્રી વગેરે ભેગાં કરી તેમાંથી નવાં કાર્ડસ તૈયાર કરો.

(9) અકબર બીરબલ, તેનાલી રામન, મિયાંફૂસકી અને જીવરામ ભટ્ટની ચતુરાઇ કથાઓ મેળવીને વાંચો .

10. ઈન્ટરનેટનો ઉપયોગ કરી કાવ્ય, ગઝલ અને સાહિત્યિક બાબતો મેળવો અને માણો .

**નોધ – :**પરીક્ષા માટે ધોરણ 3,4,5 ના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં આપેલી નીચેની કૃતિઓમાંથી વિષય વસ્તુના પ્રશ્નો પૂછાશે .

| **ધોરણ** | **પદ્ય** | **ગદ્ય** |
|---|---|---|
| ધોરણ 3 | નમીએ તુજને | સાચું તીર્થ |
| | ફાગણિયો લહેરાયો | કંઈ એકલા ખવાય ? |
| ધોરણ 4 | રાતાં ફૂલ | કલાકારની ભૂલ |
| | હું તો પૂછું | ઊંટ અને ફકીર |
| ધોરણ 5 | સુંદર સુંદર | મહેનતનો રોટલો |
| | અક્લક દક્લક | નર્મદા મૈયા |
| | હિંડોળો | કદર |

જયારે ભાષાકીય શિક્ષણ– વ્યાકરણ શિક્ષણ અને ભાષા સજ્જતાના મુદ્દાઓમાંથી એટલે કે જોડણી, સમાનાર્થી શબ્દ, વિરુદ્ધાર્થી શબ્દ, રૂઢિપ્રયોગ, શબ્દ સમૂહ માટે એક શબ્દ..... જેવા તમામ મુદ્દા ધોરણ 1 થી 5 ના પાઠ્યપુસ્તકોમા આપેલી કોઈ પણ કૃતિમાંથી પૂછી શકાશે. આ સંબંધિત આપેલ તમામ સામગ્રી તૈયાર કરવી.

# અનુપૂર્તી

**મોડયુલમાં નીચે પ્રમાણેના શબ્દોના સુધારાને ધ્યાને લેવા.**

| ક્રમ | મોડયુલમાં આપવામાં આવેલ શબ્દ | શબ્દની સાચી જોડણી |
|---|---|---|
| ૧ | દ્રશ્યમાન | દૃશ્યમાન |
| ૨ | મહત્વ | મહત્ત્વ |
| ૩ | મહત્વાકાંક્ષી | મહત્ત્વાકાંક્ષી |
| ૪ | વિશ્લેષણ | વિશ્લેષણ |
| ૫ | તત્વ | તત્ત્વ |
| ૬ | દ્રષ્ટિ | દૃષ્ટિ |
| ૭ | સુદ્રઢ | સુદૃઢ |
| ૮ | દ્રશ્ય | દૃશ્ય |
| ૯ | દ્રુષ્ટાં | દૃષ્ટાંત |
| ૧૦ | દ્રુઢીકરણ | દૃઢીકરણ |

# પ્રથમ વર્ષ
# કોર્સ – ૫ (અ) ગુજરાતી (ધોરણઃ ૧ થી ૫)

**વિચાર પ્રેરક પ્રશ્નો:–**

1. એક શિક્ષક તરીકે માતૃભાષા વધુ સમર્થ બને તે માટે તમે શું કરશો ?
2. તમારી દ્રિષ્ટએ માતૃભાષાના વાચનમાં વાચનની ઝડપ અગત્યની છે કે અર્થગ્રહણ ? એ અંગે તમારા વિચારો સ્પષ્ટ કરો.
3. તમારી વિદ્યાર્થી અવસ્થા દરમિયાન શાળામાં કોઇ વાત રજૂ કરવા માટે તમે સંકોચ અનુભવતા હતા. આ સંકોચ કઇ રીતે દૂર થયો ? તેની વિગતો લખો.
4. માતૃભાષામાં સર્જનશક્તિ ખીલે તે માટે તમે શું કરશો ?
5. નાટ્યીકરણ પદ્ધતિની મર્યાદાઓ દૂર કરવા તમે શું કરશો ?
6. કોરોનાની મહામારીમાંથી ઊગરવા તમારા સંબંધીઓને તમે શું સલાહ આપશો ?
7. ડી.એલ.એડ્. દ્વિતીય વર્ષના દીક્ષાંત સમારોહનો અહેવાલ તૈયાર કરો.
8. રણછોડપુરા પ્રાથમિક શાળાના બાળકો સંદર્ભ ગ્રંથોનો વધુ ઉપયોગ કરે તે માટે તમે કેવી કેવી તરકીબો અજમાવશો ?
9. વિદ્યાર્થીઓના લખાણમાં પ્રાદેશિક ભાષાનો વધુ પડતો ઉપયોગ જોવા મળે તો ભાષા શિક્ષક તરીકે તમે શું આયોજન કરશો.?
10. અસરકારક વ્યાકરણ શિક્ષણ માટે કોઈ એક રમત સૂચવી તેનો ઉપયોગ કઈ રીતે થાય તેનું વર્ણન કરો ?

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઇ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.